
Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ણમોકાર મહામંત્ર

પં રતનચંદ ભારિલ્લ




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ણમોકાર મહામંત્ર

લેખક :

**પંડિત રતનચન્દ ભારિલ્લ**

શાસ્ત્રી, ન્યાયતીર્થ, સાહિત્યરત્ન, એમ.એ, બી. એડ.

પ્રધાન અધ્યાપક

શ્રી ટોડરમલ દિ. જૈન સિ. મહાવિદ્યાલય, જયપુર

ગુજરાતી અનુવાદ :

**મેહુલ હસમુખરાય મહેતા, કલકત્તા.**

શ્રી ટોડરમલ દિ. જૈન સિ. મહાવિદ્યાલય, જયપુર

શાસ્ત્રી, પ્રથમ વર્ષ

પ્રકાશક :

**પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ**

એ–૪, બાપુનગર, જયપુર–૩૦૨૦૧૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


- ગુજરાતી
  પ્રથમ બે સંસ્કરણ
  ૮ હજાર ૯૦૦
- તૃતીય સંસ્કરણ
  ૪ અગસ્ત ૨૦૦૨
  ૩ હજાર
- યોગ : ૧૧ હજાર ૨૦૦
- હિન્દી :
  પ્રથમ દસ સંસ્કરણ
  (૧ નવેમ્બર ૧૯૮૭ થીઅધતન)
  ૫૦ હજાર
- મરાઠી :
  પ્રથમ બે સંસ્કરણ
  ૭ હજાર ૨૦૦
- કન્નડ :
  પ્રથમ સંસ્કરણ
  ૨ હજાર ૧૦૦
- મહા યોગ ૭૦ હજાર ૫૦૦

મૂલ્ય : છઃ રૂપિયા

મુદ્રક :
પ્રિન્ટ 'ઓ' લેન્ડ
બાવિસ ગોદામ,
જયપુર


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Hitendra H. Dedhia, Mumbai and other anonymous AtmaArthis who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Namokaar Maha mantra (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 9 December 2009 | First electronic version |

# અનુક્રમણિકા


| સં | શું / ક્યાં | પાના સં. |
|---|---|---|
| ૧. | મંગળાચરણ | ૯ |
| ૨. | પંચપરમેષ્ઠીનું પ્રતીક 'ૐ' | ૧૦ |
| ૩. | ણમોકાર મંત્ર : નિષ્કામ મહામંત્ર | ૧૧–૧૨ |
| ૪. | અરહન્ત પરમેષ્ઠી | ૧૩–૨૪ |
| ૫. | સિધ્ધ પરમેષ્ઠી | ૨૫–૨૭ |
| ૬. | આચાર્ય પરમેષ્ઠી | ૨૮–૩૨ |
| ૭. | ઉપાધ્યાય પરમેષ્ઠી | ૩૩–૩૫ |
| ૮. | સાધુ પરમેષ્ઠી | ૩૬–૪૨ |
| ૯. | સામાન્ય સાધુનું સ્વરૂપ | ૪૩–૪૭ |
| ૧૦. | નિર્ગ્રન્થ મુનિ નગ્ન જ કેમ હોય છે ? | ૪૮–૫૨ |
| ૧૧. | ચત્તારિ મંગલ : ચાર મંગળ (મંગળ – ઉત્તમ – શરણ) | ૫૩–૫૮ |
| ૧૨. | ણમોકાર મંત્રનું માહાત્મ | ૫૦–૬૪ |
| ૧૩. | ણમોકાર મંત્ર : અનાદિ કે સાદિ | ૬૫–૬૬ |
| ૧૪. | ણમોકાર મંત્રનો પદક્રમ | ૬૭–૭૦ |
| ૧૫. | ણમોકાર મંત્ર અને શબ્દશકિત | ૬૧–૭૩ |
| ૧૬. | ણમોકાર મંત્ર અને મનોરથપૂર્તિ | ૭૪–૭૫ |
| ૧૭. | ણમોકાર મંત્રના પાઠભેદ મંત્ર | ૭૬ |
| ૧૮. | દ્રવ્યશ્રુત તથા ણમોકાર મંત્ર | ૭૭–૭૮ |
| ૧૯. | ઉપસંકાર | ૭૯–૮૦ |
| ૨૦ | ણમોકાર મહામંત્ર : દંતકથાઓ અને વાર્તાઓ | ૮૧–૮૭ |
| ૨૧ | અભિમત | ૮૮–૯૬ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રકાશકીય નિવેદન

ણમોકાર મંત્ર જૈનકુળમાં જન્મ લેવાવાળા આબાલ – વૃધ્ધ બધાં જ સ્ત્રી–પુરૂષ બોલે છે; પરંતુ એવાં કેટલા છે કે જે આ મહામંત્રના અસલ મહત્વથી પરિચિત છે ? આ તો આપણું પરમ સૌભાગ્ય છે કે આપણને જન્મથી જ આવો મંગળમય મહામંત્ર સાંભળવાનો સુઅવસર સહજતાથી મળેલ છે. આપણે આપણા કુલક્રમ અનુસાર આ ણમોકાર મંત્ર બાળપણથી બરાબર સાંભળતાં અને બોલતા રહ્યા છીએ. પરંતુ તેના વાસ્તવિક સ્વરૂપથી આજે પણ અનભિજ્ઞ, અજાણ છીએ – તે કારણે પુણ્યોદયથી પ્રાપ્ત આ જન્મજાત ઉપલબ્ધિનો જેટલો લાભ આપણને મળવો જોઈએ, તે મળી રહ્યો નથી.

એટલા માટે અમને એવા સાહિત્યની ઘણા સમયથી પ્રતિક્ષા હતી, જે એમને ણમોકાર મંત્ર વિષે વિસ્તૃત જાણકારી આપી શકે.

અમને આ 'ણમોકાર મહામંત્ર' પુસ્તકનું પ્રકારન`કરતાં અત્યંત પ્રસન્નતાનો અનુભવ થઈ રહ્યો છે.

પંડિત રતનચન્દજી ભારિલ્લે પ્રસ્તુત પુસ્તકમાં ણકોમાર મંત્ર પર સર્વાંગીણ અધ્યયન પ્રસ્તુત કરીને એક ઘણીજ મોટી આવશ્યકતાની પૂર્તિ કરી છે. અત્યાર સુધી ણમોકાર મંત્ર પર એવું કોઈ પુસ્તક ઉપલબ્ધ ન હતું, જે જૈન સમાજને આ દિશામાં સાચું માર્ગદર્શન આપી શકે.

પ્રસ્તુત રચનામાં ણમોકાર મંત્ર તથા તેમાં પ્રતિપાદ્ય પંચપરમેષ્ઠીના સ્વરૂપનું ગંભીર વિવેચન, મહામંત્રનું માહાત્મ્ય, તેનું અનાદિનિધનત્વ, પદક્રમ, મંત્ર અને મનોરથપૂર્તિ, ણમોકાર મંત્રના પાઠભેદ, દંતકથાઓ અને વાર્તાઓ વગેરે બાજુઓ પર તો આગમના પ્રકાશમાંથી યુકિતસંગત વિવેચન પ્રસ્તુત કર્યું જ છે, ઉપરાંત ણમોકાર મંત્ર વિશે અનેક ભૂલભરેલી પ્રચલિત પંરમ્પરાઓનું પણ સુંદર સમાધાન યોગ્ય સ્થાને કરવામાં આવ્યું છે. આનાથી ણમોકાર મંત્રના વિષયમાં ફેલાએલી ભ્રાંતિઓ તો દૂર થશે જ, વાસ્તવિક વિષયવસ્તુ આવતાં અંધશ્રધ્ધાનો અભાવ થઈને યર્થાથ શ્રધ્ધા–ભક્તિનો ઉદ્દ્ભવ તથા વિકાસ પણ થશે.

આ પુસ્તકનું સંકલન મૂળમાં તો "જૈનપથ પ્રદર્શક" નાં સંપાદકીય લેખોના રૂપમાં થયો હતો. જે વાંચીને એવું લાગ્યું કે આ લેખોનું પ્રકાશન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પુસ્તકનાં રૂપમાં પણ થવું જોઈએ, કારણ કે તે જન–સાધારણ માટે અત્યંત ઉપયોગી છે. તે જ લેખોની આ સંશોધિત તથા સંવર્ધિત આવૃત્તિ છે. "જૈનપથ પ્રદર્શક" માં જેમણે હપ્તાવાર વાંચી લીધું છે, તેઓ પણ ફરીથી વાંચે. હપ્તાવાર વાંચવા કરતાં એક સાથે સમગ્રરૂપે વાંચવાનો આનંદ કંઈક અનોખો જ હોય છે. વળી આમાં તો પરિવર્તન પણ ઘણું થયું છે.

સર્વાધિક ગૌરવની વાત તો એ છે કે આ પુસ્તકની દસ આવૃત્તિઓ હિન્દીમાં છપાયા ઉપરાંત મરાઠી, ગુજરાતી તથા કન્નડમાં પણ આની આવૃત્તિઓનું પ્રકાશન થઈ ચૂકયુ છે. જે આ પુસ્તકની લોકપ્રિયતાનું જવલન્ત પ્રમાણ છે. આ રીતે લેખકનું પ્રસ્તુત પુસ્તક પણ 'સંસ્કાર', 'વિદાઈ કી બેલા' તથા 'જિનપૂજનરહસ્ય' ની જેમ જ લોકપ્રિય થઈ રહ્યું છે. એતદર્થ લેખક નો જેટલો આભાર માનવા માં આવે, આછો જ છે.

આ પુસ્તકની ગુજરાતીમાં આ તૃતીયાવૃત્તિ છે. જે ત્રણ હજારની સંખ્યામાં પ્રકાશન કરી રહ્યા છીએ. આ આવૃત્તિ સહિત ગુજરાતીમાં અત્યાર સુધીમાં એની અગ્યાર હજાર બસો ની સંખ્યામાં પ્રકાશિત થઈ ચૂકી છે. ઉપરાંત હિન્દી, મરાઠી તથા કન્નડની આવૃત્તિઓ મળીને કુલ પ્રત. ૭૦,૫૦૦ ની સંખ્યામાં પણ મુદ્રિત થાય તે આ પુસ્તકની લોકપ્રિયતા દર્શાવે છે.

પ્રસ્તુત તૃતીયાવૃત્તિને તમારા હાથમાં આટલા આકર્ષક છાપકામમાં રજૂ કરવાનું શ્રેય શ્રી સોહનલાલ જૈન, જયપુર પ્રિન્ટર્સને ફાળે જાય છે, જેમણે આના મુદ્રણમાં વ્યકિતગતરૂપે રૂચિ લઈને આટલા સુંદરરૂપે મુદ્રણકાર્ય કરેલ છે. માટે તે ધન્યવાદને પાત્ર છે. પ્રકાશન વિભાગના પ્રબન્ધક શ્રી અખિલ બંસલ તો સમ્પૂર્ણ વ્યવસ્થા માટે ધન્યવાદને પાત્ર તો છે જ. આ કૃતિ આપને નવી દિશાનું દર્શન કરાવશે, એવી ભાવના સાથે.

૪ અગસ્ત ૨૦૦૨ — નેમીચન્દ પાટની

મહામંત્રી – પં.ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, જયપુર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# તૃતીય સંશોધિત, સંવર્ધિત આવૃત્તિ

પ્રસ્તુત લઘુકાય પુસ્તકને સ્વયં પાઠકોએ તો પ્રીતિપૂર્વક વાંચ્યું જ, પસંદ પણ કર્યું જ, પણ બીજાનેય વાંચવા માટે પ્રેરિત કર્યા, પ્રોત્સાહિત કર્યા; ત્યારે તો આટલા ઓછા સમયમાં આની ચાર–ચાર ભાષાઓમાં સોળ–સોળ આવૃત્તિઓનું મુદ્રણ થઈ શકયું છે. આનાથી ઉત્સાહિત થઈને લેખકે હિન્દીની દસમાવૃત્તિને અત્યધિક સંશોધિત તથા સંવર્ધિત કરી રહી–સહી કસર ને પણ પૂર્ણ કરી દીધી હતી.

આ ણમોકાર મહામંત્રની મહાનતાનાં સંબંધમાં પ્રચલિત દંતકથાઓ તથા વાર્તાઓથી એક તરફ જૈન જગતમાં આના પ્રતિ શ્રધ્ધા ઉત્પન્ન થઈ છે, જાણવાની જિજ્ઞાષા જાગી છે; તો બીજી તરફ પ્રથમાનુયોગના પ્રયોજન તથા કથન પધ્ધતિને ન સમજી શકવાથી, તેના સંબંધી અભિપ્રાયને ન જાણવાથી ઘણી–ખરી ભ્રાન્તિપૂર્ણ ધારણાઓ પણ ફેલાઈ છે.

તે ભ્રાન્તિપૂર્ણ ધારણાઓનું થોડું–ઘણું નિરાકરણ તો પૂર્વ આવૃત્તિઓમાં પણ યથાસ્થાને થયું જ છે; પરંતુ પાછલી (હિન્દીની) દસમાવૃત્તિ માં એક સ્વતંત્ર નવું પરિશિષ્ટ એવું જોડાયું છે, જેમાં મોક્ષમાર્ગ પ્રકાશકના આઠમાં પરિશિષ્ટમાં આવેલા પ્રથમાનુયોગની કથન પધ્ધતિનાં આલોકમાં ણમોકાર મહામંત્રના મહિમાને મંડિત કરવાવાળી પૌરાણિક વાર્તાઓની વિષયવસ્તુ તથા તેના પ્રયોજનને સારી રીતે સ્પષ્ટ કરી દીધું છે.

સુવિદિત છે કે, આ વધારાનો પરિશિષ્ટ જે અહીંયાં જોડવામાં આવેલ છે, તે લેખકના અન્ય પુસ્તક 'સંસ્કાર' ના ૨૦માં પરિશિષ્ટ નો જ સંશોધિત અંશ છે, તે ઉપયોગી હોવાથી તે અંશને થોડાક સંશોધનની સાથે અહી આપવામાં આવ્યો છે.

આ જાણીને તમને હાર્દિક પ્રસન્નતા થશે કે (હિન્દી ની) દસમાવૃત્તિ થોડાક મહિનાઓમાં જ સમાપ્ત થઈ ચૂકી છે. એટલા માટે પુસ્તકની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી છે.

**નેમીચન્દ પાટની**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોતાની વાત

"શુધ્ધાતમ અરૂ પંચ ગુરૂ, જગ મેં સરના દોય,
મોહ ઉદય જિય કે વૃથા, આન કલ્પના હોય."

અધ્યાત્મ જગતનાં ખ્યાતિ પ્રાપ્ત માનનીય વિદ્વાન પંડિત જયચંદજી છાબડાએ ઉપરની પંકિતમાં કહ્યું છે કે સાચું સુખ પ્રાપ્ત કરવા માટે વિશ્વમાં બે જ શરણ છે : નિશ્ચયથી શુધ્ધાત્મા તથા વ્યવહારથી પંચપરમેષ્ઠી. પરન્તુ મોહી જીવ તેને જાણતો તથા ઓળખતો નથી અને શરીર તથા સંયોગોની અનુકૂળતા ઉપરાંત ધન વૈભવની ઉપલબ્ધિમાં જ સુખ માને છે, એટલા માટે કોઈ તો આના માધ્યમથી મણિ–મંત્ર–તંત્રની સાધના કર્યા કરતા હોય છે અને કોઈ આને સંયોગોની અનુકૂળતાનું સાધન સમજે છે. પરન્તુ એવા જીવો તેમના લક્ષ્યથી ભટકી ગયેલા છે.

જેવી રીતે જગતમાં શીલવતી સ્ત્રીના જીવનમાં બે જ સાચા આશ્રય છે : એક પિતાનું ઘર અને બીજું પતિનું ઘર. પરન્તુ જે સ્ત્રી આ વાતની અવહેલના કરી બીજાંનાં ઘરમાં રહે છે, તેને ભ્રષ્ટ થયેલી જ જાણો. તે જ પ્રકારે ધર્માત્માઓનાં પણ બે જ સાચાં શરણ છે : એક – શુધ્ધાત્મા અને બીજા–પંચપરમેષ્ઠી. પરન્તુ જે જીવ આની ઉપેક્ષા અથવા અવહેલના કરી લૌકિક કામનાઓ માટે અન્ય મણિ – મંત્રાદિની સાધના તથા દેવી – દેવતાઓની ઉપાસનામાં જ મગ્ન રહે છે, તેમને પણ મોક્ષમાર્ગથી ભ્રષ્ટ જ જાણો.

વાસ્તવમાં સાચું શરણ ધન નથી, ધર્મ છે; દેવી–દેવતા નહિ, પંચપરમેષ્ઠી છે. જે એમના શરણમાં જાય છે , તેને અન્ય કોઈનું શરણ શોધવું પડતું નથી. તે એટલો મહાન બની જાય છે કે દેવી – દેવતાઓના સ્વામી સો–સો ઇન્દ્ર પણ તેને નમન કરે છે.

જયાં સુધી પૂર્ણતા પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી સાતિશય પુણ્યોદયના ફળસ્વરૂપ, આ બધી લૌકિક અનુકૂળતાઓ પણ તેને સહજ જ ઉપલબ્ધ થાય છે; પરન્તુ ધર્માત્મા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેની કોઈ આશા કે અપેક્ષા રાખતા નથી.

ણમોકાર મહામંત્ર પંચપરમેષ્ઠીનો વાચક તથા પ્રતિપાદક છે એટલે કે જ્યારે આત્મામાંજવાનું તથા સ્થિર રહેવાનું સંભવિત હોતુ નથી અને વિષય–કષાયમાં જોડાવું અત્યંત કષ્ટદાયક અનુંભવાય છે, ત્યારે તેમનાથી બચવા માટે એકમાત્ર પંચપરમેષ્ઠી તથા ણમોકાર મંત્ર જ શરણ છે. પાપોના પુંજ પંચેદ્રિયોના વિષયોથી બચવા માટે તથા રત્નત્રયની વૃધ્ધિ માટે, જ્ઞાની પણ આ ણમોકાર મંત્ર દ્વારા પંચપરમેષ્ઠીનું સ્મરણ કરે છે.

આચાર્ય કુંદકુંદ દેવે પણ પ્રવચનસાર માં એ જ કહ્યું છે કે :

**"જો જાણદિ અરહંતં દવ્વત્તગુણત્તપજ્જયત્તેહિં ।**

**સો જાણદિ અપ્પાણં મોહો ખલુ જાદિ તસ્સ લયં" ।।૮૦।।**

જે પુરુષ અરહંત ભગવાનને દ્રવ્ય–ગુણ પર્યાયથી જાણે તથા ઓળખે છે, તે પોતાના સ્વરૂપને જાણે છે અને જે પોતાના સ્વરૂપને જાણે છે, નિશ્ચિતપણે તેનાં મોહ–કર્મનો નાશ થાય છે.

એટલે જો આપણે આપણા મોહાન્ધકારનો અભાવ કરી સમ્યક્જ્ઞાન સૂર્ય પ્રગટ કરવો હોય તો પંચપરમેષ્ઠીનું સ્વરૂપ જાણવું અત્યંત આવશ્યક છે. તેને જાણ્યા–ઓળખ્યા વગર આત્માની ઉપલબ્ધિનો સંભવ નથી.

તેથી જ જિનવાણીમાં દરેક ઠેકાણે ણમોકાર મંત્રના જાપ કરવાની પ્રેરણા આપી છે. પરન્તુ ણમોકાર મંત્ર જપવાનો અર્થ એ નથી કે જેટલી જલદીથી થઈ શકે તેટલી જલદીથી માળા પૂરી કરી લો એટલે જાપ થઈ ગયા. જો સમય ન હોય તો ભલે નવ વાર જ જાપ કરો, પરન્તુ મંત્ર બોલતી વખતે એક–એક પરમેષ્ઠીના સ્વરૂપનો વિચાર કરતાં જાપ કરવો. પ્રયત્ન એ કરવો કે આપણો ઉપયોગ પંચપરમેષ્ઠીના સ્વરૂપથી અલગ વિષય–કષાયમાં ન જાય અને જો ત્યાંથી ખસે તો આત્મસન્મુખ જ થઈજાય.

પ્રસ્તુત પુસ્તકમાં જુદા જુદા આચાર્યો તથા વિદ્વાન મહાનુભાવોના વિચારોની સહાયતા લઈને અત્યન્ત સરળ ભાષા – શૈલીમાં પંચપરમેષ્ઠીઓનાં સ્વરૂપ વગેરેને વિસ્તૃત રૂપે સમજાવવાનો પ્રયત્ન કરેલ છે. આશા છે કે, વાચક આનાથી લાભાન્વિત થશે.

**– (પંડિત) રતનચન્દ ભારિલ્લ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ણમોકાર મહામંત્ર

## મંગળાચરણ

નમન કરું અરહંતને, નમું સિધ્ધ ભગવાન ,
આચારજ ઉવઝાય, સર્વ સાધુ ગુણવંત. ૧

ગર્ભિત જેમાં સર્વ છે, દ્વાદશાંગ જિનવાણી ,
મહામંત્ર નવકારનો, જાપ જપું દિન રાત. ૨

મંગળમય મંગળકરણ, મહામંત્ર નવકાર ,
ત્રણ લોક ત્રણ કાળમાં, સર્વ વસ્તુમાં સાર. ૩

સર્વ મંગળોમાં પ્રથમ, મંગળમય નવકાર ,
તેના ચિંતન મનનમાં, પાપ ન લે અવતાર. ૪

નિત્ય જપે નવકાર જે, પ્રાતઃ માં પ્રતિબુધ્ધ ,
અલ્પકાળમાં થઈ જશે, અંતર–બહાર શુધ્ધ.૫

# પંચપરમેષ્ઠીનું પ્રતીક 'ૐ'

પાંચ પરમેષ્ઠીઓનાં નામોના પ્રથમ અક્ષરોને લઈને ૐ પદની રચના થઈ છે. અરહંત અને અશરીર(સિધ્ધ) નો 'અ', આચાર્યનો 'આ', ઉપાધ્યાયનો 'ઉ' તથા મુનિનો 'મ'. આ પ્રમાણે અ + અ + આ + ઉ + મ્ = ઓમ્ (ૐ) પદનું નિર્માણ થયું છે.

જે નીચેની ગાથાથી સ્પષ્ટ થાય છે :

**"અરિહંતા અસરીરા આઇરિયા તહ ઉવજ્ઝાયા ।**
**મુણિણો પઢમક્ખરણિપ્પણ્ણો ઓંકારો પંચ પરમેઠ્ઠી ॥[1]"**

બ્રહ્મદેવે ઉપર પ્રમાણે પંચપરમેષ્ઠી વાચક મંત્રના અર્થને સમજવા પર ભાર દેતા કહ્યું છે કે :

" મંત્રશાસ્ત્રનાં સર્વ પદોમાં સારભૂત, આ લોક અને પરલોકમાં ઈષ્ટફળ આપનાર, પંચપરમેષ્ઠીના વાચક એવાં આ પદોના અર્થ જાણીને તથા અંતરંગમાં અનંત જ્ઞાનાદિ ગુણોના સ્મરણરૂપ અને બહારમાં વાણીના શુદ્ધ ઉચ્ચારણરૂપ આ પદોના જાપ કરો. તથા શુભોપયોગ રૂપ ત્રિગુપ્ત અવસ્થામાં મૌનપૂર્વક આ પદોનું ધ્યાન કરો. [2]"

આ પ્રકારે 'ૐ' અક્ષર પણ પંચપરમેષ્ઠીનો પ્રતિપાદક હોવાથી ણમોકાર મંત્રની માફક જ એકાક્ષરી મંત્ર છે. આ મંત્રના માધ્યમથી પણ પંચપરમેષ્ઠીનું ધ્યાન અને સ્મરણ કરી શકાય છે.

અર્હત્ અશરીરી મુનિ, આચારજ ઉવઝાય,
ઓંકાર ધ્વનિમાં વસે, પાંચે પદ સુખદાય .

□

---

**૧, ૨. બૃહદ્-દ્રવ્યસંગ્રહ ગાથા ૪૯ની બ્રહ્મદેવ કૃત ટીકામાંથી સૂચિત, પાના સં. ૨૭૫**

# ણમોકાર મંત્ર : નિષ્કામ મહામંત્ર

ણમોકાર મંત્ર સમસ્ત જૈન ધર્માનુયાયીઓનો સર્વમાન્ય મહામંત્ર છે. અનેક સંપ્રદાયો તેમજ પેટા સંપ્રદાયોમાં વિભક્ત સંપૂર્ણ જૈન સમાજ તેને અત્યંત શ્રધ્ધાની દ્રષ્ટિથી જુએ છે, એનો દરરોજ જાપ પણ કરે છે. પ્રત્યેક મંગળ અવસરે એનો પાઠ ઘણી જ શ્રધ્ધાથી કરવામાં આવે છે. ભાગ્યે જ કોઈ એવો જૈન હશે કે જેને આ મહામંત્ર કંઠસ્થ નહિ હોય.

એ સુવિદિત છે કે પરમ્પરાગત નિયમાનુસાર પ્રસવના ૪૫ દિવસો પછી, જ્યારે મા પહેલીવાર દર્શન કરવા માટે જિન મંદિર જાય છે, ત્યારે દોઢ મહિનાની નાનકડી ઉંમરમાં જૈનકુળમાં જન્મેલા પ્રત્યેક નવજાત શિશુના કાનમાં આ મહામંત્ર સંભળાવવામાં આવે છે.

આ મહામંત્રમાં જૈનોના પરમ આરાધ્ય પંચપરમેષ્ઠીઓને સામૂહિક રૂપે નમસ્કાર કરવામાં આવ્યા છે તેમાં કોઈ વ્યક્તિવિશેષને નમસ્કાર ન કરતાં, એ પાંચ પરમપદોને નમસ્કાર કરવામાં આવ્યા છે, જેને આ આત્મા આત્મારાધનાના પરમ પુરુષાર્થથી પ્રાપ્ત કરે છે. મોક્ષ અને મોક્ષમાર્ગ સ્વરૂપ આ પાંચ અવસ્થાઓ પ્રાપ્ત કરવાવાળા આત્મા જ આ મહામંત્રનાં આરાધ્ય છે, વાચ્ય છે.

આ મહામંત્રમાં પંચપરમેષ્ઠીઓને નમસ્કાર કરવા ઉપરાંત બીજું કંઈ જ કહ્યું નથી. ન તો કોઈ પ્રકારની આકાંક્ષા વ્યક્ત કરવામાં આવી છે અને ન તો કોઈ ઈચ્છા કરવામાં આવી છે. નિષ્કામ વંદના એ જ તેની મહાનતા છે.

આ મંત્રની મહાનતાથી અભિભૂત જૈન જગતમાં તેના સંબંધમાં જેટલી શ્રધ્ધા અને જિજ્ઞાસા જોવામાં આવે છે, તેટલી ભ્રાન્તિપૂર્વકની ધારણાઓ પણ કંઈ ઓછી પ્રચલિત નથી. ભ્રાન્ત ધારણાઓનું નિરાકરણ અને જિજ્ઞાસાની ઉપશાન્તિ માટે તેનું જેટલું પરિશીલન કરવામાં આવે, તેટલું ઓછું છે. આ પરિશીલન આત્મહિત માટે પણ અત્યંત ઉપયોગી છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ણમોકાર મહામંત્ર મૂળ આ પ્રકારે છે :

**"ણમો અરહંતાણં, ણમો સિધ્ધાણં ણમો આઇરિયાણં ।**
**ણમો ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં ॥"**

આનો સામાન્ય અર્થ એવો થાય છે કે લોકમાં સર્વ અરહંતોને નમસ્કાર હો, સર્વ સિધ્ધોને નમસ્કાર હો, સર્વ આચાર્યોને નમસ્કાર હો, સર્વ ઉપાધ્યાયોને નમસ્કાર હો અને સર્વ સાધુઓને નમસ્કાર હો.

અરહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ—આ પાંચે પરમેષ્ઠી કહેવાય છે. આ મંત્રમાં આ પાંચેય પરમેષ્ઠીઓને નમસ્કાર કરવામાં આવ્યા છે.

માત્ર વાણીથી બોલવાથી અથવા શરીર નમાવીને નમસ્કાર કરવા તે વાસ્તવિક નમસ્કાર નથી. પાંચેય પરમેષ્ઠીઓના સ્વરૂપને સમજી, તેમના ગુણોથી પૂરેપૂરા પરિચિત થઈને તેમના તરફ જે ગુણાનુરાગ પેદા થાય છે, તથા તેમના પ્રત્યે જે સમર્પણનો ભાવ ઉત્પન્ન થાય છે તે જ સાચા નમસ્કાર છે.

જે જીવ આ પાંચે પરમેષ્ઠીઓનાં સ્વરૂપને જાણીને—ઓળખીને તેઓને નમન કરે છે, સ્મરણ કરે છે, તેમના બતાવેલ માર્ગ ઉપર ચાલી તેમનું અનુકરણ કરે છે, તેને સાચું સુખ પ્રાપ્ત થાય છે, તે પોતે પરમાત્મા બની જાય છે. એટલા માટે આ પાંચેય પરમેષ્ઠીઓની વિસ્તૃત જાણકારી જરૂરી છે.

આ મંત્રમા સૌપ્રથમ પૂર્ણ વીતરાગી અને સર્વજ્ઞ અરહંત ભગવાન તથા સિધ્ધ ભગવાનને નમસ્કાર કર્યા છે. ત્યાર બાદ વીતરાગી માર્ગ ઉપર ચાલવાવાળા સર્વ સાધુઓને નમસ્કાર કરવામાં આવ્યા છે. આ સાધુઓમાં આચાર્ય, ઉપાધ્યાય અને સામાન્ય સાધુ – બધા જ આવી જાય છે.

અરહંત, સિધ્ધ વગેરે પાંચે 'પરમપદ' છે અને જેઓ આ પાંચે પરમપદોમાં સ્થિત હોય તેને પંચ પરમેષ્ઠી કહે છે. □

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# અરહંત પરમેષ્ઠી

"ણટ્ઠચદુઘાઈકમ્મો દંસણસુહણાણવીરિયમઈઓ ।
સુહદેહત્થો અપ્પા સુદ્ધો અરિહો વિચિંતિજ્જો" ॥[1]

"ચાર ઘાતી કર્મો જેણે નષ્ટ કર્યા છે, જે (અનંત) દર્શન–સુખ–જ્ઞાન–વીર્યમય છે, જે ઉત્તમ દેહમાં વિરાજમાન છે અને જે શુધ્ધ (અઢાર દોષ રહિત) છે, એવો આત્મા અરહંત છે. તેનું ધ્યાન કરવા યોગ્ય છે."

"ઘણઘાઈકમ્મરહિયા કેવલણાઈપરમગુણસહિયા ।
ચોત્તિસઅદિસઅજુત્તા અરિહંતા એરિસા હોંતિ" ॥ ૭૧ ॥

"ઘનઘાતિકર્મ રહિત, કેવળજ્ઞાનાદિ પરમ ગુણો સહિત અને ચોત્રીશ અતિશય સંયુક્ત – આવા ભગવાન અરહંત હોય છે.[2]"

આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ અરહંત પરમેષ્ઠીનું સ્વરૂપ અરહંત પદ પ્રાપ્ત કરવાની પ્રક્રિયાના રૂપમાં આ પ્રમાણે લખ્યું છે કે :

"જે ગૃહસ્થપણું છોડી, મુનિધર્મ અંગીકાર કરી, નિજસ્વભાવ સાધનવડે ચાર ઘાતીકર્મોનો ક્ષય કરી અનંત ચતુષ્ટયરૂપે બિરાજમાન થયા છે, ત્યાં અનંતજ્ઞાન વડે તો પોતપોતાના અનંત ગુણપર્યાય સહિત સમસ્ત જીવાદિ દ્રવ્યોને યુગપત્ વિશેષપણાએ કરી પ્રત્યક્ષ જાણે છે, અનંતદર્શન વડે તેને સામાન્યપણે અવલોકે છે, અનંતવીર્ય વડે એવા ઉપર્યુકત સામર્થ્યને ધારે છે તથા અનંતસુખ વડે નિરાકુલ પરમાનંદને અનુભવે છે. વળી જે સર્વથા સર્વ રાગદ્વેષાદિ વિકાર ભાવોથી રહિત થઈ શાંતરસરૂપ પરિણમ્યાં છે, ક્ષુધા–તૃષાદિ સમસ્ત દોષોથી મુક્ત થઈ દેવાધિદેવપણાને પ્રાપ્ત થયા છે, આયુધ–અંબરાદિ અને અંગ વિકારાદિક જે કામ–ક્રોધાદિ નિંદ્ય ભાવોનાં ચિહ્નો છે તેથી રહિત જેનું પરમઔદારિક શરીર થયું છે, જેના વચનવડે લોકમાં ધર્મતીર્થ પ્રવર્તે છે, જે વડે અન્ય જીવોનું કલ્યાણ થાય છે અન્ય લૌકિક

---

૧. બૃહદ્–દ્રવ્યસંગ્રહ, ગાથા ૫૦   ૨. નિયમસાર, ગાથા ૭૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવોને પ્રભુત્વ માનવાના કારણરૂપ અનેક અતિશય તથા વિવિધ પ્રકારના વૈભવનું જેને સંયુક્તપણું હોય છે, તથા જેને પોતાના હિતને અર્થે શ્રીગણધર – ઇન્દ્રાદિક ઉત્તમ જીવો સેવન કરે છે, એવા સર્વ પ્રકારે પૂજવા યોગ્ય શ્રી અરહંત દેવ છે. [૧]"

પંડિત ટોડરમલજીના ઉપર મુજબના કથનમાં અરહંત પરમેષ્ઠીનું સ્વરૂપ એકદમ સ્પષ્ટ થઈ ગયું છે. એક સામાન્ય ગૃહસ્થ પરંપરાગત ગૃહસ્થપણું ત્યાગી, મુનિધર્મ ધારણ કરી, નિજ ભગવાન આત્માની ધ્યાનરૂપ ઉત્કૃષ્ટ આરાધના કરી, ચાર ઘાતી કર્મોનો નાશ કરી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંતસુખ રૂપે પરિણમિત થઈ અરહંત બને છે. આ રીતે શ્રી ટોડરમલજીએ અરહંત બનવાની વિધિનો ઉલ્લેખ કરી આપ્યો છે.

તેમાં અનંતજ્ઞાનાદિરૂપ અનંત ચતુષ્ટયનાં સ્વરૂપને પણ સમજાવવામાં આવ્યું છે. જેમ કે અનંત જ્ઞાન–દર્શન–સુખ–વીર્ય દ્વારા જેઓ સંપૂર્ણ જગતને જાણે – દેખે છે, અનંત સુખનો ઉપભોગ કરે છે, તેઓ જોવા– જાણવા તથા ઉપભોગ કરવા વગેરે શક્તિથી સંપન્ન હોય છે.

આ ઉપરાંત અરહંત અવસ્થા વખતે બાહ્ય અનુકૂળ સંયોગોના હોવાપણાનું જ્ઞાન પણ કરાવ્યું છે.

અરહંત પદનું સ્વરૂપ જાણવા માટે આચાર્ય સમન્તભદ્રનું નીચે મુજબનું કથન પણ મનન યોગ્ય છે :

**"આપ્તેનોચ્છિન્નદોષેણ, સર્વજ્ઞેનાગમેશિના ।**
**ભવિતવ્યં નિયોગેન, નાન્યથા હ્યાપ્તતા ભવેત્" ॥ ૫ ॥**

"જેઓ વીતરાગી, સર્વજ્ઞ તેમજ હિતોપદેશી હોય, તેને આપ્ત કહે છે. આ ત્રણ ગુણો વગર કોઈને પણ આપ્તપણું સંભવતું નથી."

અરહંત ભગવાન પોતાની આ વીતરાગતા, સર્વજ્ઞતા તથા હિતોપદેશપણાના કારણે જ પૂજ્ય છે, આરાધ્ય છે, દરેક આત્માર્થીઓ માટે આરાધના કરવા યોગ્ય છે. તેથી જ અહીં અરહંત ભગવાનની ઉપર મુજબની

---

૧. મોક્ષમાર્ગપ્રકાશક, પાના સં. ૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્રણે વિશેતાઓ ઉપર વધુ સ્પષ્ટતા અપેક્ષિત છે.

આના સંદર્ભમાં ડૉ. હુકમચંદ ભારિલ્લ દ્વારા લખેલ "તીર્થંકર મહાવીર ઔર ઉનકા સર્વોદય તીર્થ" માં સૂચિત નીચે મુજબનું કથન પણ જાણવા જેવું છે :

"સાચા દેવ એટલે કે આપ્તની પરિભાષામાં સમાએલ ત્રણે વિશેષણોને સાચાં અર્થમાં જાણવા માટે તેઓનું સ્વરૂપ જાણવું જરૂરી છે."

પહેલું વિશેષણ વીતરાગ છે. જે રાગ–દ્વેષ–મોહ, જન્મ–મરણ, ભૂખ–તરસ, વગેરે અઢાર દોષોથી [૧] રહિત છે, તેને વીતરાગ કહે છે. [૨]

વીતરાગી પરમાત્માનો ઉપાસક જ વીતરાગતાનો ઉપાસક હોય છે. લૌકિક સુખ (ભોગ)ની ઈચ્છાથી પરમાત્માની ઉપાસના કરવા વાળી વ્યકિત વીતરાગી–સર્વજ્ઞ ભગવાનનો ઉપાસક ન હોઈ શકે. ખરેખર તે ભગવાનનો ઉપાસક ન હોઈ ભોગોનો ઉપાસક જ છે.

વીતરાગી ભગવાનનું સાચું સ્વરૂપ નહિ સમજી શકવાને કારણે ઉપાસનામાં અનેક વિકૃતિઓ આવવી સંભવ છે, અને તે જ કારણ છે કે આજે આપણે દેવમૂર્તિઓમાં વીતરાગતા ન જોતાં ચમત્કાર જોવા લાગ્યા છીએ અને 'ચમત્કારને નમસ્કાર' ની કહેવત પ્રમાણે જે મૂર્તિ અને મંદિર સાથે ચમત્કારિક કથાઓ જોડાયેલી જોવા મળે છે, એવા મંદિરોમાં વિશેષ કરીને તે મૂર્તિઓ સમક્ષ કહેવાતા ભક્તોની ભીડ વધુમાં વધુ જોવા મળે છે; તથા જેની સાથે લૌકિક સમૃદ્ધિ તથા સંતાનાદિ પ્રાપ્તિની કલ્પનાઓ સંકળાયેલી છે, ત્યાં તો ઊભા રહેવાની જગ્યા પણ નથી મળતી અને તે સિવાયનાં મંદિરો તથા તીર્થ સ્થાન, જે વિશુધ્ધ વીતરાગતાનાં પ્રતિબિમ્બ

---

૧. જનમ જરા તિરષા ક્ષુધા, વિસ્મય આરત ખેદ;
રોગ શોક મદ મોહ ભય, નિદ્રા ચિન્તા સ્વેદ.
રાગ દ્વેષ અરુ મરણ જુત, યહ અષ્ટાદશ દોષ;
નાહિં હોત અરહંત કે, સો છવિ લાયક મોષ.

૨. ક્ષુત્પિપાસાજરાતંક જન્માન્તકભયસ્મયાઃ ।
ન રાગદ્વેષમોહાશ્ચ યસ્યાપ્તઃ સ પ્રકીર્ત્યતે ।।
**—રત્નકરણ્ડ શ્રાવકાચાર, શ્લોક ૬**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, તે ખંડેર થતાં જાય છે. ત્યાંનાં મંદિરો અને તીર્થોની દયનીય દશા થઈ રહી છે, તે જોવી અસહ્ય બની ગઈ છે.

એક ભગવાન મહાવીરની હજારો મૂર્તિઓ છે. એ બધી મૂર્તિઓનાં માધ્યમથી આપણે મહાવીરની પૂજા કરીએ છીએ. જુદા જુદા મંદિરોમાં જુદી જુદી મૂર્તિઓનાં માધ્યમથી પૂજવામાં આવતા ભગવાન મહાવીર જુદા જુદા નહિ, પણ એક જ છે. ભગવાન મહાવીર તેમની વીતરાગતા, સર્વજ્ઞતા અને હિતોપદેશીપણાના કારણે પૂજ્ય છે, કોઈ લૌકિક ચમત્કારો તથા સંતાન, ધન વગેરે આપવાના કારણે નહિ. જરા વિચાર કરીએ તો જે મહાન આત્મા પોતે જે ધનાદિ તથા ઘરબાર છોડીને આત્મસાધનામાં મગ્ન થયા હોય, તેમની પાસેથી જ ધન આદિની અપેક્ષા રાખવી કેટલી હાસ્યાસ્પદ છે? તેમને ભોગાદિના આપવાવાળા કહેવા તે શું તેમની વીતરાગતાની મૂર્તિને ખંડિત કરવા જેવું નથી?

સત્ય તો એ છે કે, વીતરાગી ભગવાન પ્રસન્ન થઈને કોઈને કાંઈ આપતા જ નથી તેમ જ અપ્રસન્ન થઈ કોઈનું કાંઈ નુકસાન પણ નથી કરતાં; છતાં પણ જો ભોળા જીવોની કલ્પના અનુસાર તેમને સુખ–દુઃખ દેનાર માની પણ લઈએ તો પણ તેઓ અમુક મૂર્તિના માધ્યમથી જ કાંઈક આપશે, બીજી મૂર્તિના માધ્યમથી નહિ, તે કેવી રીતે સંભવે? વળી જો એમ કહેવામાં આવે કે, તેઓ તો કાંઈ આપતા જ નથી, પરંતુ તેમના ઉપાસકને સ્વાભાવિક જ પુણ્યબંધ થાય છે. તો શું અમુક મૂર્તિની પૂજા કરવાથી અથવા અમુક મંદિરમાં ઘી, વગેરેના દીવા કરવાથી જ પુણ્ય બંધાશે, બીજા મંદિરોમાં કે બીજી મૂર્તિઓ સમક્ષ રાખવાથી કેમ નહિ?

ભોળા ભક્તોએ પોતાની કલ્પના અનુસાર તીર્થંકર ભગવંતોમાં પણ ભેદભાવ ઊભા કર્યા છે. તેઓની માન્યતા મુજબ પાર્શ્વનાથ રક્ષા કરે છે, તો શાન્તિનાથ શાન્તિ આપે છે, તે જ પ્રમાણે શીતલનાથ શીતળા મટાડવાવાળા અને સિદ્ધ ભગવાનને કોઢ મટાડનાર કહેવામાં આવે છે. ભગવાન તો બધા જ વીતરાગી, સર્વજ્ઞ, એક જ પ્રકારની શકિત (અનંતવીર્ય) ના માલિક હોય છે. તેમનાં કાર્યોમાં આવા ભેદ કેવી રીતે સંભવે? એક તો ભગવાન કાંઈ જ કરતા નથી અને જો કરે તો શું શાન્તિનાથ, પાર્શ્વનાથના જેવી જ રક્ષા નથી કરી શકતા? એવા કોઈ ભેદ તો અરહંત–સિદ્ધ ભગવંતોમાં હોતા જ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લૌકિક અનુકૂળતા–પ્રતિકૂળતા પોતપોતાના ભાવોથી પહેલા કમાએલાં પુણ્ય–પાપનું ફળ હોય છે. ભગવાન તેમાં કાંઈ કરતા નથી; કેમકે તેઓ તો કૃતકૃત્ય છે તેઓ કાંઈ કરતા નથી, કેમ કે તેઓને કાંઈ કરવાનું બાકી રહ્યું નથી. તેમણે તો પૂર્ણતા પ્રાપ્ત કરી લીધી છે.

ભગવાનને સાચા સ્વરૂપમાં ઓળખ્યા સિવાય સાચા અર્થમાં તેમની ઉપાસના પણ થઈ શકતી નથી. પરમાત્મા વીતરાગી તથા પૂર્ણ જ્ઞાની હોય છે. તેથી તેમના ઉપાસક પણ વીતરાગતા તથા પૂર્ણજ્ઞાનના ઉપાસક જ હોવા જોઈએ. વિષય--કષાયના અભિલાષી વીતરાગતાના ઉપાસક હોઈ શકે જ નહિ. વિષય ભોગોની ઇચ્છાથી ભક્તિ કરવાથી તીવ્ર કષાયના કારણે પાપનો બંધ જ થાય છે, પુણ્યનો બંધ થતો નથી.

સાચા દેવનું ખરું સ્વરૂપ નહિ જાણવાવાળા ભક્તોની માનસિક સ્થિતિનું વિશ્લેષણ કરતાં પંડિત ટોડરમલજી લખે છે :

"વળી તે અરહંતદેવોને સ્વર્ગ–મોક્ષદાતા, દીનદયાલ, અધમોદ્ધારક અને પતિતપાવન માને છે. તેથી તો જેમ અન્યમતી કર્તૃત્વબુદ્ધિથી ઈશ્વરને માને છે, તેમ આ પણ અરહંતને માને છે. પણ એમ નથી જાણતો કે ફળ તો પોતાનાં પરિણામોનું મળે છે. અરહંત તો તેમને માટે નિમિત્ત માત્ર છે. તેથી ઉપચારથી એ વિશેષણો સંભવે છે.

પોતાનાં પરિણામ શુધ્ધ થયા વિના અરહંત પણ સ્વર્ગમોક્ષાદિના દાતા બની શકતા નથી.[૧]"

"વળી અરહંતાદિના નામ–પૂજનાદિકથી અનિષ્ટ સામગ્રીનો નાશ તથા ઇષ્ટ સામગ્રીની પ્રાપ્તિ થવી માની, રોગાદિ મટાડવા વા ધનાદિની પ્રાપ્તિ અર્થે તેનું નામ લે છે અને પૂજનાદિ કરે છે, તેથી ઇષ્ટ–અનિષ્ટનું કારણ તો પૂર્વકર્મનો ઉદય છે, ત્યાં અરહંત તો કર્તા નથી, પણ અરહંતાદિકની ભક્તિરૂપ પોતાના શુદ્ધોપયોગી પરિણામોથી પૂર્વપાપના સંક્રમણાદિ થઈ જાય છે. તેથી ઉપચાર દ્વારા અનિષ્ટ નાશ અને ઇષ્ટ પ્રાપ્તિનું કારણ અરહંતાદિની ભક્તિ કહી શકાય તેમ છે, પણ જો જીવ પહેલાંથી જ સંસારી પ્રયોજન અર્થે ભક્તિ કરે છે તો તેના ચિત્તમાં તો પાપનો જ અભિમત બન્યો,

---

૧. મોક્ષમાર્ગપ્રકાશક, પાના સં. ૨૨૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને એવો આકાંક્ષારૂપ વિરોધી ઉપચારનો ભાવ થતાં એ વડે પૂર્વપાપનાં સંક્રમણાદિ પણ કેવી રીતે થઇ શકે. ?[1]"

સાચા દેવનું બીજું વિશેષણ સર્વજ્ઞ છે. અલોકાકાશ સહિત ત્રણ લોક અને ત્રણ કાળના સમસ્ત પદાર્થોને એના ગુણ–પર્યાય સાથે એક જ સમયમાં પૂર્ણ રૂપે જે જાણે છે; તેને સર્વજ્ઞ કહે છે.[2]

લોકમાં બધા મળીને અનંત દ્રવ્ય છે. પ્રત્યેક દ્રવ્યમાં અનંત ગુણ છે અને પ્રત્યેક ગુણની ત્રિકાળવર્તી અનન્તાનન્ત પર્યાયો હોય છે. એ સમસ્ત દ્રવ્યો, ગુણો અને ગર્યાયોને સર્વજ્ઞ ભગવાન એક સમયમાં ઇન્દ્રિયોની સહાયતા વગર પરિપૂર્ણ રૂપે જાણે છે. સમસ્ત જગતમાં જે કાંઈ સર્જાયું છે, સર્જાઈ રહ્યું છે અને ભવિષ્યમાં જે સર્જાવાનું છે, સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં એ બધુ વર્તમાનમાં વર્તમાન જેમ જ સ્પષ્ટ જણાય છે.

'જે બધાને જાણે તે જ સર્વજ્ઞ' –સામાન્ય રીતે આ કથનનો સ્વીકાર કરવા છતાં પણ સર્વજ્ઞત્વના પ્રતિ સાચું શ્રદ્ધાન–જ્ઞાન ન હોવાને કારણે એમના સમક્ષ આ વાત આવે છે કે :

"જો–જો દેખી વીતરાગને, સો–સો હોસી વીરા રે,
અનહોની કબહૂઁ નહિં હોસી, કાહે હોત અધીરા રે."

"વીતરાગી–સર્વજ્ઞ દેવે ભવિષ્યના સંબંધમાં જે જે જોયું–જાણ્યું છે, એ જ થશે, વિપરીત કાંઈ નથી થવાનું, એટલે અધીરા થવાની કોઈ આવશ્યકતા નથી ."

– આ સાંભળીને તેઓ એકદમ ચોંકી ઊઠે છે અને બોલી નાખે છે કે– 'ત્યારે તો અમારું પરિણમન ભગવાનના જ્ઞાનને અધીન થઈ ગયું છે. અમે જે ઇચ્છીએ એ ન કરી શકીએ. અમે તો પરાધીન થઈ ગયા છીએ.'

એમને એ વાત સમજમાં આવતી નથી કે ભગવાનના જ્ઞાનને અધીન વસ્તુનું પરિણમન નથી હોતું. જે સ્વરૂપે વસ્તુ સ્વયં પરિણમી હતી, પરિણમી રહી હોય છે અને પરિણમશે, તેને ભગવાને તો તે સ્વરૂપે માત્ર જાણી છે.

---

૧. મોક્ષમાર્ગપ્રકાશક, પાના સં.-૨૨૨
૨. સર્વદ્રવ્યપર્યાયેષુ કેવલસ્ય, તત્વાર્થ સૂત્ર, અધ્યાય ૧ સૂત્ર ૨૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન તો 'પર' ને માત્ર જાણે છે, પરિણમાવતું નથી. જે રીતે જ્ઞાનને અધીન વસ્તુ નથી હોતી, એ રીતે વસ્તુને અધીન જ્ઞાન નથી હોતું; બન્નેનું સ્વતંત્ર પરિણમન પોતપોતના કારણે થાય છે. જ્ઞાનને જાણી લેવાથી વસ્તુની સ્વતંત્રતા કેવી રીતે ખંડિત થઈ જઇ શકે ? સ્વતંત્રતા જ્ઞાનથી નહિ, પણ આપણા અજ્ઞાનથી ખંડિત થાય છે. જ્ઞાને તો વસ્તુના પરિણમનમાં કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપ કર્યા વગર જ માત્ર તેને જાણ્યું છે.

એમને સર્વજ્ઞતાની વાસ્તવિક શ્રધ્ધા તો હોતી નથી,પણ શાસ્ત્રોમાં લખેલ છે કે,'ભગવાન વીતરાગી અને સર્વજ્ઞ હોય છે',એટલે ભગવાનને સર્વજ્ઞ માન્યા વગર પણ તેમનાથી રહેવાતું નથી. આ જ કારણ છે કે તેને લીધે સર્વજ્ઞતાની વ્યાખ્યામાં પોતાની રુચિ અનુસાર તેઓ કલ્પનાઓ કરે છે. તેઓ કહે છે કે 'ભૂતકાળ અને વર્તમાનમાં તો જે કાંઈ થવાનું હતું, તે થઈ ગયું છે અથવા થઈ રહ્યું છે, એને ભગવાન નિશ્ચિત રૂપે જાણે છે; પણ ભવિષ્યમાં જે હજુ થયું જ નથી, એના વિષયમાં એમ કેમ કહેવાય કે, ચોક્કસ-પણે આમ જ થશે ?' ભવિષ્યને નિશ્ચિત માનવામાં એમને સ્વતંત્રતા ખંડિત થતી લાગે છે. કહે છે કે 'જ્યારે ભવિષ્ય નક્કી જ નથી, ત્યારે તે ભવિષ્યને નિશ્ચિત કેમ કહેવાય, એટલે એને સર્વજ્ઞ સશર્ત જાણતા હોવા જોઇએ.'

જ્ઞાન અનિશ્ચયાત્મક ન હોતાં નિશ્ચયાત્મક હોય છે. ભવિષ્યને અનિશ્ચિત માનવાથી જ્યોતિષ આદિ નિમિત્તજ્ઞાન પણ કાલ્પનિક સિદ્ધ થશે. જ્યારે સૂર્યગ્રહણ આદિની ઘોષણા હજારો વર્ષો પહેલાં કરવામાં આવે છે અને તે સત્ય સાબિત થતી હોય છે. લાખો વર્ષો પહેલાંની ભવિષ્યની નિશ્ચિત ઘોષણાઓથી આગમ ગ્રંથો ભરેલાં પડયાં છે અને એ ઘોષણાઓ પણ 'એમ જ થશે' એવી ભાષામાં છે. એટલે નિશ્ચિત ભવિષ્યજ્ઞતામાં શંકા થવાથી સંપૂર્ણ આગમ મહેલ પતન પામતો નજરે પડશે. એટલે સાચા દેવનું સ્વરૂપ સમજવા માટે સર્વજ્ઞતાનો નિર્ણય અત્યન્ત આવશ્યક છે; કેમ કે એ જ ધર્મનું મૂળ છે.

સર્વજ્ઞની ત્રિકાળજ્ઞતાના સંબંધમાં કુન્દકુન્દાચાર્ય દેવનાં નીચે મુજબ કથનો પણ જોવા જેવાં છે :

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'જદિ પચ્ચક્ખજાયં પજ્જાયં પલઇયં ચ ણાણસ્સ ।**
**ણ હવદિ વા તં ણાણં દિવ્વં તિ હિ કે પરૂવેંતિ ॥**

જો અનુત્પન્ન (ભવિષ્યની) પર્યાય તથા નષ્ટ (ભૂતકાળની) પર્યાય સર્વજ્ઞના જ્ઞાનમાં (કેવળજ્ઞાનમાં) પ્રત્યક્ષ ન હોય, તો તે જ્ઞાનને 'દિવ્ય' કોણ પ્રરૂપે ?[1]'

આચાર્ય અમૃતચંદ્રે સમસ્ત જ્ઞેયોને એક ક્ષણમાં સંપૂર્ણ ગુણ અને પર્યાયો સહિત અત્યંત સ્પષ્ટ રૂપે પ્રત્યક્ષ જાણવાની ચર્ચા આ પ્રકારે કરેલી છે :

"એક જ્ઞાયક ભાવનો સમસ્ત જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી અનુક્રમે પ્રવર્તમાન અનંત ભૂત–વર્તમાન–ભવિષ્યની વિચિત્ર પર્યાય સમૂહવાળા, અગાધ સ્વભાવ અને ગંભીર સમસ્ત દ્રવ્ય માત્રને માની લ્યો કે તે દ્રવ્ય જ્ઞાયકમાં ઉત્કીર્ણ થઈ ગયા હોય, ચિત્રિત થઈ ગયા હોય, અંદર ઘૂસી ગયા હોય, ઓગળી ગયા હોય, પ્રતિબિંબિત થયા હોય, એવી રીતે એક ક્ષણમાં જ જેને (શુદ્ધાત્મા) પ્રત્યક્ષ કરે છે.[2]"

આત્માનો સ્વભાવ સમસ્ત જ્ઞેયોને એક જ સમયમાં જાણવાનો છે. એટલે જ્યારે આત્માના જ્ઞાનગુણની પૂર્ણ વિકસિત શુદ્ધ પર્યાય 'કેવળજ્ઞાન' પ્રગટ થઈ જાય છે, ત્યારે એમાંથી સમસ્ત લોકાલોક સહજપણે પ્રતિબિંબિત થઇ જાય છે. સર્વજ્ઞતાની સિદ્ધિ આચાર્ય સમન્તભદ્રે 'આપ્તમીમાંસા'માં, એની ટીકા 'અષ્ટશતી' માં આચાર્ય અકલંક દેવે અને 'અષ્ટસહસ્ત્રી'માં આચાર્ય વિદ્યાનન્દિએ વિસ્તારથી કરેલ છે. અન્ય જૈન ન્યાય ગ્રંથોમાં પણ એ વિષય પર પ્રકાશ પાડ્યો છે. જિજ્ઞાસુ ભાઈબંધુઓએ પોતાની વિશેષ જિજ્ઞાસા તેમાંથી શાન્ત કરવી જોઈએ.

આપ્તનું ત્રીજું વિશેષણ હિતોપદેશી છે. આત્માનું હિત સાચા સુખની પ્રાપ્તિમાં જ છે અને સાચું સુખ નિરાકુળતામાં જ હોય છે. આકુળતા મુક્તિમાં નથી, એટલે મુક્તિ માર્ગમાં લાગવું એજ પ્રત્યેક સુખાભિલાષીનું કર્તવ્ય છે. મુક્તિના માર્ગનો ઉપદેશ જ હિતોપદેશ હોય છે. અરહંત ભગવાનની દિવ્ય વાણીમાં મુક્તિના માર્ગનો ઉપદેશ આવે છે, એટલે તેઓ જ હિતોપદેશી છે.

---

૧. પ્રવચનસાર, ગાથા ૩૯
૨. પ્રવચનસાર, ગાથા ૨૦૦ની તત્ત્વપ્રદીપિકા ટીકા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમની વાણી પ્રમાણે સમસ્ત જિનાગમ લખેલાં છે, એટલે શાસ્ત્રનું સાચું સ્વરૂપ જાણવું તે જ 'હિતોપદેશી' વિશેષણનું સાચું જ્ઞાન છે.[૧]"

આ પ્રકારે જે જીવ 'ણમો અરહંતાણં'નો અર્થ સમજીને અરહંત ભગવાનને નમસ્કાર કરે છે, તેનાં બધાં પાપોનો નાશ અવશ્ય થાય છે અને નિકટ ભવિષ્યમાં જ કોઈ ચોક્કસ એક દિવસ એવો આવે છે કે, જ્યારે એ પોતે અરહંત પદને પ્રાપ્ત કરે છે.

અરહંત ભગવાનનું સ્વરૂપ દ્રવ્ય–ગુણ–પર્યાયથી જાણવાનું ફળ બતાવતાં આચાર્ય કુન્દકુન્દ લખે છે :

**"જો જાણદિ અરહંતં દવ્વત્તગુણત્તપજ્જયત્તેહિં ।**
**સો જાણદિ અપ્પાણં મોહો ખલુ જાદિ તસ્સ લયં ।।[૨]"**

"જે અરહંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે (પોતાના) આત્માને જાણે છે અને તેનો મોહ અવશ્ય નાશ પામે છે."

અમૃતચન્દ્રાચાર્ય ઉપરની ગાથાની ટીકા પૂર્ણ કરતાં અંતમાં લખે છે કે, 'જો એવું છે, તો મેં મોહની સેનાને જીતવાનો ઉપાય કરી લીધો છે. એટલે કે, અરહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયના જ્ઞાનથી પોતાના આત્માનું જ્ઞાન થઈ જાય છે અને આત્મજ્ઞાનથી મોહ વિનાશ પામે છે, તો મેં મારા મોહને જીતવાનો ઉપાય કરી લીધો છે.' એટલે જેમને મોહનો નાશ કરવો હોય, તેમણે અરહંત પરમેષ્ઠીનું સ્વરૂપ અવશ્ય જાણવું જોઈએ.

શાસ્ત્રોમાં અરહંત પરમેષ્ઠીના ૪૬ ગુણો (વિશેષણો) નું વર્ણન છે. એમાં કેટલાક ગુણ (વિશેષણ) તો શરીરાશ્રિત છે તો કેટલાક પુણ્યાશ્રિત છે અને કેટલાક આત્મા સંબંધી છે.

૪૬ ગુણોમાં ૩૪ અતિશય, ૮ પ્રાતિહાર્ય અને ૪ અનન્તચતુષ્ટય છે. ૩૪ અતિશયોમાં ૧૦ જન્મના અતિશય તો શરીરથી સંબંધિત છે, ૧૦ કેવળજ્ઞાનના અતિશય બાહ્ય પુણ્યસામગ્રીથી સંબંધિત છે અને ૧૪ દેવકૃત

૧. 'તીર્થંકર મહાવીર અને એમના સર્વોદય તીર્થ', પાના સં. ૧૧૪ થી ૧૨૦ સુધી
૨. પ્રવચનસાર, ગાથા ૮૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો સ્પષ્ટ દેવો દ્વારા કરેલા જ છે. ૮ પ્રાતિહાર્ય પણ બાહ્ય વિભૂતિઓ છે. કેવળ ૪ અનંતચતુષ્ટય જ આત્માના પોતાના ગુણ છે, જે બધાં અરહંતોમાં જોવા મળે છે. અનંતચતુષ્ટય સિવાયના ૪૨ ગુણ (વિશેષણ) કેવળ તીર્થંકર–અરહંતોના જ હોય છે, બધાં અરિહંતોના નથી હોતા. ૪૬ ગુણોનું વર્ણન આ પ્રકારે છે :

**જન્મના દશ અતિશય :**

'અતિશય રૂપ સુગંધ તન, નાહિં પસેવ નિહાર,
પ્રિયહિતવચન અતુલ્યબલ, રુધિર શ્વેત આકાર.
લચ્છન સહસ રૂ આઠ તન, સમચતુષ્ક સંઠાન,
વજ્રવૃષભ નારાચ જુત, યે જનમત દશ જાન.'

૧. અત્યન્ત સુંદર શરીર, ૨. અતિ સુગંધમય શરીર, ૩. પરસેવા રહિત શરીર, ૪. મળ–મૂત્ર રહિત શરીર, ૫. હિત–મિત–પ્રિય વાણી બોલવી, ૬. અતુલ્ય બળ, ૭. દૂધ જેવું સફેદ લોહી, ૮. શરીરમાં એક હજાર આઠ લક્ષણ, ૯. સમચતુસ્ર સંસ્થાન, ૧૦. વજ્રવૃષભનારાચસંહનન —આ દશ અતિશય જન્મથી જ હોય છે.

**કેવળજ્ઞાનના દશ અતિશય :**

'યોજન શત ઇકમેં સુભિખ, ગગન ગમન મુખ ચાર,
નહિં અદયા ઉપસર્ગ નહિં, નાહી કવલાહાર,
સબ વિદ્યા ઈશ્વરપનો, નાહિં બઢૈ નખ–કેશ,
અનમિષ દૃગ છાયારહિત, દશ કેવલ કે વેશ.'

૧. એકસો યોજનમાં સુભિક્ષતા, ૨. આકાશમાં ગમન, ૩. ચારેય દિશામાં મુખ દેખાવું, ૪. અદયાનો અભાવ, ૫. ઉપસર્ગનું ન થવું, ૬. કવલાહાર ન થવો, ૭. સમસ્ત વિદ્યાઓનું સ્વામિત્વ, ૮. નખ–વાળનું ન વધવું, ૯. આંખની પલક ન ઝપકવી, ૧૦. શરીરનો પડછાયો ન પડવો —આ દશ અતિશય કેવળજ્ઞાનના સમયે પ્રગટ થાય છે.

**દેવકૃત ચૌદ અતિશય :**

'દેવ રચિત હૈં ચારદશ, અર્દ્ધમાગધીભાષ,
આપસ માહી મિત્રતા, નિર્મલ દિશ આકાશ.
હોત ફૂલ–ફલ ઋતુ સબૈ, પૃથિવી કાઁચ સમાન,
ચરણ–કમલ તલ કમલ હૈં, નભતૈં જય–જય બાન.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'મન્દ–સુગંધ બયાર પુનિ, ગંધોદક કી વૃષ્ટિ,
ભૂમિવિષૈં કંટક નહીં, હર્ષમયી સબ સૃષ્ટિ.
ધર્મચક્ર આગે રહે, પુનિ વસુ મંગલ સાર,
અતિશય શ્રી અરહંત કે, યે ચૌંતીસ પ્રકાર.'

૧. ભગવાનની અર્દ્ધમાગધી ભાષા હોવી, ૨. સમસ્ત જીવોમાં પરસ્પર મિત્રતા હોવી, ૩. દિશાઓનું નિર્મળ હોવું, ૪. આકાશનું નિર્મળ હોવું, ૫. બધી ઋતુનાં ફળ–ફૂલોનું એક સમયમાં ફળવું, ૬. એક યોજન સુધીની પૃથ્વી દર્પણની જેમ સ્વચ્છ હોવી, ૭. ચાલતા સમયે ભગવાનના ચરણ–કમળ ના તળિયે સ્વર્ણ–કમળો હોવાં, ૮. આકાશમાં જય–જય ધ્વનિ હોવી, ૯. મન્દ સુગંધિત પવનનું ચાલવું, ૧૦. સુગંધમય પાણીની વર્ષા થવી, ૧૧. જમીન કાંટાથી રહિત હોવી, ૧૨. સમસ્ત જીવ આનંદમય હોવા, ૧૩. ભગવાનની આગળ ધર્મચક્રનું ચાલવું, ૧૪. છત્ર–ચંવર, ધ્વજ–ઘંટાદિ આઠ મંગળ દ્રવ્યોનું સાથે રહેવું –આ ચૌદ અતિશય દેવકૃત હોય છે.

**આઠ પ્રાતિહાર્ય :**

'તરુ અશોક કે નિકટ મેં, સિંહાસન છવિદાર,
તીન છત્ર સિર પૈ લસૈં, ભામણ્ડલ પિછવાર.
દિવ્યધ્વનિ મુખ તૈં ખિરે, પુષ્પવૃષ્ટિ સુર હોય,
ઢોરૈં ચૌંસઠ ચમર જખ, બાજૈં દુન્દુભિ જોય.'

૧. અશોક વૃક્ષનું હોવું, ૨. રત્નજડિત સિંહાસન, ૩. ભગવાનના મસ્તક ઉપર ત્રણ છત્રોનું હોવું, ૪. ભગવાનની પીઠ પાછળ ભામંડળનું હોવું, ૫. ભગવાનના મુખેથી અક્ષર રહિત દિવ્ય ધ્વનિનું હોવું, ૬. દેવો દ્વારા ફૂલોની વર્ષા થવી, ૭.યક્ષ દેવો દ્વારા ચોસઠ ચમરોનું ઢોળાવું, ૮. દુન્દુભિ વાજિંત્રોનું વાગવું –આ આઠ પ્રાતિહાર્ય છે.

**ચાર અનન્તચતુષ્ટય :**

'જ્ઞાન અનન્ત અનન્ત સુખ, દરસ અનન્ત પ્રમાન,
બલ અનન્ત અરહંત સો, ઇષ્ટદેવ પહચાન.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧. અનન્તદર્શન, ૨. અનન્તજ્ઞાન, ૩. અનન્તસુખ, ૪. અનન્તવીર્ય—આ ચાર અનન્તચતુષ્ટય છે.

આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે, ઉપર મુજબના ૪૬ ગુણોમાં ચોક્કસપણે આત્માના તો કેવળ ૪ અનંતચતુષ્ટય જ છે. બાકીના ૪૨ ગુણો તો માત્ર કથનથી જ આત્માના છે. ખરેખર તો એ આત્માના ગુણ નથી. એ તો પુણ્યોદયથી પ્રાપ્ત થતી વિશેષતાઓ છે, જે પુણ્યની સાથે જ સમાપ્ત થઈ જાય છે. તેમને જ અહીં વ્યવહારથી અરહંત પરમેષ્ઠીના ગુણોમાં ગણ્યા છે.

તીર્થંકર કેવળીના સિવાય જે સામાન્ય કેવળી, મૂક કેવળી, ઉપસર્ગ કેવળી, અંતઃકૃત કેવળી વગેરે હોય છે, એમને આ ઉપર મુજબના ૪૬ ગુણો ન હોઈ, માત્ર અનંત ચતુષ્ટય રૂપ ૪ ગુણ જ હોય છે. ઉપર મુજબના ૪૬ ગુણો તો તીર્થંકર અરહંતોને જ હોય છે, અન્ય સામાન્ય અરહંતોને નહીં.

જ્યારે સાધક જીવ આવા અનંત ચતુષ્ટય સ્વરૂપી અરહંત પરમેષ્ઠીના આલંબનથી પોતાના શુદ્ધાત્માની સાધના—આરાધના કરે છે, ત્યારે તેને ટૂંક સમયમાં આત્મોપલબ્ધિ થઈને સ્વાનુભૂતિ પ્રગટ થઈ જાય છે. આ જ અરહંત ભક્તિનો અથવા અરહંતોને નમન કરવાનું સૌથી ઉત્તમ ફળ છે. સાથે કષાયની મંદતા અને પરિણામોની વિશુદ્ધિથી જે મુક્તિના સાધનભૂત સાતિશય પુણ્ય બંધાય છે, તે તો અલગ. પરન્તુ જ્ઞાની ધર્માત્માનું એક માત્ર લક્ષ્ય સ્વાત્મોપલબ્ધિનું જ રહે છે, પુણ્ય બંધનું નહીં. પરન્તુ પુણ્ય પણ અન્નની સાથે ભૂંસાની જેમ સ્વાભાવિક જ હોય છે, તેમ જ્ઞાની તેના માત્ર જ્ઞાતા—દ્રષ્ટા રહે છે. તેની દ્રષ્ટિમાં પુણ્ય ઉપાદેય નથી હોતું. □

### ચમત્કારિક મહામંત્ર

ણમોકાર મંત્ર સમ્પ્રદાયાતીત, સાર્વભૌમિક, સાર્વજનિક, સાર્વકાલિક મહામંત્ર છે. આમાં કોઇ પણ વ્યક્તિ વિશેષને નમન/સ્મરણ નથી કરવામાં આવતું, પણ જેઓ પરમપદને પ્રાપ્ત થઈ ચૂકયા છે, પૂર્ણતા તથા પવિત્રતા પ્રાપ્ત કરી ચૂકયા છે અથવા પૂર્ણતાના માર્ગ પર જ અગ્રસર છે– તે પરમેષ્ઠિઓને આ મંત્રમાં સ્મરણ કરવામાં આવ્યા છે, નમન કરવામાં આવ્યા છે. જે કોઈ પણ આના જાપ કરશે, તે આપોઆપ એક દિવસ પૂર્ણતા પ્રાપ્ત કરશે—આ જ આ મહામંત્રનો ચમત્કાર છે.

—લેખક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સિદ્ધ પરમેષ્ઠી

"ણટ્ઠકમ્મદેહો લોયાલોયસ્સ જાણઓ દટ્ઠા ।
પુરિસાયારો અપ્પા સિદ્ધો ઝાએહ લોયસિહરત્થો" ॥[1]

'જેણે આઠ કર્મનો અને દેહનો નાશ કર્યો છે, જે લોકાલોકને જાણનાર અને દેખનાર છે અને જે પુરુષાકાર છે, એવો આત્મા સિદ્ધ છે; સંસારના શિખર ઉપર બિરાજમાન તે સિદ્ધ પરમેષ્ઠીનું તમે ધ્યાન કરો.

પંડિત ટોડરમલજીએ સિધ્ધ પરમેષ્ઠીનું સ્વરૂપ પણ સિધ્ધપદ પ્રાપ્ત થવાની પ્રક્રિયારૂપે લખેલ છે, તે આ પ્રકારે છે :

"જે ગૃહસ્થ અવસ્થા તજી, મુનિધર્મ સાધનવડે ચાર ઘાતિકર્મોનો નાશ થતાં અનંત ચતુષ્ટય ભાવ પ્રગટ કરી કેટલોક કાળ વીત્યે ચાર અઘાતિકર્મોની પણ ભસ્મ થતાં પરમ ઔદારિક શરીરને પણ છોડી ઊર્ધ્વગમન સ્વભાવથી લોકના અગ્રભાગમાં જઈ બિરાજમાન થયા છે, ત્યાં જેને સંપૂર્ણ પરદ્રવ્યોનો સંબંધ છૂટવાથી મુક્ત અવસ્થાની સિદ્ધિ પ્રાપ્ત થઈ છે, તથા જેને ચરમ (અંતિમ) શરીરથી કિંચિત્ ન્યૂન પુરુષાકારવત્ આત્મપ્રદેશોનો આકાર અવસ્થિત થયો છે, તથા જેના પ્રતિપક્ષી કર્મોનો નાશ થવાથી સમસ્ત સમ્યક્ત્વ–જ્ઞાન–દર્શનાદિક આત્મિક ગુણો જેને સંપૂર્ણપણે પોતાના સ્વભાવને પ્રાપ્ત થયા છે, તથા જેના નોકર્મનો સંબંધ દૂર થવાથી જેને સમસ્ત અમૂર્તત્વાદિક આત્મિક ધર્મો પ્રગટ થયા છે, જેને ભાવકર્મોનો અભાવ થવાથી નિરાકુલ આનંદમય શુદ્ધ સ્વભાવરૂપ પરિણમન થઈ રહ્યું છે, જેનાં ધ્યાન વડે ભવ્ય જીવોને સ્વદ્રવ્ય–પરદ્રવ્યના તથા ઔપાધિક ભાવ તથા સ્વભાવનું વિજ્ઞાન થાય છે, જે વડે પોતાને તે સિદ્ધો સમાન થવાનું સાધન થાય છે. જેને સાધવા યોગ્ય પોતાના શુદ્ધ સ્વરૂપે તેને દર્શાવવા માટે જે પ્રતિબિંબ સમાન છે તથા જે કૃતકૃત્ય થયા છે તેથી એ જ

૧. બૃહદ્–દ્રવ્યસંગ્રહ, ગાથા ૫૧

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રમાણે અનંતકાળ પર્યંત રહે છે. એવા નિષ્પન્નતાને પામેલા શ્રીસિદ્ધ ભગવાનને અમારા નમસ્કાર હો.[૧]"

ઉપર કહેલ વ્યાખ્યામાં સિદ્ધોનાં સ્વરૂપનું ધ્યાન કરતાં મુખ્યરૂપથી નીચે મુજબ ચાર વાતો કહેલ છે :

૧. પહેલાં ત્રણ વાક્યોમાં તો સિદ્ધપદ પ્રાપ્ત થવાની પ્રક્રિયાનું દિશા સૂચન કરેલ છે.

૨. ત્યાર પછી પાંચ વાક્યોમાં પ્રતિપક્ષી કારણોનો અભાવ થવાને કારણે પ્રાપ્ત થતી સ્વભાવ ઉપલબ્ધિની ચર્ચા કરેલ છે.

૩. ત્યાર બાદ બે વાક્યોમાં એવું કહેલ છે કે સિદ્ધોનું ધ્યાન ભવ્ય જીવોને સ્વયં સિદ્ધ બનવાનું સાધન છે.

૪. અને અંતમાં એવું કહેલ છે કે સિદ્ધ ભગવાન પોતાના શુદ્ધ સ્વભાવને દર્શાવવા માટે એક સ્વચ્છ પ્રતિબિંબ છે.

એનો સાર એ છે કે જે જીવ સિદ્ધોના સ્વરૂપના ધ્યાનથી પોતાના સ્વરૂપને ઓળખી સિદ્ધો સમાન મોક્ષમાર્ગ ઉપર અગ્રસર થઈ પોતાના પ્રતિપક્ષી કર્મોનો અભાવ કરે છે, એમના સંપૂર્ણ આત્મિક ગુણ પ્રગટ થઈ જાય છે, જેનાથી તેઓ અનંતકાળ સુધી અતીન્દ્રિય બાધા રહિત સુખ ભોગવે છે.

જો અતિ સંક્ષેપમાં તે સિદ્ધોનું સ્વરૂપ યાદ રાખવું હોય તો આચાર્ય નેમીચંદ સિદ્ધાન્તચક્રવર્તીની ગાથાનું સ્મરણ કરવું જોઈએ, જે આ પ્રકારે છે :

**'ણિક્કમ્મા અટ્ઠગુણા, કિંચૂણા ચરમદેહદો સિદ્ધા ।**
**લોયગ્ગઠિદા ણિચ્ચા, ઉપ્પાદવએહિં સંજુત્તા ॥[૨]'**

'સિદ્ધ ભગવાન કર્મોથી રહિત છે. આઠ ગુણોના ધારક છે. અંતિમ શરીરથી કાંઈક ઓછા આકારવાળા છે, લોકના અગ્ર ભાગમાં સ્થિત છે, નિત્ય છે અને ઉત્પાદ–વ્યયથી યુક્ત છે.'

૧. મોક્ષમાર્ગપ્રકાશક, પાના સં. ૩
૨. બૃહદ્‌–દ્રવ્યસંગ્રહ, ગાથા ૧૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સિધ્ધના આઠ ગુણ કહેલ છે, જે આ પ્રકારે છે :

'સમકિત દર્શન જ્ઞાન, અગુરુલઘુ અવગાહના,
સૂક્ષમ વીરજવાન, નિરાબાધ ગુણ સિધ્ધ કે.'

૧. ક્ષાયિકસમ્યક્ત્વ, ૨. અનન્તદર્શન, ૩. અનન્તજ્ઞાન, ૪. અગુરુલઘુત્વ, ૫. અવગાહનત્વ, ૬. સૂક્ષ્મત્વ, ૭. અનન્તવીર્ય અને ૮. અવ્યાબાધ–આ સિદ્ધોના આઠ મૂળ ગુણ હોય છે.

અહીં ધ્યાન દેવા યોગ્ય વિશેષ વાત એ છે કે જ્યાં અરહંત પરમેષ્ઠીના સ્વરૂપની વ્યાખ્યા કરતાં તેમની સર્વજ્ઞતા અને વીતરાગતા ઉપર ભાર મૂકવામાં આવેલ છે, ત્યાં સિધ્ધ પરમેષ્ઠીના સ્વરૂપના નિરુપણમાં સ્વભાવોપલબ્ધિથી ઉત્પન્ન તેઓનાં અતીન્દ્રિય આનંદ અને નિરાકુળ સુખ ઉપર પણ ભાર મૂકેલ છે.

કવિવર પંડિત દૌલતરામજી એ છહઢાળામાં પણ નિકલ પરમાત્મા અર્થાત્ સિધ્ધ ભગવાનના સ્વરૂપનું વર્ણન કરતાં લખ્યું છે :

**'જ્ઞાન શરીરી ત્રિવિધ કર્મમલ–વર્જિત સિધ્ધ મહન્તા,
તે હૈં નિકલ અમલ પરમાતમ ભોગૈં શર્મ અનન્તા.[1]'**

'જ્ઞાન માત્ર જેઓનું શરીર છે અને જેઓ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ રુપ મેલથી રહિત અતિ નિર્મળ અને મહાન સિધ્ધ પરમેષ્ઠી છે, તે અનંતકાળ સુધી અપરિમિત–અસીમ–અનંત સુખ ભોગવે છે.'

આવા સિધ્ધ પરમેષ્ઠીની જે કોઈ જીવ આરાધના કરે છે, એ પણ ટૂંક સમયમાં સિધ્ધ પદ પ્રાપ્ત કરે છે; કેમ કે સિધ્ધનું ધ્યાન ભવ્ય જીવોને સ્વયં સિધ્ધ બનવાનું સાધન છે; તથા સિધ્ધ ભગવાન પોતાના શુધ્ધ સ્વભાવને દર્શાવવા માટે સ્વચ્છ પ્રતિબિંબ સમાન છે. તેથી સર્વ સાધક જીવોએ સિદ્ધોની આરાધના અવશ્ય કરવી જોઈએ.

□

૧. છહઢાળા, તૃતીય ઢાળ, છન્દ ૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# આચાર્ય પરમેષ્ઠી

સાધુઓના સ્વરૂપમાં બતાવેલ બધી વિશેષતાઓ તો આચાર્ય પરમેષ્ઠીમાં હોય જ છે; કેમ કે મૂળ તો તે સાધુ જ છે; પણ સંઘના વડા હોવાને કારણે એમનામાં બીજી પણ કેટલીક એવી વિશેષતાઓ હોય છે, જેનાથી એ આચાર્યપદના અધિકારી બનેલા છે.

જેવી રીતે ઘણા વિદ્યાર્થીઓના વર્ગમાં એક વિદ્યાર્થી જે વર્ગનો વડો હોય છે તે મૂળે તો વિદ્યાર્થી જ છે; એટલે એને બધું ભણવું–ગણવું અને વિદ્યાલયની દિનચર્યાનું પાલન કરવું વગેરે તો એક સાધારણ વિદ્યાર્થીની જેમજ પૂરા કરવાના હોય છે, પણ વર્ગનો વડો હોવાને કારણે એને ભણવા–ગણવા અને દિનચર્યા ઉપરાંત શિક્ષક ન હોય ત્યારે વર્ગમાં અનુશાસન–પ્રશાસન આદિનું ઉત્તરદાયિત્વ પણ સંભાળવું પડે છે, એટલે વર્ગમાં એવા વિદ્યાર્થીને કક્ષાવડો બનાવવામાં આવે છે કે જે સામાન્ય વિદ્યાર્થીઓથી પણ વધારે પ્રતિભાવાન હોય, પ્રભાવશાળી વ્યક્તિત્વનો સ્વામી હોય, ધીર–વીર–ગંભીર હોય, પોતાની દિનચર્યામાં નિયમિત હોય, પોતાનું કામ પૂરું કરવાની સાથે સાથે બીજાઓને મદદ કરવામાં સમર્થ હોય, જેનામાં સંગઠન શક્તિ હોય, જેણે પોતાના ગુરુનો વિશ્વાસ સંપાદન કરેલ હોય, જે ઇમાનદાર હોય, નિષ્પક્ષ હોય. બરાબર એવી જ રીતે બધા સાધુઓના સંઘમાં એવા સાધુને આચાર્યપદ પર પ્રતિષ્ઠિત કરવામાં આવે છે, જે સામાન્ય સાધુઓથી વધારે પ્રતિભાવાન હોય, પ્રભાવશાળી વ્યક્તિત્વનો માલિક હોય, જોવામાં સુંદર હોય, સંસાર–શરીર અને ભોગોથી વિશેષ વૈરાગી હોય, ધીર–વીર અને ગંભીર હોય, દયાળુ અને ઉદાર હોય, મધુરભાષી, શાસ્ત્ર મર્મજ્ઞ અને લોકવ્યવહારમાં કુશળ હોય, દૂરદર્શી અને કુશળ ઉપદેશક હોય, પંચાચારમાં નિષ્ઠાવાન અને પાંચ ઇન્દ્રિયો પર વિજયી હોય–એવા સાધુ જ આચાર્યપદને યોગ્ય હોય છે. શાસ્ત્રોમાં આચાર્ય પરમેષ્ઠીનું જે સ્વરૂપ બતાવેલું છે એ મૂળતઃ આ પ્રકારે છે :

આચાર્યના સ્વરૂપનું કથન કરતાં કુન્દકુન્દાચાર્ય કહે છે :

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"પંચાચારસમગ્ગા પંચિંદિયદંતિદપ્પણિદ્દલણા ।**
**ધીરા ગુણગંભીરા આયરિયા એરિસા હોંતિ ॥[૧]"**

"અચાર્ય દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય–એ પંચાચારોથી પરિપૂર્ણ, પંચેન્દ્રિયરૂપી મદાંધ હાથીના મદનું દલન કરનારા, ધીર અને ગુણગંભીર હોય છે."

આ રીતે વાદિરાજ આચાર્યદેવે કહ્યું છે કે :

"જે પંચાચારમાં નિપુણ છે, અકિંચન્યતાના સ્વામી છે, જેમણે કષાય સ્થાનોનો નાશ કર્યો છે અને જે પરિણમિત જ્ઞાનના બળ વડે પંચાસ્તિકાયાના સ્વરૂપને સમજાવે છે અને વિકસિત સ્થિર સમાધિમાં જેમની બુધ્ધિ નિપુણ છે, એવા આચાર્યોને અમે ભવદુ:ખરાશિનો નાશ કરવા માટે પૂજીએ છીએ."

પંડિત સદાસુખદાસજીએ આચાર્યના વિશેષ ગુણોનું વર્ણન કરતાં લખ્યું છે :

" આચાર્ય હૈં સો અનેક ગુણનિ કી ખાનિ હૈં, શ્રેષ્ઠ તપ કે ધારક હૈં.... કૈસેક હૈં આચાર્ય ? જિનકે અનશનાદિ બારહ પ્રકાર કે તપનિ મેં નિરંતર ઉદ્યમ હૈ, અર છહ આવશ્યક ક્રિયા મેં સાવધાન હૈં, અર પંચાચાર કે ધારક હૈં, અર દશલક્ષણ ધર્મરૂપ હૈ પરિણતિ જિનકી, અર મન–વચન–કાય કી ગુપ્તિ કર સહિત હૈં. ઐસે છત્તીસ ગુણનિકરિ યુકત આચાર્ય હોય હૈં. અર સમ્યગ્દર્શનાચાર કૂઁ નિર્દોષ ધારૈં હૈં, અર સમ્યગ્જ્ઞાન કી શુધ્ધતાકરિ યુકત હૈં. અર ત્રયોદશ પ્રકાર ચારિત્ર કી શુધ્ધતા કે ધારક, અર તપશ્ચરણ મેં ઉત્સાહયુક્ત, અર અપને વીર્ય કૂઁ નહીં છિપાવતે બાઈસ પરીષહ કે જીતને મેં સમર્થ–ઐસે નિરંતર પંચાચાર કે ધારક હૈં.

અંતરંગ–બહિરંગ ગ્રન્થ (પરિગ્રહ) કરિ રહિત, નિર્ગ્રન્થ માર્ગ કે ગમન કરને મેં તત્પર હૈં, અર ઉપવાસ બેલા–તેલા પંચોપવાસ, પક્ષોપવાસ, માસોપવાસ કરનેં મૈં તત્પર હૈં, અર નિર્જન વન મેં, અર પર્વતનિ કે દરાડે અર ગુફાનિ કે સ્થાન મેં નિશ્ચલ શુભ ધ્યાન મેં મન કૂઁ ધારે હૈં.

---

૧. નિયમસાર, ગાથા ૭૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શિષ્યનિ કી યોગ્યતા કૂँ અચ્છી રીતિ સૂँ જાનિ દીક્ષા દેને મેં અર શિક્ષા કરને મેં નિપુણ હૈં, અર યુક્તિ તેં નવ પ્રકાર નય કે જાનનેવાલે હૈં, અર અપની કાયા સૂં મમત્વ છાંડિ રાતદિન તિષ્ઠૈં હૈં, સંસારકૂપ મેં પતન હો જાને કે ભય તેં ભયવાન હૈં. મન–વચન–કાય કી શુધ્ધતાયુક્ત નાસિકા કે અગ્રભાગ મેં સ્થાપિત કિએ હૈં નેત્રયુગલ જિન્હોંને,ઐસે આચાર્ય કૂँ સમસ્ત અંગનિ કૂँ પૃથ્વી મેં નમાય મસ્તક ધારિ વંદના કરિએ.

યહાँ ઐસા વિશેષ જાનના – જો આચાર્ય હૈં સો સમસ્ત ધર્મ કે નાયક હૈં. આચાર્યનિ કે આધાર હી સમસ્ત ધર્મ હૈં, યાતેં ઐસે ગુણનિ કે ધારક હી આચાર્ય હોય હૈં. [૧]"

પંડિત સદાસુખદાસજીએ આગળ આચાર્ય પરમેષ્ઠીના બીજા અનેક ગુણોનું વર્ણન વિસ્તારપૂર્વક કરેલ છે. જેનો ટૂંકો સાર આ પ્રમાણે છે :

"મુનિસંઘના નાયક આચાર્ય દેખાવમાં મનોહર, કુળવાન, લૌકિક વ્યવહાર અને પરમાર્થના જ્ઞાતા, ઉત્તમ વિચારવાળા અને ઉત્કૃષ્ટ આચરણવાળા, સંસાર–શરીર–ભોગોથી વિરક્ત રહેવાવાળા, પ્રૌઢ, પ્રતિભાશાળી અને પ્રભાવક વ્યકિતત્વના સ્વામી હોવા જોઈએ તથા મધુર ભાષા બોલવાવાળા, શાસ્ત્રના મર્મજ્ઞ, સ્વમત અને પરમતના જ્ઞાતા, અનેકાંત અને સ્યાદ્વાદ વિદ્યામાં નિપુણ, ધીર–વીર અને નિશ્ચલ હોવા જોઈએ. [૨]"

પં. ટોડરમલજીના શબ્દોમાં આચાર્યનું સ્વરૂપ આ પ્રકારે છે :

"જેઓ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની અધિકતા વડે પ્રધાનપદને પામી જેઓ સંઘમાં નાયક થયા છે,મુખ્યરૂપે તો નિર્વિકલ્પ સ્વરૂપાચરણ વિશે જ જેઓ નિમગ્ન રહે છે પરંતુ કદાચિત્ ધર્મલોભી અન્ય જીવાદિકોને દેખી રાગઅંશના ઉદયથી કરુણાબુદ્ધિ થાય તો તેમને ધર્મોપદેશ આપે છે, દીક્ષાગ્રાહકને દીક્ષા આપે છે તથા પોતાના દોષ પ્રગટ કરે તેને પ્રાયશ્ચિત વિધિ વડે શુદ્ધ કરે છે, એવા આચરણ કરવા– કરાવવાવાળા શ્રી આચાર્ય પરમેષ્ઠી હોય છે. [૩]"

---

૧. રત્નકરણ્ડ શ્રાવકાચાર વચનિકા, પાના સં. ૨૧૯

૨. રત્નકરણ્ડ શ્રાવકાચાર વચનિકા, પાના સં. ૨૨૦ના આધારે.

૩. મોક્ષમાર્ગપ્રકાશક, પાના સં. ૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચાર્ય પરમેષ્ઠીની ઉપર મુજબ વ્યાખ્યાઓમાં નીચેની ચાર વાતો પર વિશેષ ભાર આપેલ છે :

- એમનામાં સામાન્ય સાધુઓ કરતાં સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની અધિકતા હોય છે.
- એ મુખ્ય રૂપથી તો નિર્વિકલ્પ સ્વરૂપાચરણમાં જ લીન રહે છે; એમના અંતરંગમાં દીક્ષા, ધર્મોપદેશ અને પ્રાયશ્ચિત આદિની મુખ્યતા નથી રહેતી.
- એમના માટે આચાર્યપદ થોડું પણ ભારરૂપ કે બોજારૂપ નથી હોતું; કેમ કે જ્યારે એમને રાગના અંશના ઉદયથી સહજ કરુણાબુદ્ધિ થાય છે, ત્યારે જ એ પોતાના સંઘના સાધુઓ અને ધર્મના જિજ્ઞાસુઓને ધર્મોપદેશ આપે છે, દીક્ષાગ્રાહકોને દીક્ષા આપે છે અને પોતાની ઇચ્છાથી પોતાના દોષ પ્રગટ કરનારને પ્રાયશ્ચિત વિધિથી શુદ્ધ કરે છે.

  તેઓ કોઈ પણ કામ માટે કોઈના બંધાયેલા નથી અને ઉપર મુજબનાં કાર્યોમાં પણ તેઓ પોતાના ઉપયોગને વધુ ગુંચવતા નથી.
- તેઓ પોતાની આત્માસાધનામાં મગ્ન રહેતા છતાં યથાયત્ન કેવળ મુનિસંઘની પ્રશાસન વ્યવસ્થા સંભાળે છે. ગૃહસ્થો અને તેમના ધાર્મિક સ્થળ મંદિર આદિની વ્યવસ્થાઓમાં કોઈ પણ લગાવ રાખતા નથી. માત્ર મુનિસંઘના નાયક મુનિરાજ જ વાસ્તવિક આચાર્ય પરમેષ્ઠી છે.

'ણમો આઇરિયાણં'માં એવા જ આચાર્યોને નમસ્કાર કરેલ છે. જ્યારે જ્યારે પણ ણમોકાર મંત્ર જપીએ, ત્યારે આચાર્યોનું આ સ્વરૂપ આપણા ધ્યાનનું ધ્યેય અને જ્ઞાનનું જ્ઞેય બનવું જોઈએ. જ્યારે આચાર્ય પરમેષ્ઠીનું આવું યથાર્થ રૂપ આપણા ધ્યાનનું ધ્યેય બનશે ત્યારે આપણું 'ણમો આઇરિયાણં' બોલવું સાર્થક થશે.

આચાર્ય પરમેષ્ઠીના ૩૬ મૂળગુણ હોય છે, જે આ પ્રકારે છે :

દ્વાદશ તપ દશ ધર્મ જુત, પાલેં પંચાચાર,<br>
ષટ્ આવશિ ત્રય ગુપ્તિ ગુન, આચારજ પદ સાર.

૧. બાર તપ, ૨. દશધર્મ, ૩. પાંચ આચાર, ૪. છ આવશ્યક, ૫. ત્રણ ગુપ્તિ—આચાર્ય પરમેષ્ઠીના આ ૩૬ મૂળગુણ હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**બાર તપ :** અનશન ઊનોદર કરે, વ્રત સંખ્યા રસ છોર,
વિવિક્ત શયનાસન ધરૈ, કાય કલેશ સુઠોર.
પ્રાયશ્ચિત ધર વિનય જુત, વૈયાવ્રત સ્વાધ્યાય,
પુનિ ઉત્સર્ગ વિચારકૈ, ધરૈ ધ્યાન મન લાય.

૧. અનશન, ૨. ઊનોદર, ૩. વ્રતપરિસંખ્યાન ૪. રસપરિત્યાગ, ૫. વિવિક્ત શય્યાસન, ૬. કાયક્લેશ, ૭. પ્રાયશ્ચિત, ૮. વિનય, ૯. વૈયાવ્રત, ૧૦. સ્વાધ્યાય, ૧૧. વ્યુત્સર્ગ, ૧૨. ધ્યાન – આ બાર પ્રકારનાં તપ છે.

**દશ ધર્મ :** છિમા મારદવ આરજવ, સત્યવચન ચિતપાગ,
સંયમ તપ ત્યાગી સરબ, આકિંચન તિયત્યાગ.

૧. ઉત્તમ ક્ષમા, ૨. ઉત્તમ માર્દવ, ૩. ઉત્તમ આર્જવ, ૪. ઉત્તમ સત્ય, ૫. ઉત્તમ શૌચ, ૬. ઉત્તમ સંયમ, ૭. ઉત્તમ તપ, ૮. ઉત્તમ ત્યાગ, ૯. ઉત્તમ આકિંચન્ય, ૧૦. ઉત્તમ બ્રહ્મચર્ય – આ દશ ધર્મ છે.

**પંચાચાર :** દર્શન જ્ઞાન ચારિત્ર તપ વીરજ પંચાચાર.

૧. દર્શનાચાર, ૨. જ્ઞાનાચાર, ૩. ચારિત્રાચાર, ૪. તપાચાર, ૫. વીર્યાચાર –આ પાંચ આચાર છે.

**છ આવશ્યક :** સમતા ધર વંદન કરૈ, નાના થુતિ બનાય;
પ્રતિક્રમણ સ્વાધ્યાય જુત, કાયોત્સર્ગ લગાય.

૧. સમતા, ૨. વન્દના, ૩. સ્તવન, ૪. પ્રતિક્રમણ, ૫. સ્વાધ્યાય, ૬. કાયોત્સર્ગ –આ છ આવશ્યક છે.

**ત્રણ ગુપ્તિઓ :** મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આ ત્રણ ગુપ્તિઓ છે.

આ બધાં મળીને આચાર્ય પરમેષ્ઠીનાં ૩૬ મૂળગુણ થાય છે.

સ્વાનુભૂતિથી ઊછળતાં સુખસાગરમાં લીન રહેવાવાળા, અતીન્દ્રિય આનંદના ઝૂલે ઝૂલવાવાળા આચાર્ય પરમેષ્ઠી જ્યારે જ્યારે શુભ ભાવની ભૂમિમાં આવે છે, ત્યારે એમને ઉપર મુજબ ૩૬ મૂળગુણોનું નિરતિચાર પાલન કરવાનો જ ભાવ આવે છે અને બહારથી આ બાહ્ય લક્ષણોથી એમના સ્વરૂપને જાણી–ઓળખી શકાય છે. સ્વભાવમાં અને શુદ્ધ પરિણતિમાં તો બધા સાધુ એક સમાન જ હોય છે. માત્ર શુભ ભાવોમાં હીનાધિકતા હોવાથી જ એમના ભેદ પડે છે. જેમાં નાના–મોટાપણાની ઓળખાણ થાય છે. □

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ઉપાધ્યાય પરમેષ્ઠી

ઉપાધ્યાય પરમેષ્ઠીનું સ્વરૂપ નિરુપણ કરતાં આચાર્ય કુન્દકુન્દ કહે છે :

**"રયણત્તયસંજુત્તા જિણકહિયપયત્થદેસયા સૂરા।**
**ણિક્કંખભાવસહિયા ઉવજ્ઝાયા એરિસા હોંતિ"॥[1]**

"જે રત્નત્રયથી સંયુક્ત, જિનકથિત પદાર્થોના શૂરવીર ઉપદેશક અને નિઃકાંક્ષભાવ સહિત છે – આવા, ઉપાધ્યાયો હોય છે."

ઉપાધ્યાયોનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં બૃહદ્–દ્રવ્યસંગ્રહના ટીકાકાર બ્રહ્મદેવ લખે છે :

"જે બાહ્ય અને અભ્યંતર રત્નત્રયના આચરણ સહિત છે અને જિનેન્દ્રકથિત છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્વ અને નવ પદાર્થોમાં નિજ શુધ્ધાત્મદ્રવ્ય, નિજ શુધ્ધ જીવાસ્તિકાય, નિજ શુધ્ધાત્મતત્વ અને નિજ શુધ્ધાત્મપદાર્થ જ ઉપાદેય છે અને બીજા બધા હેય છે. જે આ જિનવાણીના સારભૂત પદાર્થોનો અને ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મોનો ઉપદેશ આપે છે, એ ઉપાધ્યાય છે."[2]

પં. ટોડરમલજીના શબ્દોમાં ઉપાધ્યાય પરમેષ્ઠીનું સ્વરૂપ આ પ્રકારે છે :

"વળી જે પુરુષ ઘણા જૈન શાસ્ત્રનો જ્ઞાતા હોઈ સંઘમાં પઠન–પાઠનનો અધિકારી બન્યો હોય, સમસ્ત શાસ્ત્રના પ્રયોજનભૂત અર્થને જાણી એકાગ્ર થઈ જે પોતાના સ્વરૂપને ધ્યાવે છે, પરંતુ કદાચિત્ કષાય અંશના ઉદયથી ત્યાં ઉપયોગ ન થંભે તો આગમને પોતે ભણે છે વા અન્ય ધર્મબુધ્ધિવાનને ભણાવે છે, એ ઉપાધ્યાય છે. તે મુખ્યતઃ દ્વાદશાંગના અભ્યાસી હોય છે.[3]"

---

૧. નિયમસાર, ગાથા ૭૪
૨. બૃહદ્–દ્રવ્યસંગ્રહ, પાના સં. ૨૪૮
૩. મોક્ષમાર્ગપ્રકાશક, પાના સં. ૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપાધ્યાય પરમેષ્ઠીના ૨૫ મૂળગુણ હોય છે, તે આ પ્રકારે છે :

અગિયાર અંગ : **પ્રથમંહિ આચારાંગ ગનિ, દૂજે સૂત્ર કૃતાંગ,**
**ઠાણ અંગ તીજો સુભગ, ચૌથો સમવાયાંગ.**
**વ્યાખ્યા પણ્ણતિ પાઁચવો, જ્ઞાતૃકથા ષટ્ જાન,**
**મુનિ ઉપાસકાધ્યયન હૈ, અન્તઃકૃત દશ ઠાન.**
**અનુત્તરણ ઉત્પાદ દશ, સૂત્રવિપાક પિછાન,**
**બહુરિ પ્ર॰ન વ્યાકરણ જુત, ગ્યારહ અંગ પ્રમાન.**

૧. આચારાંગ, ૨. સૂત્રકૃતાંગ, ૩. સ્થાનાંગ, ૪. સમવાયાંગ, ૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અંગ, ૬. જ્ઞાતૃ કથાંગ, ૭. ઉપાસકાધ્યયનાંગ, ૮. અન્તઃકૃત દશાંગ, ૯. અનુત્તરોત્પાદક દશાંગ, ૧૦. પ્રશ્નવ્યાકરણાંગ, ૧૧. વિપાકસૂત્રાંગ — આ અગિયાર અંગ છે.

ચૌદ પૂર્વ : **ઉત્પાદપૂર્વ અગ્રાયણી, તીજો વીરજવાદ,**
**અસ્તિનાસ્તિ પ્રવાદ પુનિ, પંચમ જ્ઞાન પ્રવાદ.**
**છટ્ઠો કર્મ પ્રવાદ હૈ, સતપ્રવાદ પહચાન,**
**અષ્ટ આત્મપ્રવાદ પુનિ, નવમો પ્રત્યાખ્યાન.**
**વિદ્યાનુવાદ પૂરવ દશમ, પૂર્વ કલ્યાણ મહંત,**
**પ્રાણવાદ કિરિયા બહુલ, લોકબિન્દુ હૈ અન્ત.**

૧. ઉત્પાદપૂર્વ, ૨. અગ્રાયણીપૂર્વ, ૩. વીર્યાનુવાદપૂર્વ, ૪. અસ્તિનાસ્તિ–પ્રવાદપૂર્વ, ૫. જ્ઞાનપ્રવાદપૂર્વ, ૬. કર્મપ્રવાદપૂર્વ, ૭. સત્પ્રવાદપૂર્વ, ૮. આત્મપ્રવાદપૂર્વ, ૯. પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વ, ૧૦. વિદ્યાનુવાદપૂર્વ ૧૧. કલ્યાણવાદપૂર્વ, ૧૨. પ્રાણનુવાદપૂર્વ, ૧૩. ક્રિયાવિશાલપૂર્વ, ૧૪. લોક બિન્દુસારપૂર્વ—આ ચૌદ પૂર્વ છે.

અગિયાર અંગ અને ચૌદ પૂર્વ મળીને ઉપાધ્યાય પરમેષ્ઠીના ૨૫ મૂળગુણ હોય છે.

ઉપર મુજબની વ્યાખ્યામાં ઉપાધ્યાયના સ્વરૂપને સ્પષ્ટ કરતાં નીચે મુજબ કથનોની તરફ આપણું ધ્યાન આકર્ષિત કરેલ છે :

- સર્વ પ્રથમ તો ઉપાધ્યાય પરમેષ્ઠી અંતરંગ અને બહિરંગ રત્નત્રયના ધારક હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



- એ જિનેન્દ્ર–કથિત તત્ત્વાર્થના ઉપદેશક હોય છે.
- એ મુખ્યરૂપે તો દ્વાદશાંગરૂપ દ્રવ્યશ્રુતના અધ્યાપક હોય છે, પણ એ જરૂરી નથી કે બધા ઉપાધ્યાય દ્રવ્યશ્રુતરૂપ દ્વાદશાંગના અધ્યાપક જ હોય. ભાવશ્રુતજ્ઞાન તો તેઓનું દ્વાદશાંગરૂપ જ છે, પણ સંપૂર્ણ દ્રવ્યશ્રુતના તેઓ જાણકાર હોવાનો નિયમ નથી.
- ચોથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, એ મુખ્ય રૂપે તો બધાં શાસ્ત્રોના સારરૂપ નિજાત્મદ્રવ્યમાં જ મગ્ન રહે છે. કયારેક કયારેક કષાયાંશના ઉદયથી જો ત્યાં ઉપયોગ સ્થિર ન રહે તો એ શાસ્ત્રોનો પોતે અભ્યાસ કરે છે અને પછી બીજાને ભણાવે છે.

તાત્પર્ય એ છે કે ઉપાધ્યાય પરમેષ્ઠી પણ પૂર્ણ સ્વાધીન અને સ્વાવલમ્બી છે. એમનું શિષ્યોને ભણાવવું ભારરૂપ નથી હોતું. જો કે એમનું બધુ કામ સ્વાન્તઃ સુખાય હોય છે, પણ એમાં શિષ્યોનું હિત પણ નિહિત (ગર્ભિત) હોય છે. □

## પૌરાણિક કથા સત્ય છે, પણ...

'ણમોકાર મંત્રનું રટણ કરવાથી કોઈવાર ધર્માત્માની રક્ષા કરવા દેવો આવ્યા હતા' –એ **પૌરાણિક કથા સત્ય હોઈ શકે છે,** એમાં શંકા કરવાની કોઈ જરૂરત નથી, પણ એથી એ નિયમ ક્યાં સિદ્ધ થાય છે કે જ્યારે જ્યારે કોઈ સંકટમાં પડશે અને તે ણમોકાર મંત્ર બોલશે, ત્યારે ત્યારે દેવો આવશે જ, અતિશય થશે જ.

શાસ્ત્રોમાં તો માત્ર જે બન્યું હતું, તે ઘટનાનો ઉલ્લેખ છે. તેમાં એ કયાં લખ્યું છે કે, આમ કરવાથી આમ જ થાય છે; એ તો એણે પોતાની તરફથી સમજી લીધું છે; પોતાની આ સમજણ ઉપર પણ એને વિશ્વાસ ક્યાં છે ? હોય તો વ્યાકુળ કેમ થાત, ભયાક્રાન્ત કેમ થાત ?

જ્ઞાની પણ ણમોકારમંત્ર ભણી રહ્યા હોય છે, શાન્ત પણ હોય છે; પણ તેની શાન્તિનો આધાર ણમોકાર મંત્ર ઉપરનો એનો ભરોસો નથી કે એમને બચાવવા કોઈ દેવ આવશે. ણમોકાર મંત્ર તો તે સહજ અશુભ ભાવથી તથા આકુળતાથી બચવા માટે બોલે છે.

**–ક્રમબદ્ધપર્યાય, પાના સં. ૧૧૬**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# સાધુ પરમેષ્ઠી

સાચા સાધુ પરમેષ્ઠીનાં સ્વરૂપનું વર્ણન કરતાં આચાર્ય સમન્તભદ્ર સ્વામી લખે છે :

**"વિષયાશાવશાતીતો નિરારમ્ભોઽપરિગ્રહઃ ।**
**જ્ઞાનધ્યાનતપોરક્તસ્તપસ્વી સ પ્રશસ્યતે ॥"**

"જેઓને વિષયોની ઇચ્છા મૂળથી જ સમાપ્ત થઈ ગઈ છે, જેઓ હિંસોત્પાદક આરંભ અને પરિગ્રહથી સર્વથા દૂર રહે છે અને જ્ઞાન–ધ્યાન તેમજ તપમાં લીન રહેતાં નિરન્તર નિજ સ્વભાવને સાધે છે, એ સાધુ પરમેષ્ઠી છે.[૧]"

**વિષયોં કી આશા નહીં જિનકે, સામ્યભાવ ધન રખતે હૈં,**
**નિજ–પર કે હિત સાધન મેં જો, નિશ–દિન તત્પર રહતે હૈં.**
**સ્વાર્થ ત્યાગ કી કઠિન તપસ્યા, બિના ખેદ જો કરતે હૈં,**
**ઐસે જ્ઞાની સાધુ જગત કે, દુઃખ સમૂહ કો હરતે હૈં.[૨]**

સાધુ પરમેષ્ઠીનાં ૨૮ મૂળગુણ હોય છે, તે આ પ્રકારે છે :

**પંચ મહાવ્રત પંચ સમિતિ, પંચ ઈન્દ્રિય રોધ,**
**ષટ્ આવશ્યક નિયમ ગુણ, અષ્ટવિંશતિ બોધ.**

પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઇન્દ્રિયવિજય, છ આવશ્યક અને સાત શેષ ગુણ – આ બધા મળીને સાધુ પરમેષ્ઠીના ૨૮ મૂળગુણ હોય છે. સાધુ આનું નિરતિચાર રીતે પાલન કરે છે.

પાંચ મહાવ્રત : **હિંસા અનૃત તસ્કરી, અબ્રહ્મ પરિગ્રહ પાપ ।**
**મન–વચ–તન સે ત્યાગ કરિ, પંચ મહાવ્રત થાપ ॥**

---

૧. રત્નકરણ્ડ શ્રાવકાચાર, શ્લોક ૧૦
૨. મેરી ભાવના : જુગલ કિશોર મુખ્તાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ, અને પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ–માન–માયા–લોભ–કષાયોના અભાવપૂર્વક મન– વચન–કાયથી હિંસાદિ પાંચે પાપોનો સર્વથા ત્યાગ પંચમહાવ્રત છે.

૧ : મિથ્યાત્વ તથા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યા–નાવરણ ક્રોધ–માન–માયા–લોભ રૂપ મોહ–રાગ–દ્વેષના અભાવથી ઉત્પન્ન વીતરાગપરિણતિ મહાવ્રતી મુનિરાજોની ભાવ અહિંસા છે અને તે પ્રમાણે ત્રસ–સ્થાવર જીવોની વિરાધના ન થવી દ્રવ્ય અહિંસા છે. આ બે પ્રકારની અહિંસા જ સાધુ પરમેષ્ઠીના અહિંસા મહાવ્રત નામનો પ્રથમ મૂળગુણ છે.

આ જ પ્રમાણે ભાવ સત્યાદિ મહાવ્રતો વગેરેના સંબંધમાં સમજવું જોઈએ, જે આ પ્રંકારે છે :

૨ : મિથ્યાત્વ તથા અનંતાનુબંધી આદિ ત્રણ પ્રકારની ચારે કષાયોના અભાવપૂર્વક સાચું બોલવાનું પરિણામ અને સાચું બોલવું અને સ્થૂળ તેમ જ સૂક્ષ્મ–કોઈ પણ પ્રકારે જુઠું ન બોલવું તે સત્ય મહાવ્રત છે.

૩ : ઉપર મુજબ મિથ્યાત્વ તેમજ કષાયોના અભાવપૂર્વક સ્થૂળ તેમજ સૂક્ષ્મ–કોઈ પણ પ્રકારની ચોરીના પરિણામ અને ચોરીની ક્રિયારૂપમાં પરિણત ન થવું તથા ચોરી ન કરવી તે અચૌર્ય મહાવ્રત છે. આ મહાવ્રતના ધારી મુનિરાજ દ્વારા વગર આપે બીજી કોઈ વસ્તુને ગ્રહણ કરવાની વાત તો ઘણી દૂર રહી, પણ પાણી અને માટી પણ આપ્યા વગર તે ગ્રહણ નથી કરતાં.

૪ : પ્રત્યેક અન્તર્મૂહૂર્તમાં થવાવાળી આત્મરમણતાપૂર્વક, સ્વસ્ત્રી તેમ જ પરસ્ત્રી આદિના સેવનનો મન–વચન–કાયાથી પૂર્ણતઃ ત્યાગ જ બ્રહ્મચર્ય મહાવ્રત છે.

૫ : સાધુ પરમેષ્ઠીની પાસે સંયમના ઉપકરણ પીંછી, શુદ્ધિનું ઉપકરણ કમંડળ અને જ્ઞાનનું ઉપકરણ શાસ્ત્રને છોડી બીજા કોઈ પણ પ્રકારના વસ્ત્રાદિ વગેરે પરિગ્રહ પોતાની પાસે નથી રાખતા.

આ સંદર્ભમાં કવિવર દૌલતરામજીનું કથન નીચે મુજબ વર્ણવેલ છે :

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



*"ષટ્કાય જીવ ન હનનતૈં, સબ વિધ દરવહિંસા ટરી,*
*રાગાદિ ભાવ નિવારતૈં, હિંસા ન ભાવિત અવતરી.*
*જિનકે ન લેશ મૃષા ન જલ, મૃણ હૂ બિના દીયો ગહૈં,*
*અઠદશસહસ વિધ શીલ ધર, ચિદ્બ્રહ્મમેં નિત રમિ રહૈં.*
*અંતર ચતુર્દસ ભેદ બાહિર, સંગ દસધા તૈં ટલૈં,*[1]*"*

આ પ્રમાણે સાધુ પરમેષ્ઠીના આ પાંચ મહાવ્રતરૂપ પાંચ મૂળગુણ હોય છે.

પાંચ સમિતિ : *'ઈર્યા ભાષા એષણા, પુનિ ક્ષેપણ આદાન,*
*પ્રતિષ્ઠાપના યુત ક્રિયા, પાંચોં સમિતિ વિધાન.'*

'ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન–નિક્ષેપણ સમિતિ અને પ્રતિષ્ઠાપના સમિતિ–આ પાંચ સમિતિ મુખ્યતઃ અહિંસા અને સત્ય મહાવ્રતની સાધનભૂત જ છે.'

"મુનિને (સંજ્વલન કષાય સંબંધી) કિંચિત રાગ થતાં ગમનાદિ ક્રિયા થાય છે, ત્યાં તે ક્રિયાઓમાં અતિ આસકતતાના અભાવથી પ્રમાદરૂપ પ્રવૃત્તિ થતી નથી, તથા અન્ય જીવોને દુઃખી કરી પોતાનું ગમનાદિ પ્રયોજન સાધતા નથી, તેથી તેમનાથી સ્વયં દયા પળાઈ છે; એ પ્રમાણે સાચી સમિતિ છે.[2]"

પાંચ સમિતિઓનું સંક્ષેપ સ્વરૂપ આ પ્રકારે છે :

૧. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ–ક્રોધ–માન–માયા–લોભનો અભાવ થઈ જવાથી મુનિરાજ જ્યારે પણ આહાર–વિહાર–નિહાર અને દેવદર્શન, તીર્થવન્દના વગેરે જાણીતા પ્રયોજનથી ગમન કરે છે, તો પ્રમાદ છોડીને ચાર હાથ આગળની જમીન જોઈને, દિવસમાં, પ્રાસુક માર્ગથી જ ગમન કરે છે. એમની આ ક્રિયાને ઈર્યાસમિતિ કહે છે.

૨. આ જ પ્રકારે ઉપર મુજબની કષાયોનો અભાવ થઈ જવાથી મુનિરાજ બીજાને પીડાદાયક–કર્કશ–નિંદ્ય વચન ક્યારેય બોલતા નથી. જ્યારે પણ બોલે છે ત્યારે હિત–મિત–પ્રિય અને સંશય રહિત, મિથ્યાત્વરૂપી રોગનો વિનાશ કરવાવાળું વચન જ બોલે છે. તેઓશ્રીની આ પ્રકારની બોલવાની ક્રિયાને ભાષા–સમિતિ કહે છે.

---

૧. છ–ઢાળા, છઠ્ઠો ઢાળ, છન્દ ૧ અને ૨
૨. મોક્ષમાર્ગપ્રકાશક, પાના સં. ૨૩૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૩. ધ્યાન, અધ્યયન અને તપમાં વિક્ષેપ ઉત્પન્ન કરવાવાળી ક્ષુધા–તૃષા લાગે ત્યારે તપશ્ચરણ વગેરેની વૃદ્ધિ માટે મુનિરાજ ૪૬ દોષોથી રહિત, ૩૨ અંતરાય અને ૧૪ મલદોષ ટાળીને કુળવાન શ્રાવકના ઘરે દિવસમાં ઊભા–ઊભા એક વાર અનુદ્દિષ્ટ આહાર ગ્રહણ કરે છે, એને એષણા સમિતિ કહે છે.

૪. મુનિરાજ પોતાનાં શુદ્ધિ, સંયમ અને જ્ઞાનસાધનના ઉપકરણ (સાધન) કમંડળ, પીંછી અને શાસ્ત્રને સાવધાનીપૂર્વક એવી રીતે જોઈને ઉઠાવે–મૂકે છે કે જેથી કોઈ પણ જીવને જરા પણ વિઘ્ન ઉત્પન્ન ન થાય. મુનિની આ પ્રમાદ વગરની ક્રિયાને આદાનનિક્ષેપણ સમિતિ કહે છે.

૫. સાધુ એવી જગ્યા ઉપર મલ–મૂત્ર અને કફ વગેરે ક્ષેપણ કરે છે, જે જંતુ રહિત હોય, અચિત્ત હોય, એકાંત હોય, નગરથી દૂર નિર્જન હોય, બીજાના અવરોધથી રહિત હોય અને જ્યાં દર કે કાણું ન હોય. એમની આ ક્રિયાને પ્રતિષ્ઠાપનાસમિતિ કહે છે.

આ સંદર્ભમાં કવિવર પંડિત દૌલતરામજીનું નીચે મુજબનું કથન વર્ણવેલ છે :

'પરમાદ તજિ ચૌકર મહી લખિ, સમિતિ ઈર્યા તૈં ચલૈં.
જગ સુહિતકર સબ અહિતહર, શ્રુતિ સુખદ સબ સંશય હરૈં,
ભ્રમરોગ–હર જિનકે વચન–મુખચન્દ્ર તૈં અમૃત ઝરૈં.
છ્યાલીસ દોષ બિના સુકુલ, શ્રાવકતનૈં ઘર અશનકો,
લૈં તપ બઢાવન હેતુ, નહિં તન–પોષતે તજિ રસનકો.
શુચિ જ્ઞાન સંયમ ઉપકરણ, લખિકૈં ગહૈં લખિકૈં ધરૈં,
નિર્જન્તુ થાન બિલોકિ, તન–મલમૂત્ર શ્લેષ્મ પરિહરૈં.'[1]

પંચેન્દ્રિયજય : રસ રૂપ ગંધ તથા ફરસ અરુ શબ્દ શુભ–અસુહાવને,
તિનમેં ન રાગ વિરોધ પંચેન્દ્રિય–જયન પદ પાવને.[2]

સ્પર્શનાદિ પંચેન્દ્રિયના ઈષ્ટાનિષ્ટ વિષયોમાં રાગ–દ્વેષ વગરના થઈ જવું એ પંચેન્દ્રિય જય અથવા પંચેન્દ્રિય નિરોધ કહેવાય છે.

---

૧. છ–ઢાળા, છઠ્ઠો ઢાળ, છન્દ ૨ અને ૩
૨. છ–ઢાળ, છઠ્ઠો ઢાળ, છન્દ ૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુનિરાજ પોતાની રુચિને અનુકૂળ–સરસ લાગવાવાળા સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને કર્ણેન્દ્રિયના વિષયોમાં અનુરાગ નથી કરતાં, ખુશ નથી થતાં અને પ્રતિકૂળ–સરસ ન લાગવાવાળા ઈન્દ્રિય વિષયોથી દ્વેષ–ઘૃણા અથવા અસંતોષ પ્રગટ નથી કરતાં, પરંતુ બન્ને પરિસ્થિતિઓમાં સમાન સામ્યભાવને જ રાખે છે. એમના આ ઈન્દ્રિય વિષયો સંબંધિત સમતાભાવને પંચેન્દ્રિયજય મૂળગુણ કહેવામાં આવે છે.

છ આવશ્યક : **'સમતા સમ્હારૈં, થુતિ ઉચારૈં, વન્દના જિનદેવકો,**
**નિત કરૈં શ્રુતિ કરૈં પ્રતિક્રમ, તજૈ તન અહમેવકો.[૧]'**

વીતરાગી મુનિરાજ સદા ત્રિકાળ સામાયિક, સ્તુતિ, વંદના, સ્વાધ્યાય, પ્રતિક્રમણ અને કાયોત્સર્ગ કરે છે. એમની આ ક્રિયાઓ દરરોજ અવશ્ય કરવા યોગ્ય છે, એટલે તેને આવશ્યક કહેવાય છે; પણ મુનિરાજ એને પોતાના કાબૂમાં રાખીને કરે છે. એમને આ ખેંચીને નથી કરવી પડતી. મૂલાચાર ગ્રંથમાં મુનિના છ આવશ્યકોનું ટૂંકું સ્વરૂપ આ પ્રકારે છે :

(૧) પરદ્રવ્યોથી રાગ–દ્વેષ રહિત થઈને સામ્યભાવ રાખવો એ સામાયિક છે.

(૨) ઋષભ, અજીત વગેરે ૨૪ તીર્થંકરોમાંથી કોઈ એક તીર્થંકરના અથવા બધા તીર્થંકરોના ગુણોની સ્તુતિ કરવી તેમજ મન–વચન–કાયાની વિશુધ્ધિપૂર્વક તેઓને નમન કરવાં એ સ્તવન છે.[૨]

(૩) અરહંત અને સિધ્ધોના પ્રતિબિમ્બોનાં દર્શન–પૂજન તેમજ શ્રુતધર તથા તપમાં વિશેષ ગુરુઓને મન–વચન–કાયાથી સ્તુતિપૂર્વક નમન કરવું એ વંદના છે.[૩]

---

૧. છ–ઢાળા, છઠ્ઠો ઢાળ, છન્દ ૫

૨. ઋષભાદિજિનવરાણાં નામનિરુક્તિં ગુણાનુકીર્તિં ચ,
કૃત્વા અર્ચયિત્વા ચ ત્રિશુધ્ધિપ્રણામઃ સ્તવો જ્ઞેયઃ. ૨૬

૩. અર્હત્સિધ્ધપ્રતિમાતપઃ શ્રુતગુણગુરુગુરુણાંરાત્ર્યધિકાનાં,
કૃતિકર્મણા ઇતરેણ ચ ત્રિકરણસંકોચનં પ્રમાણઃ. ૨૭
–મૂલાધાર, પાના સં. ૧૬–૧૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૪) દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવના આશ્રયથી અહિંસા વગેરે વ્રતોમાં લાગેલા દોષોની આલોચના દ્વારા પરિત્યાગ (નાશ) કરવો તે પ્રતિક્રમણ છે.[૧]

(૫) વાંચવું, પૂછવું, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશરૂપ શાસ્ત્રોનું અધ્યયન અને આત્મચિંતન તે સ્વાધ્યાય છે.

(૬) નિત્ય તેમજ નૈમિત્તિક ક્રિયાઓમાં જિનેન્દ્ર દેવના ગુણોનું સ્મરણ કરતાં જે શરીરના પ્રત્યે મમત્વનો ત્યાગ થાય છે, એને કાયોત્સર્ગ કહે છે.[૨]

**સ્તવન અને વંદનામાં અંતર :**

અહીં સ્તવન અને વંદનાના સંબંધમાં ધ્યાન દેવા જેવી વાત એ છે કે, સ્તવનમાં તો ૠષભ વગેરે ૨૪ તીર્થંકરોના વ્યકિતગત નામોના ઉચ્ચારણપૂર્વક એમના ગુણોની સ્તુતિ કરવામાં આવે છે અને વંદનામાં અરહંત સિધ્ધોની પ્રતિમાના માધ્યમથી તેમજ આચાર્ય વગેરેના વિશેષ ગુણોના સ્મરણ કરતાં નમન કરવામાં આવે છે. એકમાં વ્યકિતવિશેષની મુખ્યતા છે અને બીજામાં કોઈ વ્યકિતવિશેષની નહિ, પણ ગુણો અથવા પદ–વિશેષની મુખ્યતાથી સ્તુતિ કરવામાં આવે છે.

આ સિવાય મુનિના નીચે મુજબ બીજા સાત મૂળગુણ હોય છે :

(૧) સ્નાનનો ત્યાગ, (૨) દાંત સાફ કરવાનો ત્યાગ, (૩) જમીન ઉપર એક પાસાથી રાત્રિના છેલ્લા પહોરમાં અલ્પ નિદ્રા લેવી, (૪) વસ્ત્રનો સર્વથા ત્યાગ, (૫) કેશલોચન કરવા, (૬) ત્રણ ઘડી દિવસ નીકળ્યા પછી અને ત્રણ ઘડી દિવસ બાકી રહે તે પહેલાં એક વાર આહાર લેવો, (૭) ઊભા ઊભા હાથને જ પાત્ર બનાવી અર્થાત્ હાથના ખોબામાં જ અલ્પ આહાર લેવો.

આ પ્રકારે બધા સાધુઓના ૨૮ મૂળગુણ હોય છે. મુનિરાજ દ્વારા તેનું સહેજે નિરતિચાર પાલન થાય છે.

ખરેખર મુનિરાજની સહજ જીવનચર્યા–દિનચર્યાનું બીજું નામ ૨૮ મૂળગુણ છે. અર્થાત્ મુનિરાજ જ્યારે જ્યારે સાતમા ગુણસ્થાનથી છઠ્ઠ મા ગુણસ્થાનમાં આવે

---

૧. દ્રવ્યે ક્ષેત્રે કાલે ભાવે ચ કૃતાપરાધશોધનકૈઃ,
નિંદનગર્હણયુક્તો મનોવચઃ કાયેન પ્રતિક્રમણં. ૨૮

૨. દૈવસિકનિયમાદિષુ યથોક્તમાનેન ઉક્તકાલે,
જિનગુણચિંતનયુક્તઃ કાયોત્સર્ગસ્તનુવિસર્ગઃ. ૩૦

–મૂલાધાર, પાના સં. ૧૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, તે સમયે તેમની જે શુભભાવરૂપ સહજ બાહ્ય પ્રવૃત્તિ હોય છે, તે સહેજે પાંચ મહાવ્રત રૂપ, પાંચ સામેતિરૂપ, પંચેન્દ્રિયોના વિજયરૂપ, છ આવશ્યક તથા સ્નાન, દન્તધોવન વગેરે ન કરવા રૂપ જ થાય છે. અશુભ ભાવનું તો ત્યાં અસ્તિત્વ જ નથી હોતું. બસ, આ ૨૮ મૂળગુણોનું સહજ ભાવથી નિરતિચાર પાલન થવું જ દિગમ્બર જૈન મુનિની બાહ્ય ઓળખાણ છે. આના વગર કોઈને દિગમ્બર જૈન મુનિ માનવા એ મુનિધર્મનો અવર્ણવાદ છે, જે કે દર્શનમોહનીય કર્મબન્ધનું કારણ છે.

'ણમો લોએ સવ્વ સાહૂણં' માં આ જ સાધુઓને નમન કરવામાં આવે છે. જ્યારે આપણે 'ણમો લોએ સવ્વ સાહૂણં' વાકય બોલીએ ત્યારે સાચા સાધુનું સ્વરૂપ આપણા માનસપટલ ઉપર અંકિત થતું ભાસિત થવું જોઈએ.

એવા મુનિધર્મના ધારક આચાર્ય, ઉપાધ્યાય અને સામાન્ય સાધુ મુખ્ય રૂપથી તો આત્મસ્વરૂપને જ સાધે છે અને બાહ્યમાં ૨૮ મૂળગુણોનું અખંડિત પાલન કરે છે. બધા આરંભ અને અંતરંગ–બહિરંગ પરિગ્રહથી રહિત હોય છે, હંમેશા જ્ઞાન–ધ્યાનમાં લવલીન રહે છે, સાંસારિક પ્રપંચોથી હંમેશા દૂર રહે છે. આચાર્ય અને ઉપાધ્યાય તો મુનિસંઘની વ્યવસ્થાના અંતર્ગત પ્રશાસનિક તેમજ શૈક્ષણિક પદ છે. જે સાધુ પોતાના મૂળ પ્રયોજનને સાધતા તેને યોગ્ય થાય છે, તેઓને આ પદ પ્રાપ્ત થાય છે. છેલ્લે સમાધિના હેતુથી આચાર્ય, ઉપાધ્યાય પણ પોતાના યોગ્ય શિષ્યોને પોતાનું પદ સોંપીને, પોતે એ પદોથી નિવૃત્ત થઈ નિજ સ્વભાવની સાધનામાં લાગી જાય છે.

આવા સાધુ પરમેષ્ઠીને જ 'ણમો લોએ સવ્વ સાહૂણં'માં સ્મરણ અને નમન કરેલ છે, બીજા કોઈને નહિ.

આમ આપણે જોઈએ છીએ કે, ણમોકાર મંત્રમાં પંચપરમેષ્ઠીઓને નમન કરવામાં આવ્યાં છે અને તેમનું સ્વરૂપ વીતરાગ–વિજ્ઞાનમય છે. વીતરાગ–વિજ્ઞાનમય પંચપરમેષ્ઠીઓના સ્વરૂપને સમજીને, એમનું સ્મરણ કરતાં ણમોકાર મંત્રનો પાઠ કરવો એ જ ણમોકાર મંત્રનું સ્મરણ છે અને આ પ્રકારના સ્મરણથી જીવ પાપભાવો અને પાપકર્મોથી બચવા પામે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# સામાન્ય સાધુનું સ્વરૂપ

સામાન્ય રૂપથી જોવા જતાં ખરેખર તો આચાર્ય, ઉપાધ્યાય પણ સાધુ જ છે. આ જ કારણ છે કે, ચત્તારિ મંગલ વગેરે પાઠમાં આચાર્ય તેમ જ ઉપાધ્યાયને અલગથી વર્ણવ્યા નથી. એમને 'સાહૂ' શબ્દમાં ગર્ભિત કરેલ છે. મૂળ પાઠ આ પ્રકારે છે :

'અરહંતા મંગલં, સિધ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલીપણ્ણત્તો ધમ્મો મંગલં.'

તેથી સર્વપ્રથમ જેમાં આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુ—બધાં ગર્ભિત છે, એવા સાધુઓના સામાન્ય સ્વરૂપ ઉપર વિચાર કરવો જરૂરી છે.

**"દંસણણાણસમગ્ગં મગ્ગં મોક્ખસ્સ જો હુ ચારિત્તં ।**
**સાધયદિ ણિચ્ચસુદ્ધં સાહૂ સ મુણી ણમો તસ્સ ॥ [૧]"**

"જેઓ સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાનથી પરિપૂર્ણ, મોક્ષમાર્ગ સ્વરૂપ, રાગાદિ રહિત શુધ્ધ ચારિત્રને હંમેશ સાધે છે, તેવા મુનિ સાધુ છે. એમને અમારા નમસ્કાર હો.'

પં. ટોડરમલજીના અનુસાર સામાન્ય સાધુનું સ્વરૂપ આ પ્રકારે છે :

"જે વિરાગી બની, સમસ્ત પરિગ્રહ છોડી શુધ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુધ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે, પરદ્રવ્યમાં અહંબુધ્ધિ ધારતા નથી, તથા પોતાના જ્ઞાનાદિક સ્વભાવોને જ પોતાના માને છે, પરભાવોમાં મમત્વ કરતા નથી, તથા જે પરદ્રવ્ય વા તેના સ્વભાવો જ્ઞાનમાં પ્રતિભાસે છે, તેને જાણે છે તો ખરા, પરંતુ ઈષ્ટ—અનિષ્ટ માની તેમાં જે રાગદ્વેષ કરતા નથી, શરીરની અનેક અવસ્થા થાય છે—બાહ્ય અનેક પ્રકારનાં નિમિત્ત બને છે પરંતુ ત્યાં કંઈ પણ સુખ—દુઃખ જે માનતા નથી, વળી પોતાને યોગ્ય બાહ્યક્રિયા જેમ બને છે, તેમ બને છે, પરંતુ તેને ખેંચીતાણી જે કરતા નથી, પોતાના ઉપયોગને જેઓ બહુ ભમાવતા

---

૧. બૃહદ્—દ્રવ્યસંગ્રહ, ગાથા ૫૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, પણ ઉદાસીન થઈ નિશ્ચલ વૃત્તિને ધારણ કરે છે, કદાચિત્ મંદ રાગના ઉદયથી શુભોપયોગ પણ થાય છે, જે વડે તે શુધ્ધોપયોગના બાહ્ય સાધનોમાં અનુરાગ કરે છે, પરંતુ એ રાગભાવને પણ હેય જાણી દૂર કરવા ઇચ્છે છે. તીવ્ર કષાયના ઉદયના અભાવથી હિંસાદિરૂપ અશુભોપયોગ પરિણતિનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી, એવી અંતરંગ અવસ્થા થતાં બાહ્ય દિગંબર સૌમ્યમુદ્રાધારી થયા છે, શરીર સંસ્કારાદિ વિક્રિયાથી જેઓ રહિત થયા છે, વનખંડાદિ વિષે જેઓ વસે છે, ૨૮ મૂળગુણોને જેઓ અખંડિત પાલન કરે છે, ૨૨ પરિષહોને જેઓ સહન કરે છે, બાર પ્રકારના તપને જેઓ આદરે છે, કદાચિત્ ધ્યાનમુદ્રાધારી પ્રતિમાવત્ નિશ્ચલ રહે છે, કદાચિત્ અધ્યયનાદિક બાહ્ય ધર્મક્રિયામાં પ્રવર્તે છે, કોઈ વેળા મુનિ ધર્મને સહકારી શરીરની સ્થિતિ અર્થે યોગ્ય આહાર–વિહારાદિ ક્રિયામાં સાવધાન થાય છે. એ પ્રમાણે જેઓ જૈનમુનિ છે, તે સર્વની એવી જ અવસ્થા હોય છે.[૧]"

એમના સમતાભાવ અને એનાથી પ્રાપ્ત થતા અતીન્દ્રિય આનંદનું ચિત્રણ પંડિત દૌલતરામજીએ આ પ્રકારે કરેલ છે :

"અરિ મિત્ર મહલ મસાન કંચન કાંચ નિન્દન થુતિ કરન,
અર્ઘાવતારન અસિ–પ્રહારનમેં સદા સમતા ધરન.
યોં ચિન્ત્ય નિજમેં થિર ભયે; તિન અકથ જો આનંદ લહ્યો,
સો ઇન્દ્ર નાગ નરેન્દ્ર વા અહમિન્દ્રકો નાહીં કહ્યો.[૨]"

સમ્યક્દર્શનની પ્રાપ્તિ માટે અરહંત અને સિધ્ધની સમાન સાધુનું સ્વરૂપ સમજવું પણ અત્યંત જરૂરી છે. સાધુના સ્વરૂપને જાણવા અત્યંત સાવધાનીની આવશ્યકતા છે, કેમ કે સાધુ તો ચાલતા – ફરતા સિધ્ધ હોય છે.

એવું કહેલ પણ છે :

**"ચલતે ફિરતે સિદ્ધો સે ગુરુ ચરણોં મેં શીશ ઝુકાતે હૈં,**
**હમ ચલેં આપકે કદમોં પર નિત યહી ભાવના ભાતે હૈં.[૩]"**

૧. મોક્ષમાર્ગપ્રકાશક, પાના સં. ૩
૨. છ–ઢાળા, છઠ્ઠો ઢાળ, છન્દ ૬ તથા ૧૧
૩. ડો. હુકમચન્દ ભારિલ્લ રચિત દેવ–શાસ્ત્ર–ગુરુ પૂજનની જયમાળા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને આ પણ જુઓ, ગુરુના સ્વરૂપનું કેવું સુંદર વર્ણન કરેલ છે :

*"હે ગુરુવર ! શાશ્વત સુખ–દર્શક, યહ નગ્ન સ્વરૂપ તુમ્હારા હૈ,*
*જગ કી નશ્વરતા કા સચ્ચા, દિગ્દર્શ કરાને વાલા હૈં.*

*જબ જગ વિષયોં મેં રચ–પચ કર ગાફિલ નિદ્રા મેં સોતા હો,*
*અથવા વહ શિવ કે નિષ્કંટક પથ મેં વિષકંટક બોતા હો.*
*હો અર્દ્ધ નિશા કા સન્નાટા વન મેં વનચારી ચરતે હોં,*
*તબ શાન્ત નિરાકુલ માનસ તુમ તત્વોં કા ચિન્તન કરતે હોં.*
*કરતે તપ શૈલ નદી તટ પર તરુ તલ વર્ષા કી ઝડિયોં મેં,*
*સમતા રસપાન કિયા કરતે સુખ–દુઃખ દોનોં કી ઘડિયોં મેં.[૧]"*

આમ સાધુ આપણા પાવન પ્રેરણામૂર્તિ છે, જીવન્તતીર્થ છે અને મુક્તિમાર્ગના પ્રદર્શક છે.

સાધુના સ્વરૂપ વિશે જાણવામાં અત્યન્ત સાવધાનીની આવશ્યકતા છે. કેમ કે જો એમના સ્વરૂપને સારી રીતે જાણ્યા વગર અજ્ઞાની ગુરુના સંયોગથી ભટકી જવાની સંભાવના વધી જાય છે.

કુન્દકુન્દ આચાર્ય દેવે અષ્ટપાહુડમાં સાધુના સ્વરૂપ ઉપર વિસ્તાપૂર્વક પ્રકાશ પાડેલ છે. એ લખે છે :

**"દવ્વેણ સયલ ણગ્ગા ણારયતિરિયા ય સયલસંઘાયા ।**
**પરિણામેણ અસુદ્ધા ણ ભાવસવણત્તણં પત્તા ॥ ૬૭ ॥**
**ણગ્ગો પાવઇ દુક્ખં ણગ્ગો સંસારસાયરે ભમઇ ।**
**ણગ્ગો ણ લહઇ બોહિં જિણભાવણવજ્જિઓ સુઇરં " ॥ ૬૮ ॥**

* * *

**"ભાવેણ હોઇ ણગ્ગો મિચ્છત્તાઇ ય દોસ ચઇઊણં।**
**પચ્છા દવ્વેણ મુણી પયડદિ લિંગં જિણાણાએ" ॥ ૭૩ ॥[૨]**

૧. શ્રી જુગલ કિશોર 'યુગલ' દ્વારા રચિત દેવ–શાસ્ત્ર–ગુરુ પૂજનની જયમાળા
૨. અષ્ટપાહુડ, ભાવપાહુડ, ગાથા સં. ૬૭, ૬૮, ૭૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યથી બહારમાં તો બધાં પ્રાણી નગ્ન હોય છે. નારકી જીવ અને તિર્યંચ જીવ તો નિરન્તર વસ્ત્રાદિથી રહિત નગ્ન જ હોય છે. મનુષ્યાદિ પણ કારણસર નગ્ન થતા દેખાય છે, તો પણ એ બધાં પરિણામોથી અશુધ્ધ છે; એટલે ભાવશ્રમણપણાને પ્રાપ્ત થતા નથી.

જે ભાવથી રહિત અર્થાત્ સમ્યક્દર્શનથી રહિત નગ્ન શ્રમણ સદૈવ દુ:ખ પ્રાપ્ત કરે છે, સંસારસાગરમાં ભ્રમણ કરે છે અને એ બોધિ એટલે કે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગને અનંતકાળ સુધી પ્રાપ્ત કરતા નથી.

પહેલાં મિથ્યાત્વાદિ દોષો છોડીને ભાવથી અંતરંગ નગ્ન થવું, પછી બાહ્યમાં દ્રવ્યલિંગ ધારણ કરવું–આ જિન આજ્ઞા છે."

સાધુ આપણા પરમપૂજ્ય પંચ પરમેષ્ઠીઓમાં સમાહિત છે, જેમને આપણે દરરોજ ણમોકાર મંત્રનાં રૂપમાં સવાર–સાંજ સ્મરણ કરીએ છીએ, એમના નામની માળા જપીએ છીએ, નમન કરીએ છીએ. એમનાં સંબંધમાં કોઈ પણ પ્રકારની કરેલ અસાવધાની અથવા ઉપેક્ષા સન્માર્ગથી દૂર ભટકવામાં પ્રબળ કારણ બની શકે છે. એટલે આ સંબંધમાં વિશેષ સાવધાની અને સતર્કતાથી વર્તવાની આવશ્યકતા છે.

આ સંબંધમાં ડો. હુકમચન્દ ભારિલ્લનું નીચે મુજબનું કથન બહુ જ ગંભીરતાપૂર્વક વિચારવા યોગ્ય છે :

"એ રત્નત્રયના ધારી પરમ વીતરાગી નગ્ન દિગંબર ભાવલિંગી સંતોના પ્રતિ જો આપણાં હ્રદયમાં રંચમાત્ર પણ અવજ્ઞાનો ભાવ રહેશે તો આપણે મુક્તિમાર્ગથી ઘણા દૂર રહીશું. અને સાથે સાથે જિનાગમમાં બતાવેલ ગુરુના સ્વરૂપને અનુરુપ જો શ્રધ્ધાન–જ્ઞાન અને ચારિત્રના ધારક નહિ હોઈએ, જો આપણે એમને ભય–આશા–સ્નેહ અને લોભાદિકના કારણે ગુરુની જેમ પૂજ્ય માનશું, તો પણ આપણે મુક્તિમાર્ગની પાસે નહિ આવી શકીએ.[1]"

કુન્દકુન્દાચાર્યે પણ આ જ કહેલ છે :

**"જે વિ પડંતિ ચ તેસિં જાણંતા લજ્જાગારવભયેણ ।**
**તેસિં પિ ણત્થિ બોહિ, પાવં અણુમોયમાણાણં" ॥**

૧. તીર્થંકર મહાવીર ઔર ઉનકા સર્વોદય તીર્થ, પાના સં. ૧૨૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'જે વ્યક્તિ એ સમ્યક્દર્શન રહિત સાધુઓને જાણવા છતાં લજ્જા, ગૌરવ, મોટાઈ અને ભયના કારણે નમનાદિ ક્રિયા કરે છે, એમને પૂજે છે, પાપની અનુમોદના કરવાને કારણે તે પણ સમ્યક્દ્રષ્ટિ હોતા નથી.[1]"

નિત્ય નિજાત્મામાં રમણ કરવાવાળા, શત્રુ–મિત્રોમાં સમતા ધારણ કરવાવાળા, સમ્યક્જ્ઞાની વીતરાગી ભાવલિંગી મુનિવરોને વારંવાર નમન કરતા મહાકવિ ભૂધરદાસજીના સ્વરમાં સ્વર મેળવીને આપણે પણ ભાવના ભાવીએ છીએ કે :

'વે મુનિવર કબ મિલિહૈં ઉપગારી,
સાધુ દિગમ્બર નગન નિરમ્બર, સંવર ભૂષણધારી. વે. (૧)
કંચન–કાંચ બરાબર જિનકૈ, જ્યોં રિપુ ત્યોં હિતકારી,
મહલ–મસાન મરન અરુ જીવન, સમ ગરિમા અરુ ગારી. વે. (૨)
સમ્યગ્જ્ઞાન પ્રધાન પવન બલ, તપ પાવક પરજારી,
શોધત જીવ સુવર્ણ સદા જે, કાય કારિમા ટારી. વે. (૩)
જોરિ જુગલ કર 'ભૂધર' બિનવૈ, તિનપદ ઢોક હમારી,
ભાગ ઉદય દરસન જબ પાઊં, તા દિન કી બલિહારી.' વે. (૪) □

## જો પરમાતમ સો હી મૈં

'જિન સુમરો જિન ચિન્તવો, જિન ધ્યાવો મન શુદ્ધ,
લહો પરમ પદ ક્ષણિક મેં, હોકર કે પ્રતિબુદ્ધ.
જિનવર અરુ શુદ્ધાત્મ મેં, કિંચિત્ ભેદ ન જાન,
મોક્ષ અર્થ હે યોગિજન! નિશ્ચય સે યહ માન.
જો જિન સો આતમ લખો, નિશ્ચય ભેદ ન રંચ,
યહી સાર સિદ્ધાન્ત કા, છોડો સર્વ પ્રપંચ.
જો પરમાતમ સો હી મૈં, મૈં જો વહી પરમાત્મ,
ઐસા જાન જુ યોગિજન, કરિએ કછુ ન વિકલ્પ.'

–યોગસાર (પદ્યાનુવાદ)

૧. અષ્ટ પાહુડ : દર્શન પાહુડ – ગાથા ૧૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# નિર્ગ્રંથ મુનિ નગ્ન જ કેમ હોય છે ?

જૈન દર્શનની દાર્શનિક વ્યાખ્યા અથવા શાસ્ત્રીય દ્રષ્ટિકોણથી જો નિર્ગ્રંથ સાધુની નિર્ગ્રંથતા પર વિચાર કરવામાં આવે તો એમની નિર્મળ પરણતિમાં છઠ્ઠા–સાતમા ગુણસ્થાનની એવી સર્વોચ્ચ ભૂમિકા રહેલી હોય છે, જેમાં અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ તથા પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ કષાયોનો અભાવ થઈ જાય છે; આ કારણે નિર્ગ્રંથ મુનિરાજોને આ ભૂમિકામાં વસ્ત્ર ધારણ કરવાના ભાવ જ નથી આવતા. એટલે તેઓ નગ્ન રહે છે.

સંપૂર્ણ કામવાસના તથા વિષયવિકાર પર વિજય પ્રાપ્ત થવાથી અથવા પૂર્ણ નિર્વિકારી થઈ જવાથી એમની નગ્નતા સહજ તેમ જ સ્વાભાવિક હોય છે.

જો કોઈ બળજબરીથી એમના ઉપર વસ્ત્ર નાખી દે અથવા પહેરાવી દે, તો તેઓ એને ઉપસર્ગ (આપતિત સંકટ) માનીને એ ઉપસર્ગના દૂર ન થવા સુધી ભોજન -પાણી તથા ગમનાગમનનો પણ ત્યાગ કરી દે છે.

લજ્જા–ગૌરવ, ઠંડી–ગરમી, ડાંસ–મચ્છર વગેરેના સમસ્ત પરિષહોને જીતી લેવાથી નિર્ગ્રંથ સાધુને વસ્ત્ર ધારણ કરવાના ભાવ નથી થતા, તેનો વિકલ્પ જ નથી આવતો; એટલે નિર્ગ્રંથ મુનિ નગ્ન રહે છે.

નિર્ગ્રંથ સાધુ પૂર્ણ સ્વાધીન અને સ્વાવલમ્બી હોય છે, પરાધીનતા તથા પરાવલમ્બન એમના સ્વભાવમાં જ નથી હોતા. એટલે સંયમનું ઉપકરણ પીંછી શુધ્ધિનું ઉપકરણ કમંડળ તથા જ્ઞાનનું ઉપકરણ શાસ્ત્રની સિવાય એમને કાંઈ પણ સ્વીકૃત નથી હોતું.

દિશાઓ જ જેમનાં વસ્ત્ર હોય છે, જેમને દેહ પર વસ્ત્ર ધારણ કરવાનો રાગ (ભાવ) નથી રહેતો, એમને દિગમ્બર જૈન સાધુ કહે છે.

નાનકડાં બે–ત્રણ વર્ષીય નિર્વિકારી બાળકવત્ નિર્ગ્રંથ સાધુઓને વસ્ત્ર ધારણ કરવાનો વિકલ્પ નથી આવતો, આવશ્યકતા જ અનુભવ નથી થતી. જે પ્રમાણે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કામ—વાસનાથી રહિત બાળક મા—બહેનની સમક્ષ શરમાતો નથી, સંકોચ પણ નથી કરતો તથા મા—બહેનોને પણ એને નગ્ન જોવામાં, ખોળામાં લેવામાં શરમ નથી આવતી; બરાબર એ પ્રમાણે નિર્વિકારી નિર્ગ્રંથ મુનિરાજોને પણ શરમ નથી આવતી. એમનાં દર્શન કરવામાં એમના ભક્ત નર--નારીઓને પણ સંકોચ નથી થતો.

આ પ્રમાણે જ્યારે એમના આત્મામાં કોઈ પણ કષાય અથવા મનોવિકારની ગ્રંથિ જ ન રહી હોય તો શરીર પર વસ્ત્રની ગાંઠ કેવી રીતે રહી શકે છે ? એટલે તેઓ નગ્ન હોય છે.

લૌકિક દ્રષ્ટિથી પણ દિ. જૈન મુનિઓને સામાજિક સીમાઓના ઘેરામાં ન ઘેરી શકાય; કેમકે એ લોકવ્યવહારથી ઉપર આવી ગયા છે, વ્યવહારાતીત થઈ ગયા છે. તેઓ તો વનવાસી સિંહની જેમ પૂર્ણ સ્વતંત્ર, સ્વાવલમ્બી અને અત્યંત નિર્ભય હોય છે. આ કારણે તેઓ મુખ્યપણે વનવાસી જ હોય છે.

દિગમ્બર જૈન સાધુઓની નિર્ગ્રંથતા, નિર્દોષતા, નિર્વિકારિતા, નિર્પેક્ષતા, નિર્ભયતા અને નિશ્ચિંતતાની પરિચાયક છે.

દિગમ્બરત્વની સ્વાભાવિકતા, સહજતા અને નિર્વિકારિતાની સાથે એની અનિવાર્યતાથી અપરિચિત કેટલાક મહાનુભાવોને મુનિરાજની નગ્નતામાં જે અસભ્યતા તથા અસામાજિકતા દ્રષ્ટિગોચર થાય છે, એ એમના સ્વયંના દ્રષ્ટિકોણનો ફેર છે. આવા વ્યક્તિઓ સમય—સમય પર નગ્નતા જેવા સર્વોત્કૃષ્ટ રૂપથી નાક—નેણ પણ સંકોચતા રહે છે, ઘૃણાના ભાવ પણ વ્યકત કરતા રહે છે. તેઓએ એક વાર નગ્નતાને નિર્વિકારી દ્રષ્ટિથી જોવી જોઈએ.

અન્ય દર્શનોમાં પણ નગ્નતાને જ સાધુનું ઉત્કૃષ્ટ રૂપ માનવામાં આવ્યું છે. પરમહંસ નામક પરમતના સાધુ પણ નગ્ન રહે છે – આવો એમનાં પુરાણોમાં ઉલ્લેખ છે.

હા, નિર્વિકારી થયા વિના નગ્નતા નિશ્ચિત જ નિન્દનીય છે. નગ્નતાની સાથે નિર્વિકારી થવું અનિવાર્ય છે. કેવળ તનથી નગ્ન હોવાનું નામ દિગમ્બરત્વ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગ–દ્વેષ, કામ–ક્રોધાદિ વિકારી ભાવોથી મન (આત્મા)ની નગ્નતાની સાથે તનની નગ્નતા જ સાચું દિગમ્બરત્વ છે. આ નગ્નતાને ક્યારેય પણ લજ્જાજનક, અશિષ્ટ તથા અશ્લીલ ન કહી શકાય. આવી નગ્નતા તો પરમ પૂજ્ય છે, આદર્શ છે; એટલે અનુકરણીય છે.

હિન્દુ ધર્મના પ્રસિધ્ધ ઋષિ શુક્રાચાર્યના કથાનકથી આ વાત અત્યંત સ્પષ્ટ થાય છે કે, તનની નગ્નતાની સાથે મનનું નિર્વિકારી થવું કેટલું આવશ્યક છે; નહિતર જે નગ્નતા પૂજ્ય છે, તે જ નિન્દનીય પણ થઈ જાય છે.

એવું કહેવામાં આવે છે કે, શુક્રાચાર્ય યુવાન હતા, પણ શિશુવત્ નિર્વિકારી હતા, એટલે સહજ ભાવથી નગ્ન રહેતા હતા. એક દિવસ તેઓ એક તળાવના કિનારેથી જઈ રહ્યા હતા, જ્યાં દેવકન્યાઓ નિર્વસ્ત્ર થઈને સ્નાન તથા જળક્રીડા કરી રહી હતી, ત્યાં તેઓ શુક્રાચાર્યને જોઈને તેવી જ રીતે સ્નાન કરતી રહી, જરા પણ ન શરમાણી. દેવકન્યાઓ તથા શુક્રાચાર્ય–બંને જ એક–બીજાની નગ્નતાથી જરા પણ પ્રભાવિત ન થયા.

થોડીક વાર પછી શુક્રાચાર્યના વયોવૃધ્ધ પિતા ત્યાંથી નીકળ્યા. એમને જોતાં જ બધી દેવકન્યાઓ શરમાઈ ગઈ. ન કેવળ શરમાણી, પણ ક્ષુબ્ધ પણ થઈ ગઈ. જળ ક્રીડાને જલાંજલિ દઈને ભાગી અને બધાએ પોતપોતાનાં વસ્ત્ર પહેરી લીધાં.

જુઓ ! એ દેવકન્યાઓ યુવકને નગ્ન જોઈને તો શરમાણી નહિ અને એક વૃધ્ધ વ્યકિતને જોઈ શરમાઈ ગઈ. જરા વિચારો ! આનું શું કારણ હોઈ શકે છે ? બસ, એટલુ જ ને કે, તનથી નગ્ન યુવક મનથી પણ નગ્ન હતો, નિર્વિકારી હતો અને એના પિતા હજી મનથી પૂર્ણ નિર્વિકારી થઈ શકયા ન હતા. આ વાત મહિલાઓની નજરે છુપાયેલી ન હતી, રહી પણ શકે નહિ. કોઈ કેટલું પણ કેમ ન છુપાવે, પણ મનનો વિકાર તો માથા ઉપર ચડીને બોલે છે. કહેવાય પણ છે :

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"મુખાકૃતિ કહ દેત હૈ, મૈલે મનકી બાત."

નગ્નતાથી નફરત કરવાનો અર્થ એ છે કે, આપણને પોતાનું નિર્વિકારી થવું પસંદ નથી.

પણ એ ધ્યાનમાં રહે કે, તનની નગ્નતાની સાથે મનની નગ્નતા હોવી જ જોઈએ, નહિતર કોઈ લાભ નહિ થાય. નગ્નતા કલંકિત જ થશે. એટલે જ તો કહ્યું છે કે, **"સમ્યક્જ્ઞાની હોય બહુરિ દ્રઢ ચારિત લિજે."**

આત્મજ્ઞાન વગરનો વ્યકિત પણ કયારેક કયારેક મુનિવ્રત અંગીકાર કરી લે છે, પણ એનાથી કોઈ લાભ નથી થતો. કુન્દકુન્દદેવ ભાવપાહુડમાં સ્વયં લખે છે :

**"ણગ્ગો પાવઈ દુઃખં, ણગ્ગો સંસાર સાયરે ભમઈ।**
**ણગ્ગો ન લહહિ બોહિં જિણ ભાવણં વજ્જિઓ સુઈરં ॥ "**

"જે ભાવનાથી રહિત કેવળ શરીરથી નગ્ન વ્યકિત દુઃખ પામે છે, એ સંસારસાગરમાં જ ગોતા ખાય છે, એને બોધની પ્રાપ્તિ નથી થતી, એટલે શરીરથી નગ્ન થતાં પહેલાં મનથી નગ્ન અર્થાત્ નિર્વિકારી થવું આવશ્યક છે."

જિનાગમ સિવાય અન્ય જૈનેતર શાસ્ત્રો તથા પુરાણોમાં પણ દિગમ્બર મુનિઓનો ઉલ્લેખ મળે છે :

રામાયણમાં સર્ગ ૧૪ના ૨૨મા શ્લોકમાં રાજા દશરથ નિર્ગ્રંથ શ્રમણોને આહાર દેતા બતાવવામાં આવ્યા છે. ભૂષણ ટીકામાં શ્રમણનો અર્થ દિગમ્બર મુનિ એવો કર્યો છે.

શ્રીમદ્ભાગવત તથા વિષ્ણુપુરાણમાં ઋષભદેવનો દિગમ્બર મુનિના રૂપમાં જ ઉલ્લેખ છે. વાયુપુરાણ તથા સ્કંધપુરાણમાં પણ દિગમ્બર મુનિનું અસ્તિત્વ દર્શાવવામાં આવ્યું છે.

ઈસાઈ ધર્મમાં પણ દિગંબરત્વનો સ્વીકાર કરતાં કહેવામાં આવ્યુ છે કે, "આદમ અને હવ્વા" નગ્ન રહેતાં છતાં ક્યારેય નો'તા શરમાણા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે, ઇતિહાસ તથા ઇતિહાસ બહારના શ્રમણ તથા વૈષ્ણવ સાહિત્યમાં ત્યાં સુધી કહેવામાં આવ્યું છે કે, દિગમ્બર થયા વિના મોક્ષની સાધના તથા કેવલ્યપ્રાપ્તિ સંભવ નથી. એટલે નગ્નતા તરફ નફરત કરવી, ઘૃણા કરવી એ પોતાના જ ધર્મ, સંસ્કૃતિ, પુરાતત્ત્વ તથા સત્યથી ઘૃણા કરવા જેવું છે. □

## "ણમો લોએ સવ્વ સાહૂણં" માં વીતરાગી જૈનસંત જ આવે છે

કેટલાક લોકો કહે છે કે, ણમોકાર મહામંત્રમાં બહુ જ ઉદારતાથી સંસારના સર્વ સાધુઓને નમસ્કાર કરવામાં આવ્યા છે. ઉદારતાની વ્યાખ્યા કરતા તેઓ એ કહેવાનું પણ ચૂકતા નથી કે, જૈન સાધુ અને જૈનેતર સાધુઓને આમાં ભેદભાવ વગર સમાન રૂપથી નમસ્કાર કરવામાં આવેલ છે.

શું "ણમો લોએ સવ્વ સાહૂણં" નો ખરેખર આ જ ભાવ છે ? કે પછી જૈનેતરોને પ્રસન્ન કરવા માટે આવું કહી દેવામાં આવે છે ?

જો કે તે વાત સત્ય છે કે, આમાં કોઈ સાધુવિશેષનું નામ નથી લેવામાં આવ્યું, કોઈ ધર્મનું પણ નામ નથી લીધુ; છતાં આમાં તે જ સાધુગણ આવે છે, જે પાંચ પરમેષ્ઠીઓમાં ગર્ભિત છે, ૨૮ મૂળગુણોના ધારી છે; જે જૈન પરિભાષા અનુસાર છઠ્ઠા–સાતમાં ગુણસ્થાનની ભૂમિકામાં ઝૂલવાવાળા છે અથવા આનાથી પણ ઉપર છે. એટલે એ સુનિશ્ચિત છે કે, "ણમો લોએ સવ્વ સાહૂણં" માં વીતરાગી ભાવલિંગી જૈન સંત જ આવે છે; કેમકે જૈન પરિભાષા અનુસાર તેઓ જ સંસારના સર્વસાધુ છે, અન્ય નહિ.

—આત્મા હી હૈ શરણઃ ડો. ભારિલ્લ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ચત્તારિ મંગલં (ચાર મંગળ)

**ચત્તારિ મંગલં, અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિપણ્ણત્તો ધમ્મો મંગલં.**

**ચત્તારિ લોગુત્તમા, અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો.**

**ચત્તારિ શરણં પવ્વજ્જામિ, અરહંતે શરણં પવ્વજ્જામિ, સિદ્ધે શરણં પવ્વજ્જામિ, સાહૂ શરણં પવ્વજ્જામિ, કેવલિપણ્ણત્તં ધમ્મં શરણં પવ્વજ્જામિ.**

લોકમાં ચાર મંગળ છે. અરહંત ભગવાન મંગળ છે, સિદ્ધ ભગવાન મંગળ છે, સાધુ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) મંગળ છે તથા કેવળી ભગવાન દ્વારા બતાવેલ ધર્મ મંગળ છે.

જે મોહ–રાગ–દ્વેષરૂપી પાપોને ગાળે અને સાચું સુખ ઉત્પન્ન કરાવે, તેને મંગળ કહે છે. અરહંતાદિક સ્વયં મંગળમય છે અને તેમનામાં ભક્તિભાવ હોવાથી પરમ મંગળ થાય છે.

લોકમાં ચાર ઉત્તમ છે. અરહંત ભગવાન ઉત્તમ છે, સિદ્ધ ભગવાન ઉત્તમ છે, સાધુ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) ઉત્તમ છે તથા કેવળી ભગવાન દ્વારા બતાવવામાં આવેલ ધર્મ ઉત્તમ છે.

લોકમાં જે બધાથી મહાન હોય, તેને ઉત્તમ કહે છે. લોકમાં આ ચારેય બધાથી મહાન છે, એટલે ઉત્તમ છે.

હું ચારેયના શરણમાં જાઉ છું. અરહંત ભગવાનના શરણમાં જાઉ છું, સિદ્ધ ભગવાનના શરણમાં જાઉ છું, સાધુઓ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) ના શરણમાં જાઉ છું અને કેવળી ભગવાને બતાવેલ ધર્મના શરણમાં જાઉ છું.

શરણ સહારાને કહે છે. પરમેષ્ઠી દ્વારા બતાવેલ માર્ગ ઉપર ચાલીને પોતાના આત્માનું શરણ લેવું એ જ પંચપરમેષ્ઠીનું શરણ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે વ્યકિત પંચપરમેષ્ઠીનું શરણ લે છે, એનું કલ્યાણ થાય છે, અર્થાત્ તેનું દુઃખ (ભવ–ભ્રમણ) મટી જાય છે.

પ્રત્યક્ષ જિનેન્દ્રદેવનાં દર્શન–પૂજન કરતી વખતે અને પરોક્ષ ત્રિકાળ વંદના–સામાયિક વગેરે કરતી વખતે તથા સાંજ–સવાર, ઉંઘતા–જાગતા જ્યારે પણ ણમોકાર મંત્ર બોલાય છે, તે સમયે તેની સાથે ઉપર મુજબ 'ચત્તારિ મંગલં' પાઠ પણ બોલાય છે. આ પાઠમાં પાંચે પરમેષ્ઠીઓ અને તેમના દ્વારા દર્શાવેલ વીતરાગ ધર્મને મંગળ, ઉત્તમ અને શરણ કહેલ છે.

## મંગળ

'મંગળ' શબ્દની વ્યાખ્યા કરતા આચાર્યકલ્પ પંડિત ટોડરમલજી લખે છે કે :

" 'મંગ' એટલે સુખ, તેને 'લાતિ' એટલે આપે, અથવા 'મં' એટલે પાપ તેને 'ગાલયતિ' એટલે ગાળે, દૂર કરે તેનું નામ મંગળ છે. હવે એ વડે પૂર્વોક્ત પ્રકારથી બન્ને કાર્યોની સિદ્ધિ થાય છે, માટે તેમનામાં પરમ મંગળપણું સંભવે છે.[૧]"

લોકમાં શ્રીફળ, સ્વસ્તિક, કળશ, કંકુ, ચોખા, હળદર, મહેંદી તેમજ મંગળસૂત્ર વગેરેને માંગલિક અથવા મંગળરૂપ મનાય છે, સૌભાગ્યનું પ્રતીક ગણવામાં આવે છે; પણ એ વાસ્તવિક માંગલિક અથવા મંગળમય નથી; કેમ કે એક તો એ પોતે સુખમય નથી, બીજું, એ સુખનાં કારણ પણ નથી; કેમ કે આ બધાના સદ્‌ભાવમાં પણ અમંગળ અથવા દુઃખી થતા જોવામાં આવે છે.

મંગળસૂત્ર ગળામાં પડયું રહે છે અને પતિદેવ પરલોક પહોંચી જાય છે. આ કેવું મંગળસૂત્ર છે જે સ્વયં અમંગળરૂપ વૈધવ્યને જોઈને કાયમ માટે વિદાય લઈ લે છે. જે સ્વયં મંગળમય નથી તથા અમંગળથી બચાવી નથી શકતું, એ મંગળકારી કેવી રીતે હોઈ શકે? એનો સાર એમ છે કે, લોકમાં આ મંગળના પ્રતીક ભલે હોય, પણ તે મંગળમય નથી, મંગળ કરનાર પણ નથી.

---

૧. મોક્ષમાર્ગપ્રકાશક, પાના સં. ૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કોઈ એમ કહી શકે છે કે, આ તો ઠીક છે, પણ લોકવ્યવહાર પણ જોવો પડે છે. જ્યારે આખુ જગત એને માંગલિક માને છે, તો અમે તેને મંગળ કેમ ન માનીએ ?

સમાધાન એ છે કે, વસ્તુ સ્વરૂપની સાચી સમજણપૂર્વક લોકવ્યવહારનો નિર્વાહ કરવામાં કોઈ દોષ નથી, પણ સર્વથા મંગળમય માની લેવામાં તથા અન્ધવિશ્વાસપૂર્વક ધર્મની ક્રિયા માની સ્વીકાર કરવું એ પણ સારું નથી અને ઉપર મુજબના'ચારમંગળ' પણ છે તો વ્યવહાર જ. નિશ્ચયથી તો એક પોતાનો આત્મા જ મંગળમય, મંગળસ્વરૂપ અને મંગળકારી છે.

એટલે જેને પોતાના જીવનને મંગળમય (સુખી) બનાવવું હોય, તેણે 'ચત્તારિ મંગલં' ના પ્રતિપાદ્ય અરહંત વગેરેનું આલમ્બન લઈને પોતે મંગળમય આત્મતત્ત્વને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## ઉત્તમ

જે લોકમાં બધાથી મહાન હોય, તેને ઉત્તમ કહે છે. લોકમાં અરહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ જ બધાથી મહાન છે, એટલે તે જ ઉત્તમ છે.

જયસેનાચાર્ય 'મહાત્મા' શબ્દની વ્યાખ્યા કરતા લખે છે :

'મોક્ષલક્ષણમહાર્થસાધકત્વેન મહાત્મા' અર્થાત્ મોક્ષ લક્ષણવાળા મહાપ્રયોજનને સાધવાને કારણે જ અરહંત, સિદ્ધ અને સાધુ સાચા અર્થમાં મહાન આત્મા છે.

ઉપર મુજબના કથનથી એ સ્પષ્ટ થાય છે કે, સાંસારિક દુઃખોથી છૂટવા અને અતીન્દ્રિય આનંદરૂપ મોક્ષસુખના પ્રયોજનને સાધવામાં પ્રયત્નશીલ સાધુ અને એ પ્રયોજનને સાધીને પૂર્ણતા પ્રાપ્ત કરવાવાળા, અરહંત અને સિધ્ધ ભગવાન તથા આ પ્રયોજનની સિધ્ધિ જે ધર્મના માધ્યમથી થાય છે, એ વીતરાગ ધર્મ જ લોકમાં મહાન છે. આના સિવાય જે અન્યને મહાન કહેવાનો લોકવ્યવહાર છે, એ પણ લૌકિક દૃષ્ટિએ ઠીક છે, પણ લૌકિક મહાનતા કે લોકવ્યવહારના મોહમાં પડીને સાચી મહાનતા નષ્ટ કે વિસ્મૃત ન થઈ જાય, તે માટે દરરોજ 'ચત્તારિ લોગુત્તમા' પાઠનું સ્મરણ કરવું અત્યંત આવશ્યક છે, અનિવાર્ય છે .

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શરણ

"ચત્તારિ શરણં પવ્વજ્જામિ" કહેવાનો આસ્તિકતાવાળો અર્થ એ છે કે, હું અરહંત, સિદ્ધ તેમ જ સાધુ (આચાર્ય– ઉપાધ્યાય–સાધુ) ના શરણમાં જાઉં છું, પણ એમાંથી એક નાસ્તિપરક ધ્વનિ આ પણ નિકળે છે કે, જેને સુખી થવું હોય, એ આ ચારે સિવાય અન્ય કોઈનું પણ શરણ ગોતવામાં પોતાની શકિત અને સમયને બરબાદ ન કરે; કેમ કે આ જગતમાં એના સિવાય અન્ય કોઈ શરણ છે જ નહિ. અશરણ ભાવનાના માધ્યમથી આપણને આચાર્ય કુન્દકુન્દથી લઈને આજ સુધીના લગભગ બધા જ આચાર્ય તેમજ વિદ્વાન દિશાસૂચન કરતાં આવ્યા છે.

કુન્દકુન્દાચાર્ય કહે છે :

**"સગ્ગો હવે હિ દુગ્ગં, ભિચ્ચા દેવાય પહરણં વજ્જં।**
**અઈરાવણો ગઈંદો, ઈંદસ્સ ણ વિજ્જદે સરણં ॥ ૯॥**
**ણવણિહિ ચઉદહરયણં હય મત્તગઈંદ ચાઉરંગબલં।**
**ચક્કેસસ્સ ણ સરણં પેચ્છંતો કદ્દિયે કાલે ॥૧૦॥[1]"**

"સ્વર્ગ જેનો કિલ્લો છે, દેવ જેના સેવક છે, વજ્ર જેનું હથિયાર છે, ઐરાવત હાથી જેનું વાહન છે, એવા ઇન્દ્રને પણ કોઈ શરણ નથી.

સાર એ છે કે જેની પાસે સુરક્ષાના આટલા અને આ પ્રકારનાં સાધન છે, છતાં જ્યારે એને પણ સમય આવ્યે શરીરનો ત્યાગ કરવો પડે છે, ત્યારે સામાન્ય માણસની શું વાત કરવી ?

આ પ્રકારે કાળ આવે ત્યારે નવ નિધિઓ, ચૌદ રત્ન, ચંચળ ઘોડા અને મદોન્મત્ત હાથી તેમજ સુસજ્જિત ચતુરંગ સેના પણ ચક્રવર્તીને શરણ નથી આપી શકતા, ત્યારે સાધારણ માણસને કોણ શરણ આપે ?"

આ જ વાતને કવિવર ભૂધરદાસજીએ પોતાની બાર ભાવનામાં અત્યંત સંક્ષેપમાં અને સશકત ભાષામાં કહેલ છે. એ કહે છે :

**"દલબલ દેવી–દેવતા, માત–પિતા પરિવાર,**
**મરતી બિરિયાઁ જીવ કો, કોઈ ન રાખનહાર."**

૧. વારસ અણુવેકખા (દ્વાદશાનુપ્રેક્ષા), ગાથા ૯ અને ૧૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"આ જીવને મરણકાળ આવે ત્યારે સેનાની શક્તિ, દેવી–દેવતા, માતા–પિતા અને પરિવારજન--કોઈ પણ બચાવી શકતા નથી."

પં. દૌલતરામજી છ ઢાળાના પાંચમા ઢાળમાં કહે છે :

**'સુર અસુર ખગાધિપ જેતે, મૃગ જ્યોં હરિ, કાલ દલેં તે,**
**મણિ મંત્ર તંત્ર બહુ હોઈ, મરતે ન બચાવૈ કોઈ.[૧]'**

આ જ વાતને નીચેના છન્દોમાં હજુ વધારે સ્પષ્ટ કરવામાં આવી છે :

***"કાલસિંહ ને મૃગચેતન કો ઘેરા ભવવન મેં,***
***નહીં બચાવનહારા કોઈ યોં સમજો મન મેં.***
***મંત્ર–તંત્ર સેના ધન સમ્પતિ રાજપાટ છૂટે,***
***વશ નહીં ચલતા કાલલુટેરા કાયનગરી લૂટે.***
***ચક્રરતન હલધર સા ભાઈ કામ નહીં આયા,***
***એક તીર કે લગત કૃષ્ણ કી વિનશ ગઈ કાયા.***
***દેવ–ધર્મ–ગુરુ શરણ જગત મેં ઔર નહીં કોઈ,***
***ભ્રમ સે ફિરૈ ભટકતા ચેતન યોં હી ઉમર ખોઈ.[૨]"***

"કાળરૂપી સિંહે જીવરૂપી મૃગને આ સંસારરૂપી વનમાં ઘેરી લીધો છે. આ જીવરૂપી મૃગને કાળરૂપી સિંહથી બચાવનાર કોઈ નથી–આ વાત બરાબર સમજી લેવી જોઈએ. જ્યારે કાળરૂપી લુટેરો કાયારૂપી નગરી લૂટે છે, ત્યારે કોઈનો વશ નથી ચાલતો; મંત્ર–તંત્ર બધું એમ જ પડી રહે છે, સેના ઊભી જોતી રહી જાય છે અને રાજ–પાટ તેમ જ ધન–સમ્પત્તિ બધું લુંટાઈ જાય છે.

જુઓ ! ચક્રરત્ન જેવું હથિયાર અને બલદેવ જેવા ભાઈ પણ કામ ન આવ્યા અને શ્રીકૃષ્ણની કાયા માત્ર એક તીર વાગવાથી નાશ પામી ગઈ. એટલે આ જગતમાં એક દેવ–ગુરુ અને ધર્મ જ પરમ શરણ છે, અન્ય કોઈ નહિ, શરણની શોધમાં આ જીવે સંપૂર્ણ આયુષ્ય ભૂલથી ભટકતાં વ્યર્થમાં ગુમાવી દીધું છે."

છેલ્લે ડો. ભારિલ્લની અત્યંત ભાવવાહી નીચે મુજબની કડીઓ પણ આ સંદર્ભમાં લખેલ છે :

૧. છ–ઢાળા, પાંચમો ઢાળ, છન્દ ૪
૨. બારહભાવના : કવિવર મંગતરાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



*"જિન્દગી ઈક પલ કભી કોઈ બઢા નહીં પાયગા,*
*રસ–રસાયન સુત–સુભટ કોઈ બચા નહીં પાયગા.*
*સત્યાર્થ હૈ બસ બાત યહ કુછ ભી કહો વ્યવહાર મેં,*
*જીવન–મરણ અશરણ–શરણ કોઈ નહીં સંસાર મેં.*
*નિજ આત્મા નિશ્ચયશરણ વ્યવહાર સે પરમાત્મા,*
*જો ખોજતા પર કી શરણ વહ આત્મા બહિરાત્મા.[1]"*

"આ જીવન જ્યાં સુધી છે, ત્યાં સુધી જ છે, તેની એક ક્ષણ પણ કોઈ વધારી નથી શકતું, જ્યારે મૃત્યુ આવશે ત્યારે રસ–રસાયન નહીં બચાવી શકે અને ન પુત્ર, ન સુભટ અથવા ન તો સુભટપુત્ર જ બચાવી શકશે. વ્યવહારથી કાંઈ પણ કહો, પણ સત્ય વાત તો એ છે કે જીવન–મરણ અશરણ છે, સંસારમાં કોઈ પણ શરણ નથી.

નિશ્ચયથી વિચાર કરો તો એક પોતાનો આત્મા જ શરણ છે, પણ વ્યવહારથી પંચ પરમેષ્ઠીને પણ શરણ કહેવાય છે. એમને છોડીને જે બીજાનું શરણ શોધે છે, બીજાના શરણમાં જાય છે, એ આત્મા બહિરાત્મા છે, મૂઢ છે, મિથ્યાદ્રષ્ટિ છે."

સંસારી જીવ સન્માર્ગથી ન ભટકી જાય, ઉન્માર્ગમાં ન અટકી જાય, એમને સાચા શરણ પ્રાપ્ત થાય, એટલા માટે આ 'ચત્તારિ શરણં પવ્વજ્જામિ' મહામંત્રનો પણ નિયમિત જાપ કરવાની, પાઠ કરવાની પ્રેરણા આપવામાં આવી છે.

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે, જગતમાં પરમમંગળ, પરમોત્તમ અને પરમશરણભૂત જો કોઈ હોય તો તે એક માત્ર પંચપરમેષ્ઠી જ છે. ણમોકાર મહામંત્રમાં પરમ મંગળમય, પરમોત્તમ અને પરમશરણભૂત આ પંચપરમેષ્ઠીઓને જ નમસ્કાર કર્યા છે, સ્મરણ કરવામાં આવ્યા છે, એટલે તે વાત સાબિત થઈ જાય છે કે, જૈનીઓનો આ મહામંત્ર લૌકિક ઉપલબ્ધિઓ માટે નથી અને ન તો એમાં આ પ્રકારની કોઈ કામના કરેલ છે. આ તો પરમ ભકિતનું સહજ સ્ફૂરણ છે, જે કામનાઓનું શમન કરવાવાળો છે, વાસનાઓનું દમન કરવાવાળો છે, લૌકિક ઉપલબ્ધિઓના ત્યાગની પ્રેરણા દેવાવાળો છે.કામનાઓ તેમજ વાસનાઓની પૂર્તિ માટે તેનો ઉપયોગ કરવો તે કાગડાને ઉડાડવા માટે બહુમૂલ્ય રત્નને ફેંકવા જેવી બાલચેષ્ટા છે. □

---

૧. 'બારહભાવના': ડો. હુકમચન્દ ભારિલ્લ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ણમોકાર મંત્રનું માહાત્મ્ય

હવે ણમોકાર મંત્રના માહાત્મ્યને દર્શાવનારી એ મહાન ગાથા ઉપર વિચાર કરવામાં આવે છે. જે હજારો વર્ષોથી આ મહામંત્રની સાથે બોલવામાં આવે છે. એ ગાથા આ પ્રકારે છે :

**"એસો પંચ ણમોયારો, સવ્વ પાવપ્પણાસણો,**
**મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હોહિ મંગલં."**

"આ પંચ નમસ્કાર મંત્ર બધાં પાપોનો નાશ કરવાવાળો છે તથા બધાં મંગળોમાં પહેલો (સર્વશ્રેષ્ઠ) મંગળ છે."

ણમોકાર મંત્રનો મહિમા બતાવવાવાળી આ પ્રસિદ્ધ ગાથામાં બે વાતો કહેલ છે. એક તો એ કે, આ મંત્ર બધાં પાપોનો નાશ કરવાવાળો છે અને બીજી એ કે, આ મંત્ર બધાં મંગળોમાં પ્રથમ (સર્વશ્રેષ્ઠ) મંગળ છે.

પહેલી વાત ઉપર ટીકા–ટિપ્પણી કરતાં કેટલાક લોકો કહે છે કે, "જો ણમોકાર મંત્ર બધાં પાપોનો નાશ કરવાવાળો છે, તો જે લોકો દર રોજ નિયમિત રૂપથી ત્રિકાળ ણમોકાર મંત્રનો જાપ કરે છે, પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે છે, એમનાં જીવનમાં ઘણાં દુઃખ કે સંકટ કેમ દેખાય છે ? અથવા જે પોતે પંચ પરમેષ્ઠીમાં સમાવિષ્ટ છે, એવા પાંચ પાંડવો ઉપર એવો ભયંકર ઉપસર્ગ કેમ થયો ? તેઓને આગથી બળતા લોખંડના કડા કેમ પહેરાવવામાં આવ્યા ?

એક નહીં એવા તો ઘણા પૌરાણિક ઉદાહરણ આપી શકાય તેમ છે, જેમણે હૃદયથી પરમેષ્ઠીની આરાધના કરી, દર રોજ ણમોકાર મંત્રનો જાપ કર્યો હોય અને પોતે પણ પંચપરમેષ્ઠીપદ ઉપર વિરાજમાન રહ્યા હોય, તો પણ ઘણા પ્રતિકૂળ પ્રસંગોનો સામનો તેમને કરવો પડયો. (૧) ભાવલિંગી તદ્‌ભવ મોક્ષગામી સુકુમાલ મુનિને શિયાળણીએ ખાધા. (૨) સુકૌશલ મુનિરાજને સિંહણે ખાધા. (૩) ગજકુમાર મુનિરાજના માથા ઉપર બળતી સગડી મૂકી દીધી. (૪) રાજા શ્રેણિક દ્વારા મુનિરાજના ગળામાં મરેલો સર્પ નાખવાથી મુનિરાજને લાખો લાલ કીડીઓ કરડી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૫) શ્રીપાલને કુષ્ટ રોગે ઘેર્યો. (૬) પાર્શ્વનાથ ભગવાનને કમઠકૃત ઉપસર્ગને સહન કરવો પડયો. (૭) આદિનાથ ભગવાનને છ મહિના સુધી રોજ આહારની ચર્યા પર નીકળવા છતાં આહાર ન મળ્યો. (૮) મહાસતી સીતાને બે–બે વાર વનવાસનાં દુઃખ ઉઠાવવાં પડયાં. (૯) રામ પણ ચૌદ વર્ષ સુધી વન–વન એકલા ફર્યા. (૧૦) પ્રદ્યુમ્નકુમારને ઘણાં સંકટોનો સામનો કરવો પડયો. (૧૧) જીવન્ધર અને તેના માતા–પિતા રાણી વિજયા અને સત્યન્ધરને મરણાન્તક કષ્ટ સહેવા પડયા. (૧૨) મહાસતી મનોરમાને મજૂરી કરવી પડી. (૧૩) સુદર્શન શેઠને સૂળી પર ચડવું પડયું. (૧૪) સેંકડો મુનિઓને ઘાણીમાં પીલાવું પડયું. (૧૫) અકંપનાચાર્ય વગેરે ૭૦૦ મુનિઓને બલિ વગેરે મંત્રિયો–કૃત ઉપસર્ગ સહન કરવા પડયા. છેવટે આવું કેમ થયું ?

એ સુવિદિત છે કે આ બધા પંચ નમસ્કાર મંત્રના આરાધક તો હતા જ, એમાંથી ઘણાખરા તદ્ભવ મોક્ષગામી અને ભાવલિંગી સંત પણ હતા. આદિનાથ તેમજ પાર્શ્વનાથ સાક્ષાત્ તીર્થંકર ભગવાનની પૂર્વભૂમિકામાં સ્થિત હતાં, તો પણ એમના ઉપર ઉપસર્ગ થયા. છેવટે આવું કેમ થયું ?"

શું આ બધાં ઉદાહરણોના સંદર્ભમાં ણમોકાર મંત્રની મહિમા વાચક આ કથન ઉપર પ્રશ્ન ચિહ્ન નથી લાગી જતું ?

આવી ટીકા–ટિપ્પણી કરવાવાળાઓને ણમોકાર મંત્રનો મહિમા વાચક રજૂ કરેલ કથન ઉપર ઊંડાણથી વિચાર કરવો જોઈએ. શું એમાં એમ કહેવામાં આવ્યું છે કે, "ણમોકાર મંત્ર બોલવાથી સંયોગોમાં ફેરફાર થાય છે ? પ્રતિકૂળ પ્રસંગોનો અભાવ થાય છે ? લૌકિક સુખ–સગવડો મળી જાય છે ? સિંહ–સર્પ–શિયાળ ભાગી જાય છે ? વિરોધી પોતાનો વેરભાવ ભૂલી જાય છે ?" એવું તો કાંઈ પણ નથી કહેવાયું, પણ એ કહેવાયું છે કે બધાં પાપોનો નાશ થઈ જાય છે. તો શું ણમોકાર મંત્રનો જાપ, સ્મરણ અથવા ધ્યાન કરતાં કોઈના મનમાં હિંસા, અસત્ય, ચોરી, કુશીલ વગેરેના પાપ પરિણામ રહી શકે છે ? શું તે સમયે તેના મનમાં તીવ્ર ક્રોધ–માન–માયા–લોભ, મોહ–રાગ –દ્વેષના ભાવ રહી શકે છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાપ તો હિંસાદિ જ છે અને પાપભાવ ક્રોધાદિ છે. આ બધાની તીવ્રતાનો અભાવ જ બધાં પાપોનો નાશ છે.

ણમોકાર મંત્રના પાઠના કાળમાં ન તો મનમાં હિંસાદિ પાપભાવ રહે છે, ન તો વાણીથી વ્યકત જ થાય છે અને ન તો કાયાથી પણ હિંસા વગેરે પાપ થાય છે. એટલે ણમોકાર મંત્રથી મન–વચન–કાયાકૃત બધાં પાપોનો નાશ થઈ જાય છે – આ કથન પૂર્ણ રીતે સાચું જ છે.

સોલહકારણ ભાવનાની પૂજામાં પણ આ જ ભાવ વ્યકત થયો છે :

"જો અરહંત ભગતિ મન આનૈ, સો જન વિષય–કષાય ન જાનૈ."

"જેના હૃદયમાં અરહંત ભગવાનની ભકિત વસે છે, તેના હૃદયમાં વિષય–કષાયની ઉત્પત્તિ જ નથી થતી."

ધ્યાન આપવા યોગ્ય વાત એ છે કે, છદ્મસ્થ (ક્ષયોપશમ જ્ઞાનીઓ)નો ઉપયોગ કે ધ્યાન એક સમયમાં એક વિષય ઉપર જ રહે છે, આ કારણે જ્યાં સુધી તેનું ધ્યાન ણમોકાર મંત્ર ઉપર રહેશે, ત્યાં સુધી બીજા પાપભાવોની ઉત્પત્તિ જ નહી થાય. આ બધું પાપોના નાશનું સ્વરૂપ છે.

બીજી વાત એ છે કે, જે વ્યકિત ણમોકાર મંત્રના માધ્યમથી પંચપરમેષ્ઠીના સ્વરૂપને બરાબર જાણીને તેનું સ્મરણ કરે છે, ભકિત કરે છે, બહુમાન કરે છે, એ જરૂર જ તેના દ્વારા બતાવેલ મુકિતના માર્ગ ઉપર અવશ્ય ચાલશે. જ્યારે એ તેમના બતાવેલ મુકિતના માર્ગ ઉપર સ્વયં ચાલશે, ત્યારે પોતે પણ પંચ પરમેષ્ઠીના પદમાં ગર્ભિત થઈ જશે. એવી સ્થિતિમાં એ પૂર્વકૃત પાપોનાં બાંધેલાં કર્મોની નિર્જરા પણ કરશે. આ અપેક્ષાને ધ્યાનમાં રાખીને ણમોકાર મંત્રના જાપને સર્વ પાપોનો નાશ કરવાવાળો કહેવાય છે.

અહીં જો કોઈ કહે કે ણમોકાર મંત્રનો સાક્ષાત્ લાભ તો વર્તમાન પાપભાવો તેમજ પાપોથી બચવું તે જ હોય, તો વર્તમાન પાપોથી તેમ જ પાપભાવોથી તો અમે કોઈ બીજાના સ્મરણથી પણ બચી શકીએ છીએ. એમાં ણમોકાર મંત્રની શું વિશેષતા રહી ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમાધાન : તમારું આમ વિચારવું સાચું નથી; કેમ કે રાગીઓનાં ચિંતન–સ્મરણથી રાગભાવોનું મહત્ત્વ જ તેની દ્રષ્ટિમાં રહે છે, વીતરાગતાનું નહિ. વીતરાગતાનો મહિમા આવ્યા વગર લૌકિક કામનાઓનો અભાવ નથી થતો. પણ ઇચ્છાઓની પૂર્તિની વાસના જ જાગૃત થાય છે, જે પોતે પાપભાવ છે, પાપનું કારણ છે.

પંચપરમેષ્ઠીની મહાનતા વીતરાગતાની વૃધ્ધિમાં છે. આ પ્રસંગે પં. ટોડરમલજીના નીચે મુજબના વિચાર વર્ણવેલ છે :

"પૂજ્યત્વનું કારણ એક વીતરાગ–વિજ્ઞાન છે. એ અરહંતાદિકનું સ્વરૂપ વીતરાગ – વિજ્ઞાનમય છે, એ વડે જ અરહંતાદિક સ્તુતિ યોગ્ય મહાન થયા છે, કેમ કે રાગાદિ વિકાર વડે વા જ્ઞાનની હીનતા વડે તો જીવ નિંદાયોગ્ય થાય છે તથા રાગાદિકની હીનતા વડે વા જ્ઞાનની વિશેષતા વડે સ્તુતિ તથા પ્રશંસાયોગ્ય થાય છે. અરહંત–સિદ્ધમાં તો સંપૂર્ણ રાગાદિકની હીનતા તથા જ્ઞાનની વિશેષતા હોવાથી સંપૂર્ણ વીતરાગ–વિજ્ઞાનભાવ સંભવે છે તથા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુમાં એકદેશ વીતરાગ–વિજ્ઞાનભાવ સંભવે છે, માટે એ અરહંતાદિક સ્તુતિયોગ્ય મહાન જાણવા.[૧]"

નિત્યનિયમ પૂજાની પીઠિકામાં આપણે દરરોજ બોલીએ છીએ :

**"અપવિત્રઃ પવિત્રો વા સુસ્થિતો દુઃસ્થિતોડપિવા,**

**ધ્યાયેત્ પંચનમસ્કારં સર્વપાપૈઃ પ્રમુચ્યતે."**

× × ×

**"અપરાજિતમંત્રોડયં સર્વવિઘ્નવિનાશનઃ,**

**મંગલેષુ ચ સર્વેષુ પ્રથમં મંગલં મતઃ"**

"ભલે બાહ્યમાં અપવિત્ર હોય કે પવિત્ર, સુસ્થિત હોય કે દુઃસ્થિત, કોઈ પણ હાલતમાં કેમ ન હો, જે નમસ્કાર મંત્રનું ધ્યાન કરે છે, એ બધાં પાપોથી મુક્ત થઈ જાય છે અને અંતરંગથી તથા બહિરંગથી બધા જ પ્રકારે પવિત્ર થઈ જાય છે."

"આ ણમોકાર મહામંત્ર અપરાજિત છે, બીજા કોઈ મંત્ર દ્વારા એની શક્તિ પ્રતિહત – અવરુધ્ધ નથી થઈ શકતી. એમાં અસીમ સામર્થ્ય સમાવિષ્ટ છે.બધાં

૧. મોક્ષમાર્ગપ્રકાશક, પાના સં. ૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિઘ્નોને ક્ષણભરમાં નષ્ટ કરવાવાળો છે અને બધા મંગળોમાં પહેલો (શ્રેષ્ઠ) મંગળ મનાય છે.

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે ણમોકાર મહામંત્રનો મહિમા સમ્યક્જ્ઞાનની વૃધ્ધિ તેમ જ મોહ–રાગ– દ્વેષની હીનતામાં છે, વિષય–કષાયથી બચવામાં છે, પાપભાવ તેમજ પાપકર્મથી બચવામાં છે.

આ પ્રસંગમાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવેલ એ પ્રકરણમાં વર્ણવેલ છે, જેમાં આ શંકાનું સમાધાન કરવામાં આવ્યું છે કે, " પંચ પરમેષ્ઠીના સ્તવનાદિ દ્વારા રાગાદિના હીન થવા રૂપ તથા વીતરાગ વિશેષજ્ઞાનની વૃધ્ધિ થવા રૂપ પ્રયોજનની તો એ પ્રમાણે સિધ્ધિ થાય જ છે; પરંતુ જે વડે ઇન્દ્રિયજનિત સુખ ઊપજે વા દુઃખ વણસે એવા પ્રયોજનની સિધ્ધિ તેમનાથી થાય છે કે નહિ?"

આ શંકાનું સમાધાન કરતા પં. ટોડરમલજી કહે છે કે, "અરહંતાદિકમાં જે સ્તવનાદિરૂપ વિશુદ્ધ પરિણામ થાય છે, જેનાથી અઘાતિકર્મોની શાતા આદિ પુણ્ય–પ્રકૃતિઓનો બંધ થાય છે, વળી જો તે પરિણામ તીવ્ર હોય તો પૂર્વે જે અશાતા આદિ પાપપ્રકૃતિ બાંધી હતી, તેને પણ મંદ કરે છે અથવા નષ્ટ કરી પુણ્ય–પ્રકૃતિરૂપે પરિણમાવે છે, જે પુણ્યનો ઉદય થતાં ઈન્દ્રિયસુખની કારણભૂત સામગ્રી સ્વયં મળે છે, તથા પાપનો ઉદય દૂર થતા દુઃખની કારણભૂત સામગ્રી સ્વયં દૂર થાય છે. એ પ્રમાણે આ પ્રયોજનની સિધ્ધિ પણ તેમનાથી થાય છે. અથવા જૈનશાસનના ભકત દેવાદિકો તે ભકતપુરુષને અનેક ઇન્દ્રિયસુખની કારણભૂત સામગ્રીઓનો સંયોગ કરાવે છે તથા દુઃખની કારણભૂત સામગ્રીઓને દૂર કરે છે. એ પ્રમાણે પણ એ પ્રયોજનની સિધ્ધિ શ્રી અરહંતાદિક વડે થાય છે. પરંતુ એ પ્રયોજનથી કાંઈ પોતાનું હિત થતું નથી; કારણકે કષાયભાવ વડે બાહ્ય સામગ્રીઓમાં ઇષ્ટ–અનિષ્ટપણું માની આત્મા પોતે જ સુખ–દુઃખની કલ્પના કરે છે. કષાય વિના બાહ્ય સામગ્રી કાંઈ સુખ–દુઃખની દાતા નથી. વળી કષાય છે તે સર્વ આકુળતામય છ, માટે ઈન્દ્રિયજનિત સુખની ઇચ્છા કરવી વા દુઃખથી ડરવું એ બધા ભ્રમ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી, એવા પ્રયોજન અર્થે અરિહંતાદિકની ભક્તિ કરવા છતાં પણ તીવ્ર કષાય હોવાથી પાપબંધ જ થાય છે, માટે એ પ્રયોજનના અર્થી થવું યોગ્ય નથી. કારણ કે અરિહંતાદિકની ભક્તિ કરતાં એવાં પ્રયોજન તો સ્વયં સિદ્ધ થાય છે.

આ પ્રમાણે શ્રી અરહંતાદિક પરમ ઇષ્ટ માનવા યોગ્ય છે."

ઉપર મુજબના કથનથી બે વાતો અત્યન્ત સ્પષ્ટ થઈ જાય છે : એક તો એ કે નિષ્કામ ભાવથી કરેલ મહામંત્રનાં સ્મરણથી લૌકિક કાર્યોની પણ સિદ્ધિ થાય છે, કેમકે મહામંત્રનાં સ્મરણ સમયે કષાયની મન્દતા હોવાથી પુણ્ય બંધાય છે અને પાપ ક્ષીણ થાય છે, તેના પરિણામે અનુકૂળ બ્રાહ્ય સામગ્રીનો સહેજે સંયોગ થાય છે અને બીજી વાત એ કે, લૌકિક કામના માટે કરવામાં આવેલ સ્મરણથી તીવ્ર કષાયના કારણે પાપબન્ધ જ થાય છે. એટલે લૌકિક પ્રયોજન માટે ણમોકાર મંત્રની આરાધના/સાધના કરવી ઠીક નથી. □

## અરહંતાદિકથી પ્રયોજન સિદ્ધિ

જે વડે સુખ ઊપજે વા દુઃખ વણસે એ કાર્યનું નામ પ્રયોજન છે. એ પ્રયોજનની જેનાથી સિદ્ધિ થાય તે જ આપણું ઇષ્ટ છે. હવે આ અવસરમાં અમને વીતરાગ વિશેષ જ્ઞાનનું હોવું એ જ પ્રયોજન છે, કારણ એનાથી નિરાકુળ સત્યસુખની પ્રાપ્તિ થાય છે. સર્વ આકુળતારૂપ દુઃખનો નાશ થાય છે.

એ પ્રયોજનની સિદ્ધિ શ્રી અરહંતાદિક વડે થાય છે. કેવી રીતે તે અહીં વિચારીએ છીએ :

આત્માના પરિણામ ત્રણ પ્રકારના છે. સંકલેશ, વિશુદ્ધ અને શુદ્ધ......

અરહંતાદિક પ્રત્યે જે સ્તવનાદિરૂપ ભાવ થાય છે, તે કષાયની મંદતાપૂર્વક હોય છે માટે તે વિશુદ્ધ પરિણામ છે. તથા સમસ્ત કષાયભાવ મટાડવાનું સાધન છે તેથી તે શુદ્ધ પરિણામનું કારણ પણ છે. તો એવાં પરિણામ વડે પોતાના ઘાતક ઘાતિકર્મનું હીનપણું થવાથી સ્વાભાવિકપણે જ વીતરાગ વિશેષજ્ઞાન પ્રગટ થાય છે. જેટલા અંશે તે (ઘાતિકર્મ) હીન થાય તેટલા અંશથી તે (વીતરાગ વિશેષજ્ઞાન) પ્રગટ થાય છે – એ પ્રમાણે શ્રી અરહંતાદે વડે પોતાનું પ્રયોજન સિદ્ધ થાય છે. **—મોક્ષમાર્ગપ્રકાશક, પાના સં. ૭**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ણમોકાર મંત્ર : અનાદિ કે સાદિ

*"એસો અણાઈ કાલો, અણાઈ જીવો અણાઈ જિણધમ્મો।*
*તઈયા વિ તે પઢંતા એસુચ્ચિય જિણ ણમુક્કારો" ॥ ૧૬ ॥*

સિદ્ધાન્તાચાર્ય પં. કૈલાશચંદ શાસ્ત્રીએ પોતાના પુસ્તકમાં આ ગાથા "લઘુનવકાર" નામના ગ્રંથમાંથી લીધેલ છે. આમાં કહેવામાં આવ્યું છે કે કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જિનધર્મ પણ અનાદિ છે, ત્યારથી જ એ બધા આ ણમોકાર મંત્રને બોલતા રહ્યાં છે. એટલે આ મહામંત્ર પણ અનાદિ છે.

એક હિન્દી કવિએ પણ કહ્યું છે :

*"આગે ચૌબીસ હુઈ અનન્તી, હોસી બાર અનન્ત,*
*ણમોકાર તણી કોઈ આદિ ન જાને, ઈમ ભાખેં અરહંત."*

"અરહંત ભગવાને કહ્યું છે કે ભૂતકાળમાં અનંત ચોવીસી થઈ ગઈ છે, ભવિષ્યમાં પણ અનન્ત થશે, પણ ણમોકાર મંત્રના આદિને કોઈએ જાણ્યો નથી, એટલે આ મંત્ર અનાદિ છે."

ખરેખર વાત એમ છેં કે આ મહામંત્રમાં જે પંચ પરમેષ્ઠીઓને નમસ્કાર કરવામાં આવ્યા છે, સ્મરણ કરવામાં આવ્યા છે, એ પંચપરમેષ્ઠી અનાદિ કાળથી થતાં આવ્યા છે અને તેઓને સ્મરણ કરવાવાળા, નમસ્કાર કરવાવાળા ભકતજન પણ અનાદિથી થતા આવ્યા છે, એટલે ભાવાપેક્ષા આ ણમોકાર મહામંત્ર અનાદિ જ છે.

વર્તમાનમાં પ્રાકૃતભાષામાં ગાથાબદ્ધ જે ણમોકાર મંત્ર પ્રાપ્ત થાય છે, એની ગાથારૂપ રચના લગભગ બે હજાર વર્ષ પહેલાં ધરસેન આચાર્યના પટ્ટશિષ્ય આચાર્ય પુષ્પદંતે ષટ્ખંડાગમના મંગલાચરણના રૂપમાં કરેલ છે; એટલે એને સાદિ પણ કહી શકાય છે.

ષટ્ખંડાગમના સમર્થ ટીકાકાર આચાર્ય વીરસેન સ્વામીએ ઉપર કહેલ મંગલાચરણની ટીકા લખતા ધવલ ટીકામાં આ સંદર્ભમાં જે વિચાર વ્યકત કરેલ છે, તે આ પ્રકારે છે :

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"તે મંગળ બે પ્રકારનું છે : નિબદ્ધમંગળ અને અનિબદ્ધમંગળ. ગ્રન્થના પ્રારંભમાં ગ્રન્થકાર દ્વારા જે શ્લોકાદિ પદ્ય રચીને ઇષ્ટ દેવતાને નમસ્કાર અથવા સ્મરણ કરવામાં આવે છે, તેને નિબદ્ધમંગળ કહે છે. તથા જે અન્ય દ્વારા રચિત પદ્ય ગ્રંથમાં ઉલ્લેખ આવે છે અથવા ઇષ્ટદેવને મૌખિક નમન અથવા સ્મરણ કરવામાં આવે છે, તેને અનિબદ્ધમંગળ કહે છે. આ વ્યાખ્યા અનુસાર ણમોકાર મંત્ર નિબદ્ધમંગળ છે.[૧]"

આ દ્રષ્ટિએ તો આ ણમોકાર મહામંત્ર સાદિ છે અને એના વાચ્ય પંચ પરમેષ્ઠી અનાદિથી થતાં આવ્યા છે – એ દ્રષ્ટિએ આ મંત્ર અનાદિ છે. આશય એ છે કે ખરેખર આ મંત્રની અર્થયોજના તો અનાદિ છે અને પ્રાકૃતભાષામાં નિબદ્ધ ણમોકાર મંત્રના રૂપમાં આ ગાથા છન્દની શબ્દયોજના સાદિ છે.

ભગવતી આરાધનાની ટીકામાં એને ગણધરકૃત કહ્યો છે. આ કથનની અપેક્ષા પણ આ જ છે કે અનાદિથી પંચપરમેષ્ઠી થતા આવ્યા છે અને બધા તીર્થંકરોને ગણધર પણ અનાદિથી થતા આવ્યા છે તથા બધા ગણધર પંચ પરમેષ્ઠીને નમન કરે છે, આ અપેક્ષાથી ણમોકાર મંત્ર અનાદિ જ થયો, અને પ્રાકૃત ભાષામાં રચાયેલો આ ગાથા છન્દ આચાર્ય પુષ્પદન્ત સ્વામીની રચના છે – આ અપેક્ષાથી એ સાદિ પણ કહેવાય છે – એટલે બંને કથન પોતપોતાના સ્થાને યથાર્થ છે. □

"પ્રાકૃતભાષામય નમસ્કાર મંત્ર છે તે મહામંગળ સ્વરૂપ છે, તેનું સંસ્કૃત નીચે પ્રમાણે થાય છે :

*नमोऽर्हद्भ्यः, नमः सिद्धेभ्यः, नमः आचार्येभ्यः, नमः उपाध्यायेभ्यः, नमो लोके सर्वसाधुभ्यः ।*

આમાં પંચ પરમેષ્ઠીઓને નમસ્કાર કર્યા છે, એટલે આનું નામ નમસ્કાર મંત્ર છે.

**–મોક્ષમાર્ગપ્રકાશક, પાના સં. ૪**

૧. ષટ્ખંડાગમ : જીવસ્થાન સત્ પ્રરૂપણ ભાગ–૧, પાના સં. ૪૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ણમોકાર મંત્રનો પદક્રમ

ણમોકારમંત્રના પદક્રમ ઉપર વિવેચન કરતાં ધવલાકાર વીરસેનાચાર્ય લખે છે :

"શંકા : બધા પ્રકારના કર્મલેપથી રહિત સિદ્ધ પરમેષ્ઠીમાં હોવા છતાં અઘાતિકર્મોના લેપથી યુકત અરહંતોને પહેલાં નમન કેમ કરવામાં આવ્યાં છે ?

સમાધાન :– આ કોઈ દોષ નથી, કેમ કે બધાથી વધારે ગુણવાળા સિદ્ધોમાં શ્રધ્ધાની મુખ્યતાનું કારણ અરહંત પરમેષ્ઠી જ છે, એટલે કે અરહંત પરમેષ્ઠીના નિમિત્તથી જ અધિક ગુણવાળા સિદ્ધોમાં બધાથી વધારે શ્રધ્ધા ઉત્પન્ન થાય છે. જો અરહંત પરમેષ્ઠી ન હોત તો આપણને બધાને આપ્ત, આગમ અને પદાર્થનું પરિજ્ઞાન ન થઈ શકત. પણ અરહંતોના પ્રતાપથી આપણને આ બોધની પ્રાપ્તિ થઈ છે. આ ઉપકારની અપેક્ષાએ પણ પહેલાં અરહંતોને નમસ્કાર કરવામાં આવે છે.

જો કોઈ કહે કે આ પ્રકારે પહેલાં અરહંતોને નમસ્કાર કરવા તે તો પક્ષપાત છે ? આ વિષય ઉપર આચાર્ય જવાબ આપે છે કે આવો પક્ષપાત દોષોત્પાદક નથી. પણ શુભપક્ષમાં રહેવાથી એ કલ્યાણનું જ કારણ છે.

આપ્તની શ્રધ્ધાથી જ આપ્ત, આગમ અને પદાર્થના વિષયમાં દૃઢ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. આ વાતને પ્રસિદ્ધ કરવા માટે પણ પ્રથમ અરહંતોને નમસ્કાર કરવામાં આવ્યા છે. કહ્યું પણ છે કે, જેની પાસેથી ધર્મમાર્ગ પ્રાપ્ત કરીએ, એની પાસે વિનયયુક્ત થઈને પ્રવૃત્તિ કરવી જોઈએ.[૧]"

આ જ સંદર્ભમાં બ્રહ્મદેવસૂરિએ પણ લખ્યું છે :

"અહીં અધ્યાત્મશાસ્ત્રમાં ભલે પહેલા સિદ્ધ પરમેષ્ઠીને નમસ્કાર કરવા યોગ્ય માન્ય હોય તો પણ વ્યવહારનયનો આશ્રય લઈને ઉપકાર સ્મરણ કરવા માટે

૧. ષટ્ખંડાગમ, જીવસ્થાન સત્ પ્રરુપણા, પાના સં. ૫૫

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરહંત પરમેષ્ઠીને જ નમસ્કાર કર્યા છે. કહ્યું પણ છે કે, અરહંત પરમેષ્ઠીના પ્રતાપથી મોક્ષમાર્ગની સિદ્ધિ થાય છે, એટલે મુનિવરોએ શાસ્ત્રની શરૂઆતમાં અરહંત પરમેષ્ઠીના ગુણોની સ્તુતિ કરી છે. [૧]"

અરહંત ભગવાનથી સાક્ષાત્ દિવ્ય ધ્વનિનો લાભ મળે છે. જો અરહંત ભગવાન ન હોત તો આપણને આપ્ત, આગમ અને પદાર્થનું વિશેષજ્ઞાન ન થઈ શકત. અરહંતોના પ્રતાપથી જ આપણને બોધ (રત્નત્રય) ની પ્રાપ્તિ થાય છે. એના વગર આપણને દુ:ખથી છૂટવાનો ઉપાય અને સુખની પ્રાપ્તિનો ઉપાય ક્યાંથી પ્રાપ્ત થાય ? એટલે અરહંત આપણા પરમ ગુરુ છે; આ કારણે સિદ્ધોની પણ પહેલાં અરહંતોને નમસ્કાર કરવામાં આવ્યા છે.

બીજી વાત એ છે કે, બધાથી વધારે ગુણવાળા સિદ્ધ પરમેષ્ઠીમાં શ્રધ્ધા–ભક્તિ ઉત્પન્ન કરાવવાવાળા, તેઓનો મહિમા બતાવવાવાળા તો અરહંત જ છે. જો અરહંત ભગવાન પોતાની દિવ્ય ધ્વનિ દ્વારા સિદ્ધોનું સ્વરૂપ ન સમજાવત, તેમની મહિમાથી આપણને પરિચિત ન કરાવત, એમના ગુણોનું આપણને જ્ઞાન ન કરાવત તો આપણને કેવી રીતે ખબર પડત કે સિદ્ધ કોણ છે, તેમનું સ્વરૂપ શું છે; અને તેમનું અનુસરણ કરવાથી આપણને સિદ્ધદશા કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ? એટલે અરહંત ભગવાન આપણા સન્માર્ગદર્શક–તત્ત્વોપદેશક પરમગુરુ છે. આ અપેક્ષાથી અરહંત ભગવાન જ અપણા માટે પહેલા વંદનીય છે.

પંચપરમેષ્ઠીમાં રત્નત્રય તેમજ વીતરાગ–વિજ્ઞાનની પૂર્ણતા તેમજ અપૂર્ણતાની દ્રષ્ટિએ પંચ પરમેષ્ઠીઓને બે વિભાગમાં વર્ગીકૃત કરતા ડો. નેમીચન્દજી શાસ્ત્રીએ લખ્યું છે :

"અરહંત અને સિદ્ધમાં નમસ્કારનો ઉપર મુજબનો ક્રમ માનતાં, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓને નમસ્કારમાં એ ક્રમનો નિર્વાહ કેમ કરવામાં આવ્યો નથી ? અહીં પણ બધાથી પહેલાં સાધુ પરમેષ્ઠી ને નમસ્કાર કરવામાં આવે છે, પછી ઉપાધ્યાય અને ત્યારબાદ આચાર્યને નમસ્કાર થવા જોઈતા હતા, પણ એવો પદક્રમ કેમ ન રાખવામાં આવ્યો ?

૧. બૃહદ્–દ્રવ્યસંગ્રહ, પાના સં. ૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપર મુજબની શંકા ઉપર વિચાર કરવાથી એવું લાગે છે કે આ મહામંત્રમાં પરમેષ્ઠીઓના રત્નત્રય ગુણની પૂર્ણતા અને અપૂર્ણતાના કારણે તેને બે ભાગોમાં વિભાજીત કરેલા છે. પહેલા વિભાગમાં અરહંત અને સિદ્ધ છે, બીજા વિભાગમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે. પહેલા વિભાગના પરમેષ્ઠીઓમાં રત્નત્રયના ગુણની ન્યૂનતાવાળા પરમેષ્ઠીઓને પહેલા અને રત્નત્રયગુણની પૂર્ણતાવાળા પરમેષ્ઠીને પછી રાખવામાં આવે છે. આ ક્રમાનુસાર અરહંતને પહેલા અને સિધ્ધને પછી પઠિત કર્યા છે. બીજા વિભાગના પરમેષ્ઠીઓમાં પણ આ ક્રમ છે. આચાર્ય અને ઉપાધ્યાયની અપેક્ષા મુનિનું સ્થાન ઊંચું છે, કેમ કે ગુણસ્થાન–આરોહણ મુનિપદથી જ થાય છે, આચાર્ય અને ઉપાધ્યાય પદથી નહિ. અને આ જ કારણ છે કે અંતિમ સમયમાં આચાર્ય અને ઉપાધ્યાયને પોતપોતાનાં પદ છોડીને મુનિપદ ધારણ કરવું પડે છે. મુક્તિ પણ મુનિપદથી જ થાય છે અને રત્નત્રયની પૂર્ણતા આ જ પદમાં સંભવ છે. એટલે બંને વિભાગોમાં શ્રેષ્ઠ આત્માઓને પાછળથી પઠિત કરવામાં આવ્યા છે.

એક બીજું સમાધાન એ પણ છે કે : જે પ્રકારે પ્રથમ વિભાગના પરમેષ્ઠીઓમાં ઉપકારી પરમેષ્ઠીને પહેલા રાખ્યા છે, તેવી રીતે બીજા વિભાગના પરમેષ્ઠીઓમાં પણ ઉપકારી પરમેષ્ઠીને પ્રથમ સ્થાન આપેલ છે. આત્મ કલ્યાણની દ્રષ્ટિએ સાધુ પદ ઉત્તમ છે, પણ લોકોપકારની દ્રષ્ટિથી આચાર્યપદ શ્રેષ્ઠ છે. આચાર્ય સંઘના વ્યવસ્થાપક જ નથી હોતા, પણ પોતાના સમયના ચતુર્વિધ સંઘના રક્ષણની સાથે ધર્મનાં પ્રસાર–પ્રચારનું કાર્ય પણ કરે છે. ધાર્મિક દ્રષ્ટિથી ચતુર્વિધ સંઘની બધી વ્યવસ્થા તેમની ઉપર આધાર રાખે છે. તેઓ લોકવ્યવહારના જાણકાર પણ હોવા જોઈએ, જેથી લોકમાં તીર્થંકર દ્વારા પ્રવર્તાવેલા ધર્મનું ભલીભાઁતિ સંરક્ષણ કરી શકે. એટલે જનતાના ઉત્કર્ષની સાથે આચાર્યનો સંબંધ છે. એ પોતાના ધર્મોપદેશ દ્વારા લોકોને તીર્થંકર દ્વારા દર્શાવેલ માર્ગનું અવલોકન કરાવે છે. ભૂલ્યા–ભટક્યાને ધર્મપંથ બતાવે છે. એટલે લોકોના ધાર્મિક નેતા હોવાને કારણે આચાર્ય વધારે ઉપકારી છે. એટલે બીજા વિભાગના પરમેષ્ઠીઓમાં આચાર્યપદને પહેલું સ્થાન આપ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચાર્યથી ઓછા ઉપકારી ઉપાધ્યાય છે. આચાર્ય સર્વસાધારણને પોતાના ઉપદેશથી ધર્મમાર્ગમાં લગાવે છે, પણ ઉપાધ્યાય માત્ર એ જિજ્ઞાસુઓને અધ્યયન કરાવે છે, જેમના હૃદયમાં જ્ઞાનપિપાસા છે. એમનો સંબંધ સર્વસાધારણથી નથી, પણ મર્યાદિત અધ્યયનાર્થીઓ સાથે છે. એટલે આચાર્યની પછી ઉપાધ્યાયપદનો પાઠ પણ ઉપકારગુણની ન્યૂનતાને કારણે જ રાખ્યો છે.

છેલ્લે મુનિપદ અથવા સાધુપદનો પાઠ આવે છે સાધુ બે પ્રકારના છે : દ્રવ્યલિંગી અને ભાવલિંગી. આત્મકલ્યાણ કરવાવાળા ભાવલિંગી સાધુ છે. એ અંતરંગ–કામ, ક્રોધ, માન, માયા, લોભરૂપી પરિગ્રહથી તથા બહિરંગ–ધન, ધાન્ય, વસ્ત્ર વગેરે સર્વ પ્રકારના પરિગ્રહથી રહિત થઈને આત્મચિંતનમાં લીન રહે છે. તેઓ હંમેશા લોકોપકારથી અલગ રહીને આત્મસાધનામાં લીન રહે છે. જો કે એમની સૌમ્ય મુદ્રા અને તેમના અહિંસક આચરણનો પ્રભાવ પણ સમાજ ઉપર અમીટ પડે છે. પણ તેઓ આચાર્ય અથવા ઉપાધ્યાયની માફક લોકકલ્યાણમાં સંલગ્ન નથી રહેતા. એટલે 'સવ્વ સાહૂણં' પદને બધાથી અંતિમ રાખવામાં આવ્યું છે.[1]"

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે ણમોકાર મંત્રના પદક્રમમાં ઉપકારની અપેક્ષાને જ વધારે મહત્ત્વ આપેલ છે. □

મન્ત્રં સંસાર સારં ત્રિજગદનુપમં સર્વપાપારિમન્ત્રં,
સંસારોચ્છેદમન્ત્રં વિષમ–વિષહરં કર્મનિર્મૂલમન્ત્રં,
મન્ત્રં સિદ્ધિઃ પ્રદાનં શિવ–સુખ જનનં કેવલજ્ઞાન મન્ત્રં,
મન્ત્રં શ્રી જૈનમન્ત્રં જપ–જપ–જપિતં જન્મ નિર્વાણમન્ત્રમ્ (૧)

× × ×

આકૃષ્ટિં સુર સમ્પદાં વિદ્ધતે મુક્તિશ્રિયો વશ્યતાં,
ઉચ્ચાટં વિપદાં ચતુર્ગતિભુવા વિદ્વેષ માત્મૈનસામ્;
સ્તમ્ભં દુર્ગમન પ્રતિ પ્રયતતો મોહસ્ય સમ્મોહનં,
પાયાત્પંચનમસ્ક્રિયા ક્ષરમયી સારાધના દેવતા (૨)

૧. મંગલમંત્ર ણમોકાર : એક અનુચિન્તન, પાના સં. ૧૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ણમોકાર મંત્ર અને શબ્દશકિત

***"શબ્દબ્રહ્મ પરબ્રહ્મ કે, વાચક વાચ્ય નિયોગ,***
***મંગલરૂપ પ્રસિધ્ધહૈ, નમોં ધર્મ–ધન ભોગ.[૧]"***

પં. જયચંન્દજી છાબડાએ જે રીતે ઉપરના દોહામાં શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મમાં પરસ્પર વાચક–વાચ્ય સંબંધ બતાવ્યો છે, તેવી રીતે વાચકરૂપ ણમોકાર મંત્ર અને તેના વાચ્યરૂપ પંચપરમેષ્ઠીમાં પણ વાચક–વાચ્ય સંબંધ છે.

મંત્રોનું મનન બે પ્રકારથી થાય છે : અન્તર્જલ્પ અને બહિર્જલ્પ.

**અન્તર્જલ્પ :–** અનુભવપૂર્વક મંત્રનાં નામકરણનું અથવા તેનાં વાચ્યનાં સ્વરૂપનું ચિંતન કરવું એ અન્તર્જલ્પ છે.

**બહિર્જલ્પ :–** જીભથી મંત્રોનું શુદ્ધ ઉચ્ચારણ કરવું એ બહિર્જલ્પ છે.

ડો. નેમીચંદજી શાસ્ત્રીએ 'મંત્ર' શબ્દનો વ્યુત્પત્તિઅર્થ ત્રણ પ્રકારે કરેલ છે :

"પ્રથમ, દિવાદિગણની જ્ઞાનાર્થક 'મન્' ધાતુથી 'ત્ર' પ્રત્યય લગાવી બનાવેલ 'મંત્ર' શબ્દની વ્યુત્પત્તિ અનુસાર–'મન્યતે જ્ઞાયતે આત્મદેશોડનેન ઇતિ મન્ત્રઃ અર્થાત્ **જેના દ્વારા આત્માના નિજ–અનુભવ જાણી શકાય, તે મંત્ર છે."**

દ્વિતીય, તનાદિગણની અવબોધાર્થક 'મન્' ધાતુથી 'ત્ર' પ્રત્યય લગાવી બનાવેલ 'મંત્ર' શબ્દની વ્યુત્પત્તિના અનુસાર – 'મન્યતે વિચાર્યતે આત્મદેશો યેન સ મન્ત્રઃ અર્થાત્ **જેના દ્વારા આત્માના સ્વરૂપ ઉપર વિચાર થાય, એ મંત્ર છે.'**

તૃતીય, સમ્માનાર્થક 'મન્' ધાતુથી 'ત્ર' પ્રત્યય લગાવી 'મંત્ર' શબ્દ બને છે. એનો વ્યુત્પત્યર્થ છે–'સત્ક્રિયન્તે પરમપદે સ્થિતાઃ આત્માનઃ અનેન ઇતિ મંત્રઃ અર્થાત

---

૧. સમયસાર, પાના સં. ૧ (હિન્દી ટીકાનું મંગળાચરણ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેના દ્વારા પરમપદમાં સ્થિત પંચપરમેષ્ઠી સ્વરૂપ આત્માઓનો સત્કાર કરવામાં આવે છે, તે મંત્ર છે.[૧]"

અહીં એવું જણાવવામાં આવે છે કે મંત્રની ઉપર મુજબની ત્રણેય વ્યાખ્યાઓમાં આત્મા– પરમાત્માની જ મુખ્યતા છે. એટલે એને લૌકિક પ્રયોજનોથી જોડવું યોગ્ય નથી.

આ પ્રકારે મંત્રની ઉપર મુજબની ત્રણે વ્યુત્પત્તિપરક વ્યાખ્યાઓની કસોટી ઉપર ણમોકાર મંત્ર સાચો ઊતરે છે; કેમ કે :

પહેલાં તો આ મંત્ર દ્વારા આત્માનો નિજાનુભવ થાય છે અથવા આત્માનું સ્વરૂપ જાણવા મળે છે.

બીજું, પંચ પરમેષ્ઠીના સ્વરૂપના વિચારના માધ્યમથી આત્માના સ્વરૂપનું જ્ઞાન થાય છે.

અને ત્રીજું, આ મંત્ર દ્વારા પરમપદમાં સ્થિત પંચ પરમેષ્ઠીનો સત્કાર કર્યો છે.

મંત્ર માત્ર કોઈ સ્વરવિશેષમાં શબ્દોનું અથવા ધ્વનિઓનું ઉચ્ચારણ જ નથી, અને ન તો માત્ર વિચારને જ મંત્રની સંજ્ઞા આપી શકાય છે. મંત્ર ધ્વનિ અને જ્ઞાનાનુભૂતિનું એ સુંદર સમાયોજન છે, જે સ્મરણકર્તા અથવા જાપ કરવાવાળા ઉપર પોતાની એક અમિટ છાપ ઉપસાવે છે. શાબ્દિક ધ્વનિઓ મંત્રનું શરીર છે અને જ્ઞાનાનુભૂતિ એનો આત્મા છે.

પં. જયચન્દજી છાબડાએ પણ ઉપર મુજબ પદ્યમાં શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મમાં આ પ્રકારનો વાચક–વાચ્ય સંબંધ સ્વીકાર કર્યો છે.

જેવી રીતે ચેતનાથી શૂન્ય શરીર કેવળ મડદું છે, એવી રીતે ભાવશૂન્ય શબ્દોનું પણ કોઇ મૂલ્ય હોતું નથી.

કલ્યાણમન્દિર સ્તોત્રમાં પણ કહેલ છે :

**"યસ્માત્ ક્રિયા પ્રતિફલન્તિ ન ભાવ શૂન્યઃ**
અર્થાત્ – ભાવશૂન્ય ક્રિયાઓ ફળદાયક હોતી નથી."

---

૧. મંગલમંત્ર ણમોકાર : એક અનુચિન્તન, આમુખ પાના સં. ૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માત્ર શબ્દોના મૂળમાં એવી કોઈ ચમત્કારિક શકિત નથી, જેનો વિસ્ફોટ પાપોને ભસ્મ કરી દે, અથવા એવા વિદ્યુત તરંગો નથી, જે અણજાણને પણ વિદ્યુત કરન્ટની માફક સ્પર્શ માત્રથી પ્રભાવિત કરી શકે. જેવી રીતે આમલીના સ્વાદથી પરિચિત વ્યકિતનાં મોઢામાં આમલીનું નામ સાંભળવાથી પાણી આવી શકે, પરંતુ જેણે ક્યારેય આમલી ચાખી પણ ન હોય, તે ગમે તેટલું પણ આમલીનું નામ બોલે કે સાંભળે, તેના મોઢામાં પાણી નહિ આવે; એવી જ રીતે જેને ણમોકાર મંત્રના વાચ્ય પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ ધ્યાનમાં હોય, તેનું હૃદયકમળ જ ણમોકાર મંત્રને સાંભળવાથી ખીલી શકે છે, બીજાનું નહિ.

ઘણા લોકો કહે છે કે ણમોકાર મંત્રને વારંવાર વાંચવાથી તેની શબ્દશકિત બેટરીની માફક રિ-ચાર્જ થઈ જાય છે અને એમાં બીજાને પ્રભાવિત કરવાની અદ્ભુત ક્ષમતા આવી જાય છે. પણ એનો શબ્દાર્થ નહિ પણ અભિપ્રાય ગ્રહણ કરવો જોઈએ.

આ કથનનો પણ આજ અભિપ્રાય છે કે, જ્યારે ણમોકાર મંત્રને વારંવાર બોલવામાં આવે છે, ત્યારે નિશ્ચિત જ બોલવાવાળાના આત્મામાં તેના માધ્યમથી પંચપરમેષ્ઠીના સ્વરૂપની ધારણા મજબૂત થતી જાય છે. ખાલી શબ્દોમાં એવી કોઈ સ્વતંત્ર શકિત નથી, જે બીજા ને પ્રભાવિત કરી શકે. હા, નિમિત્ત—નૈમિત્તિક સંબંધ અવશ્ય છે, તો તેમાં નૈમિત્તિકની પણ પોતાની સમજરૂપ પોતાની યોગ્યતા અને એ અનુસાર પરિણમવાની શકિત હોય છે, ત્યારે મંત્રની શકિત ગતિમાન થઈને સાર્થક સિદ્ધ થાય છે.

ખરેખર, વાચ્યરૂપ પંચપરમેષ્ઠીનો મહિમા અને શકિતથી જ વાચક ણમોકાર મંત્રનો મહિમા અને શકિત માપી શકાય છે. પંચપરમેષ્ઠીના મહિમાથી જ જડ અક્ષરોનો મહિમા છે. જ્યારે પરમાત્માની પ્રતિષ્ઠાથી પત્થર પણ ભગવાન બની જાય છે, તો પંચપરમેષ્ઠીરૂપ પરબ્રહ્મના વાચક શબ્દ 'શબ્દબ્રહ્મ' સંજ્ઞાને પ્રાપ્ત કેમ ન કરી શકે? કરી શકે જ. □

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ણમોકાર મંત્ર અને મનોરથપૂર્તિ

જો કે પુરાણોમાં પ્રયોજનવશ પ્રથમાનુયોગની કથન પધ્ધતિ અનુસાર ણમોકાર મંત્રનાં માહાત્મ્યનું વર્ણન અને એ સંબંધી વાર્તાઓમાં ઘણી જગ્યાએ એવા ભાવ પણ પ્રગટ કરેલ છે કે, આ મહામંત્રના સ્મરણથી સમસ્ત લૌકિક ઇચ્છાઓ, સુખ–સમૃધ્ધિની પૂર્તિ થાય છે તથા પરલોકની સ્વર્ગાદિની સુખ સંપદાઓ પ્રાપ્ત થાય છે; પણ ખરેખર આ લૌકિક વિષય–કષાય માંથી જન્મેલી ઈચ્છાઓની પૂર્તિનો મંત્ર નથી, પણ એને ખલાસ કરવાવાળો મહામંત્ર છે. ખરેખર તો આ મહામંત્રના વિવેકી આરાધકોને લૌકિક ઈચ્છાઓ થતી જ નથી, થવી પણ ન જોઈએ, કેમકે આમાં જેને સ્મરણ તથા નમન કરવામાં આવ્યાં છે, તે સૌ વીતરાગી; મહાન આત્માઓ છે. તેઓ કોઈનું ભલું કે બૂરું નથી કરતા, ન કરી શકે. પંચપરમેષ્ઠીનાં શરણમાં આવવાથી જ્યારે લૌકિક ઈચ્છાઓ આપોઆપ જ ક્ષીણ થઈ જાય છે, તો પછી એની પૂર્તિનો પ્રશ્ન જ ક્યાં રહે છે ?

એ વાત જુદી છે કે પંચપરમેષ્ઠીના નિષ્કામ ઉપાસકોને પણ સાતિશય પુણ્યબંધ હોવાથી લૌકિક અનુકૂળતાઓ આપોઆપ મળતી જોવામાં આવે છે અને તેઓ તે અનુકૂળતાઓ તેમ જ સુખ–સુવિધાઓને સ્વીકાર કરતા તેમજ તેનો ઉપભોગ કરતા જોવામાં પણ આવે છે. પરંતુ સહજ પ્રાપ્ત ઉપલબ્ધિઓનો સ્વીકાર કરવો એ જુદી વાત છે અને એની ઇચ્છા કરવી એ બીજી વાત છે. બન્નેમાં જમીન–આસમાનનો અંતર છે.

આતિથ્યસત્કારમાં અનેક મિષ્ટાનોનું પ્રાપ્ત થવું અને એનો સહજ સ્વીકાર કરી લેવો જુદી વાત છે. અને તેની યાચના કરવી જુદી વાત છે. બન્નેને એક નજરથી નથી જોવાતું. જ્ઞાની પોતાની વર્તમાન પુરુષાર્થની હીનતાને કારણે પુણ્યોદયથી પ્રાપ્ત અનુકૂળતાની સાથે સમાધાન તો સહર્ષ સ્વીકાર કરી લે છે, પણ એ પુણ્યની કે પુણ્યના ફળની ભીખ ભગવાન પાસે ક્યારેય નથી માગતાં. મંત્રની આરાધનાના કાળમાં સંયોગવશાત્ જ્યારે કોઈને લૌકિક સુખ સામગ્રી અથવા સમૃદ્ધિ પ્રાપ્ત થઈ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય છે, તો બન્નેનો સમકાળ હોવાથી આવી ભ્રાન્તિ થવી સ્વાભાવિક છે કે આ સમૃદ્ધિ આ મંત્રના પ્રતાપથી પ્રાપ્ત થઇ છે. બિલાડીનું ઝપટવું અને જૂના–પુરાણા શીકાનું તૂટવું કોઈ કોઈ વખતે એક સમયમાં થઈ જાય છે, ત્યારે પણ એમ જ કહેવાય છે કે બિલાડીએ શીકું તોડી નાખ્યું. બિલાડી તો દરરોજ ઝપાટા મારતી હતી અને શીકું આજ સુધી ન તૂટયું. જો તેના ઝપટવાથી જ શીકું તૂટયું હોય તો કાલ સુધી કેમ ન તૂટયૂં? એવી જ રીતે આજ મંત્ર વર્ષોથી બોલતા આવીએ છીએ અને આજ સુધી કોઈ લૌકિક લાભ ન થયો. જો એનાથી થાય તો અત્યાર સુધી તો ક્યારનો થઈ જવો જોઈતો હતો.

હા, આ વાત અવશ્ય છે કે મંત્રારાધનાના કાળમાં સહજ જ શુભોપયોગ થવાથી સાતિશય પુણ્યનો બંધ થાય છે, એ પુણ્યના ઉદયકાળમાં ધર્માચરણને માટે લૌકિક અનુકૂળતા સહજ જ પ્રાપ્ત થઈ જાય છે.

ણમોકાર મંત્રની આરાધનાનું છેલ્લું ફળ તો અપવર્ગની ઉપલબ્ધિ જ છે; પણ એની આરાધનાના માર્ગમાં ઘણી બધી લૌકિક ઉપલબ્ધિઓ પણ પ્રાપ્ત થતી રહે છે, જે સમય–સમય પર એનો મહિમા વધારવામાં લાગી રહે છે. એ ઉપલબ્ધિઓનું મૂળ કારણ પંચપરમેષ્ઠીના પ્રતાપથી પ્રાપ્ત કષાયની સહજ મંદતા તેમજ તેનાથી પ્રાપ્ત પુણ્યનો ઉદય છે, બસ આ જ ણમોકાર મંત્રનો ચમત્કાર છે. □

## મંત્રરાજ મન ધાર !

બૈઠત ચલતે સોવતે, આદિ અંત લોં ધીર,
ઈસ અપરાજિત મંત્ર કો, મત વિસરો હે વીર.
સકલ લોક સબ કાલ મેં, કર્વાગમ મેં સાર,
'ભૂધર' કબહૂઁ ન ભૂલિએ, મંત્રરાજ મન ધાર.

–કવિવર ભૂધરદાસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ણમોકાર મંત્રનો પાઠભેદ

ગ્રંથના મંગલાચરણરૂપે રચિત આ મહામંત્રના 'અરહંતાણં' પદની વ્યાખ્યામાં વીરસેન સ્વામીએ જે તેના પાઠભેદની ચર્ચા કરતા અરહંત, અરિહન્ત અને અરુહન્ત પદોની વ્યાખ્યા કરેલ છે, તે આ પ્રકારે છે :

'અરહંત' અર્થાત્ દેવો દ્વારા પૂજ્ય, 'અરિહન્ત' અર્થાત્ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અન્તરાય—આ ચાર ઘાતિયા કર્મશત્રુઓનો નાશક તેમજ 'અરુહન્ત' અર્થાત્ સંસારરૂપી વૃક્ષના બીજને દગ્ધ કરવાવાળા અરહન્ત ભગવાનને અમારા નમન હો.[1]

શ્વેતામ્બર આમ્નાયના પાઠોમાં દિગમ્બર આમ્નાયના પાઠોના કરતાં કોઈ મૌલિક ભેદ નથી. અન્તર કેવળ 'ણમો'ની જગ્યાએ 'નમો' પાઠમાં છે. પણ વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ 'ણમો' પાઠ જ યથાર્થ છે; કેમ કે આ પાઠના ઉચ્ચારણમાં આત્માની શક્તિ વધારે લાગે છે, એટલે ઉપયોગની સ્થિરતા વધારે હોવાથી ફળની પ્રાપ્તિ શીઘ્ર થાય છે.ણમોકાર મંત્રના ઉચ્ચારણમાં જે પ્રાણવાયુના સંચારની જરૂરત હોય છે, એ 'ણમો'ના ઘર્ષણથી જ ઉત્પન્ન થઈ શકે છે. એટલે 'ણમો' જ બરાબર છે. આ સિવાય "આઇરિયાણં" ની જગ્યાએ કયાંક કયાંક "આયરિયાણં" પાઠ પણ મળે છે, પણ એના અર્થમાં કોઇ અન્તર નથી.

'ચત્તારિ મંગલં' પાઠમાં પણ કંઇક પાઠભેદ છે, જે આ પ્રકારે છે :

'લોગુત્તમા' ની જગ્યાએ 'લોગોત્તમા' અને 'પવ્વજ્જામિ' ની જગ્યાએ 'પવજ્જામિ' જોવામાં આવે છે.

આ પાઠભેદ પાઠકોની સામાન્ય જાણકારી માટે આપવામાં આવે છે, પણ એનાથી પાઠકોએ ભ્રમિત ન થવું જોઈએ. જે વ્યાકરણસમ્મત મૂળ પાઠ આપેલ છે, એ જ બોલવા; એને જ સાચું માની ઉચ્ચારણ કરવું જોઈએ. □

---

૧. 'અતિશયપૂજાર્હત્વાદ્વાર્હન્તઃ' તથા ભ્રષ્ટબીજવન્નિજશ્કીતકૃતાઘાતિકર્મણો. ધવલા ટીકા, પાના સં. ૪૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# દ્રવ્યશ્રુત અને ણમોકાર મંત્ર

દૈવયોગથી આ પણ એક સહજ સંયોગ જ સમજવો જોઈએ કે, આ મહામંત્રની શાબ્દિક સંરચના પણ આ પ્રકારની સંગઠિત થઈ છે કે, જેમાં દ્રવ્યશ્રુતનાં બધાં વર્ણ (અક્ષર) આવી જાય છે.

પ્રાકૃત ભાષાના નિયમાનુસાર તો આ મહામંત્રમાં આ ભાષાના ચારે મૂળ સ્વર (અ, ઇ, ઉ અને એ) અને બાર વ્યંજન (જ, ઝ, ણ, ત, દ, ધ, ય, ર, લ, વ, સ અને હ) નિહિત છે જ, સંસ્કૃત વર્ણમાળા અનુસાર પણ "અર્હંતાણં" ના "અર્હં" પદમાં વર્ણમાળાના પ્રારંભિક "અ" તેમજ અંતિમ વર્ણ "હ" આવી જવાથી સંપૂર્ણ વર્ણમાળાનું પ્રતિનિધિત્વ થઈ જાય છે.

આના સિવાય આ મહમંત્રમાં પાંચ પદ અને એ પાંચ પદોમાં પાંત્રીસ અક્ષર છે. પહેલા–'ણમો અરિહંતાણં' પદમાં ૭, બીજા– 'ણમો સિધ્ધાણં'માં ૫, ત્રીજા– 'ણમો આઇરિયાણં' માં ૭, ચોથા – 'ણમો ઉવજ્જાયાણં' માં ૭ અને પાંચમા – 'ણમો લોએ સવ્વ સાહૂણં' પદમાં ૯ અક્ષર છે. આ પ્રકારે કુલ ૭ + ૫ + ૭ + ૭ + ૯= ૩૫ અક્ષર થયા. એમાં ૩૦ તો સ્વરસંયુક્ત વ્યંજન છે અને ૫ સ્વતંત્ર સ્વર છે. એના સ્વર તેમજ વ્યંજનોનું વિશ્લેષણ કરીને જોઈએ તો એમાંથી મંત્રશાસ્ત્રના વ્યાકરણના નિયમાનુસાર પહેલા પદના અરહંતાણં માં "અ" નો લોપ થઈ જાય છે, એટલે સ્વર ૩૪ તેમજ સ્વરસંયુક્ત વ્યંજન ૩૦ છે, આ પ્રમાણે કુલ મળીને આ મંત્રમાં ૬૪ અક્ષર થાય છે અને પૂરી વર્ણમાળામાં પણ ૬૪ અક્ષર હોય છે.

આ પ્રકારે વર્ણમાળાની સંખ્યાની અપેક્ષાએ પણ આ મહામંત્રમાં દ્રવ્યશ્રુતની પૂરી વર્ણમાળા આવી જાય છે.

એટલે દ્રવ્યશ્રુતની પૂર્ણ વર્ણમાળાની દ્રષ્ટિએ પણ ણમોકાર મંત્રનો જાપ કરવાથી દ્વાદશાંગનું પરાયણ (પાઠ) થઈ જાય છે. આ અપેક્ષાએ પણ ણમોકાર મંત્રને સંપૂર્ણ દ્વાદશાંગનું ટૂંકુ સંસ્કરણ કહી શકાય તેમ છે.

પણ આ અપેક્ષા જિનાગમમાં અત્યંત ગૌણ છે; કેમ કે જૈન ધર્મ આત્માનો ધર્મ છે. એમાં ભાવોની પ્રધાનતા છે, તત્ત્વજ્ઞાનની મુખ્યતા છે. આત્માનો યોગ તેમજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



*ઉપયોગના સ્વભાવ સન્મુખ થયા વગર, તત્ત્વજ્ઞાન થયા વગર કેવળ મંત્રોચ્ચારણ વધારે કાર્યકારી નથી. એટલે ણમોકાર મંત્રના માધ્યમથી પંચ પરમેષ્ઠીના સ્વરૂપનું અવલંબન લઈને જે વ્યકિત પોતે આત્મામાં પોતાનો ઉપયોગ સ્થિર કરે છે, એ જ આ મંત્રના યોગ્ય લાભથી લાભાન્વિત થાય છે.* □

## "ન" અને "ણ"

વિશ્વભારતી લાડનૂંથી પ્રકાશિત 'તુલસી પ્રજ્ઞા' પત્રિકા (ઓકટો. + ડિસે. '૯૩) ના લેખાનુસાર પણ 'ણ' જ ઉપયુકત છે, યથાર્થ છે. ત્યાં લખેલ છે – 'ણમો' ના ઉચ્ચારણથી જે ધ્વનિ ઉત્પન્ન થાય છે, તે સ્વરમય હોવાથી તથા 'ન' થી બૃહદ હોવાથી મંત્ર આરાધકના શરીરની હૃદયતંત્રીને વધુ સમય સુધી તરંગિત કરે છે. આનાથી મંત્રોચ્ચારણ કરવાવાળાનું ધ્યાન જ્યાં ત્યાં ન ભટકીને પોતાના લક્ષ્ય તરફ નિશ્ચિત ગતિથી અગ્રસર થાય છે.

ણમોકાર મંત્રના પ્રત્યેક પદના પ્રારંભમાં તથા અંતમાં 'ણ' વર્ણ આવ્યો છે. મંત્રની અન્તર્ગત કુલ દસ 'ણ' છે. પ્રત્યેક પદના પ્રારંભનો 'ણ' અનુસ્વાર વગરનો છે અને અંતનો 'ણ' અનુસ્વાર સહિત છે. સંગીતશાસ્ત્ર તથા શરીરવિજ્ઞાન અનુસાર પ્રારંભનો 'ણ' ધ્વનિને ગતિ આપે છે અને અંતનો 'ણ' ધ્વનિને વિરામ આપે છે. ભાષાવિજ્ઞાન અનુસાર પણ પ્રારંભના 'ણ'ની ધ્વનિઓ ગતિમાન થતી શરીરના રોમ રોમને ઝંકૃત કરી દે છે અને અંતનો 'ણ' વર્ણ ઉકત ધ્વનિઓને ધીરે ધીરે વિરામ દે છે. આ પ્રમાણે 'ણ' નું ઉચ્ચારણ ચિત્તને સ્થિરતા પ્રદાન કરે છે.

'ણ' ની ધ્વનિ 'ન' થી વધુ પ્રભાવી અને વજનદાર છે. આ કારણે એ શરીરના બધાં સ્નાયુતંત્રોને તરંગિત કરતી ચિંતનધારાને ગતિ પ્રદાન કરે છે. સંગીતકળાની દ્રષ્ટિથી 'ણ' નો પ્રભાવ 'ન' ની તુલનામાં વધુ પ્રભાવી છે.

આ કર્તા–કર્મ સંબંધ તો નથી, પણ સહજ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ તો છે જ, એટલે 'ણ' નો પ્રયોગ જ ઉચિત છે.

–લેખક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ઉપસંહાર

સંપૂર્ણ જૈન સમાજમાં સર્વાધિક શ્રધ્ધાસ્પદ, કરોડો કંઠેથી દર રોજ અનેકાનેક વાર ઉચ્ચારિત આ ણમોકાર મહામંત્રમાં સીધા સાદા અનલંકૃત શબ્દોમાં વીતરાગી પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરેલ છે. ન તો તેમાં બીજાક્ષરોનો પ્રયોગ છે અને ન તો તેમાં કાંઈ રહસ્ય પણ છે. બધું એકદમ સ્પષ્ટ છે.

લૌકિક કામનાઓથી લોલુપ, ચમત્કારપ્રિય જગતને એવું લાગે છે કે આ કેવો મહામંત્ર છે, જેમાં ન તો "ૐ હ્રૌં હ્રીં" વગેરે બીજાક્ષરોનો ઘટાટોપ છે અને ન તો સંકટોનો ઉપાય તેમજ સંપત્તિઓની પ્રાપ્તિની વિચારણા છે. સર્વસુલભ આ મહામંત્રમાં એવું શું છે, જેના કારણે આ સાધારણ જેવું મંગળાચરણ સર્વમાન્ય મહામંત્ર બની ગયું અને કરોડો–કરોડો કંઠોનો કંઠહાર બની ગયો ?

એ તો પહેલા જ સ્પષ્ટ થઈ ગયું છે કે, આ મહામંત્રની સરળતા, સહજગ્રાહ્યતા તેમજ નિષ્કામ વંદના જ આની મહાનતાનું મૂળ કારણ છે. માત્ર આ મહામંત્રની જ નહિ, પણ સંપૂર્ણ વીતરાગી જૈન દર્શનની પણ આ જ મહાનતા છે કે, એ ઇચ્છાઓની પૂર્તિમાં નહિ, નાશમાં આનંદ માને છે; વિષયભોગોની ઉપલબ્ધિમાં નહિ, ત્યાગમાં આનંદ માને છે. જગતના સહજ સ્વાભાવિક પરિણમનને વસ્તુનો સ્વભાવ માનવાવાળા અકર્તાવાદી જૈનદર્શનમાં ચમત્કારનું કોઈ સ્થાન નથી. વીતરાગી પંચ પરમેષ્ઠીઓના ઉપાસક સાચા જૈન વીતરાગી ભગવાન પાસેથી વીતરાગતા સિવાય બીજું કશું નથી ઇચ્છતા– જૈન દર્શનનું આ પરમ સત્ય જ આ મહામંત્રમાં પ્રગટ થાય છે.

આ મહામંત્રની મહિમાવાચક જે સર્વાધિક પ્રાચીન તેમજ સર્વાધિક પ્રચલિત ગાથા ઉપલબ્ધ થઈ છે એમાં પણ આ કહ્યું છે કે, આ મહામંત્ર બધાં પાપોનો નાશ કરવાવાળો અને બધા મંગળોમાં પહેલો મંગળ છે. આ ગાથામાં કોઈ પણ શબ્દથી એ વ્યકત નથી થતું કે , આ મહામંત્ર શત્રુવિનાશક અથવા વિષયભોગનો દાતા છે. આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મહામંત્ર શત્રુનાશક તો નથી, પણ શત્રુતાનાશક અવશ્ય છે; આ પ્રકારે વિષયભોગ પ્રદાતા તો નથી, પણ વિષયવાસના વિનાશક અવશ્ય છે.

આ મહામંત્ર ભૌતિક મંત્ર નથી પણ આધ્યાત્મિક મહામંત્ર છે, કેમ કે તેમાં આધ્યાત્મિક પરાકાષ્ટાને પ્રાપ્ત પંચપરમેષ્ઠીઓનું સ્મરણ કરવામાં આવ્યું છે. એટલે એની મહાનતા પણ ભૌતિક ઉપલબ્ધિઓમાં નહિ, પણ આધ્યાત્મિક ચરમોપલબ્ધિમાં છે. એટલે એનો ઉપયોગ પણ ભૌતિક ઉપલબ્ધિઓની કામનાથી ન કરવામાં આવે, પરંતુ, આધ્યાત્મિક ઉપલબ્ધિઓ માટે કરવામાં આવે છે અને કરવો જોઈએ. ભૌતિક અનુકૂળતાની ઇચ્છાથી એનો ઉપયોગ કરવો એ કાગડાને ઉડાડવા માટે ચિન્તામણિ રત્નને ફેંકી દેવા બરાબર છે.

આધ્યાત્મિક વ્યાધિ મોહ–રાગ–દ્વેષનો નાશ કરવા માટે આ પરમૌષધિ છે, વિષય – વાસનારૂપી વિષને ઉતારવા આ નાગદમની જડી–બૂટી છે, ભવસાગરથી પાર ઉતારવા માટે અદ્‌ભૂત અપૂર્વ જહાજ છે, વધારે શું કહેવું પણ નિજાત્માના ધ્યાનથી ચ્યૂત થવા પર એકમાત્ર શરણભૂત આ જ મહામંત્ર છે. એમાં જેઓને નમન કરવામાં આવ્યાં છે, એ પાંચ પરમેષ્ઠી જ છે. વિષય–વાસનાઓથી વિરકત જ્ઞાની ધર્માત્માઓને શરણભૂત એકમાત્ર આ મહામંત્ર છે, જેમાં નિષ્કામ ભાવથી આધ્યાત્મિક ચરમોપલબ્ધિના પ્રતિ નતમસ્તક થવાયું છે.

ભલે આ ગાથાબધ્ધ મહામંત્રની શાબ્દિક રચના કોઈ કાળ–વિશેષમાં કોઈ વ્યકિત વિશેષના દ્વારા કરેલ હોય, તો પણ આ મહામંત્ર પોતાની વિષયવસ્તુ તથા ભાવનાની દ્રષ્ટિથી સાર્વકાલિક અનાદિ–અનંત અને સાર્વભૌમિક છે, કેમ કે એમાં કોઈ વ્યકિત વિશેષને નમસ્કાર ન કરતાં પંચપરમપદોને નમસ્કાર કરેલ છે. આ પરમપદ સાર્વકાલિક છે, એટલે આ મહામંત્ર પણ સાર્વકાલિક જ છે. બધાના માટે અત્યંત ઉપયોગી હોવાથી આ સાર્વભૌમિક પણ છે.

બધાં ક્ષેત્રોમાં અને બધા કાળોમાં રહેવાવાળા સર્વ પ્રાણીઓને સમાન રૂપે શાંતિ પ્રદાન કરવાવાળો આ મહામંત્ર બધા જીવો માટે પરમ મંગળ હો, પરમોત્તમ હો તથા પરમ શરણભૂત હો –એવી મંગળ કામનાની સાથે વિરામ લઉં છું.

□

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ણમોકાર મહામંત્ર : દંતકથાઓ અને વાર્તાઓ

આ મહામંત્રની મહાનતાના સંબંધમાં સમય–સમય પર પ્રચારિત દંતકથાઓ તથા પૌરાણિક કથા–વાર્તાઓથી જ્યાં એક તરફ જૈન જગતમાં આ મહામંત્ર પ્રતિ શ્રધ્ધા ઉત્પન્ન થઈ છે, જિજ્ઞાસા જાગી છે; ત્યાં બીજી તરફ અંધવિશ્વાસ તથા ખોટી ધારણાઓ પણ ઓછી પ્રચલિત નથી થઈ. આ ખોટી ધારણાઓ તથા અંધવિશ્વાસના નિરાકરણ માટે આ મહામંત્રના સાચા સ્વરૂપની તથા પ્રચલિત કથા તથા વાર્તાઓનું જેટલું પણ અનુશીલન/પરિશીલન કરવામાં આવે, તેટલું ઓછું છે.

જુઓ, આ ભોળા ભકતોનો અવિવેક, આવા વીતરાગી – સર્વજ્ઞ ભગવાનથી કેવી કેવી સોદાબાજી કરે છે. એમનાથી પોતાના મનોરથોની પૂર્તિ કરાવવા માટે એમને કેવા કેવા પ્રલોભન આપે છે. એમનાથી કેવી કેવી શરતો લગાવે છે. કહેવાય છે : "જો તમે અમારા બાળકને ઠીક કરી દેશો , મુકદમો જીતાવી દેશો, નફો કરાવી દેશો, લોટરી લગાડી દેશો..... તો અમે તમને છત્ર ચડાવશું, પૂજા–વિધાન કરાવશું, ઘીના દીપકથી અખન્ડ જ્યોતિ જલાવશું, આપના તીર્થસ્થાનની સસંઘ યાત્રા કરવા આવશું. જો વહુને દીકરો જન્મે તો એનું મુંડન કરાવવા તો અહીં આવશું જ , સપરિવાર વહુના હાથે વળાવવા પણ આવશું, મંદીરનો જિર્ણોદ્ધાર કરાવી દેશું, તીર્થ પર પગથિયાં લગાવડાવી દેશું. જાણે ભગવાન આ બધું કરાવવા માટે ઝંખી રહ્યા હોય, તેમ તે આશા રાખીને જ બેઠા હોય !

આ લોકોને પોતાના ભગવાન ઉપર આટલો પણ ભરોસો નથી કે, પહેલા પૂજા – પાઠ આદિ જે કરાવવા ઇચ્છતા હોય, તે કરાવી દે; પછી કામ તો થઈ જ જશે. પણ નહિ, શું ભરોસો ભગવાનનો ? કામ ન થયું તો ? દુનિયામાં લોકો આવી શંકા નથી કરતા. પ્લેન તથા રેલવેની ટિકિટ મહિનાઓ પહેલાં લઇ લે છે, માલની અગ્રિમ કિંમત પહેલા આપે છે, ડોક્ટરની ફીસ પહેલા આપે છે, પણ ભગવાનના પૂજા–પાઠ કામનાઓ પૂરી થયા પછી જ કરશે !

ણમોકાર મહામંત્ર જેવા અનાદિ શાશ્વત અચિન્ત્ય મહિમાવંત મહામંત્રની સાથે પણ, ખબર નહિ માણસો કેવી કેવી સશર્ત કામનાઓ કરે છે ? ત્યારબાદ લૌકિક ઘટનાઓ સાથે જોડીને એનો મહિમા વધારવા ઇચ્છે છે. પણ લૌકિક કાર્યોની સિદ્ધિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ જવાથી અલૌકિક મહામંત્રનો મહિમા કેવી રીતે વધી શકે ? અરે ભાઈ ! લૌકિક કાર્યોની સિદ્ધિનો તો પુણ્યના પ્રતાપથી થાય છે, સીધા મંત્રના જાપ જપવાથી નહિ. હા, જો નિષ્કામભાવથી મંત્ર જપતા જો કષાય અત્યંત મંદ રહે, તો પુણ્યબંધ થાય છે; પણ જ્ઞાની એને પણ ઉપાદેય નથી માનતા. એના ફળમાં લૌકિક કામનાઓ નથી કરતા. લૌકિક કામનાઓથી તો ઊલટું પાપબંધ જ થાય છે, કેમકે આવી કામનાઓ તો તીવ્ર કષાયોમાં જ સંભવ છે.

અહીં કોઈ કહી શકે છે કે, "શું પુરાણોની વાર્તાઓ અનુસાર એ માનવું મિથ્યા છે કે, ણમોકાર મહામંત્રના સ્મરણમાત્રથી એમનાં બધાં સંકટ દૂર થયાં હતા ? અથવા ણમોકાર મંત્રના જાપથી બધાં સંકટ દૂર થઈ જાય છે અને બધાં પાપ નષ્ટ થઈ જાય છે ? જેમ કે પુણ્યાસ્ત્રવ કથાકોષમાં ઉલ્લેખીત એ વાર્તાઓમાં એવું કહેવામાં આવ્યું છે."

★ પહેલી વાર્તામાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે, સુગ્રીવના જીવે બળદની યોનિમાં મરણાસન્ન દશામાં શેઠ દ્વારા ણમોકાર મંત્ર સાંભળીને સ્વર્ગ પ્રાપ્ત કર્યું હતું.

★ બીજી વાર્તામાં સાફ સાફ કહેવામાં આવ્યુ છે કે, ચારણઋદ્ધિધારી ઋષિઓ દ્વારા પ્રબોધ પ્રાપ્ત કરેલ વાંદરો મહામંત્ર ણમોકારના પ્રભાવથી બંને લોકોમાં સુખ ભોગવીને કેવળીપદને પ્રાપ્ત થયો.

★ ત્રીજી વાર્તામાં ચર્ચા આવી છે કે, રાજા વિંધ્યકીર્તિની પુત્રી વિજયશ્રી સુલોચના દ્વારા સંભળાવવામાં આવેલ મંત્રના પ્રભાવથી તે ઇન્દ્રાણી બની ગઇ.

★ ચોથી વાર્તામાં એમ કહેવામાં આવ્યું છે કે, એ બકરો જેને મરણ સમયે ચારુદત્તે ણમોકાર મંત્ર સંભળાવ્યો, જેથી એ દિવ્ય શરીરવાળો દેવ બન્યો.

★ પાંચમી વાર્તામાં એવું કહેવામાં આવ્યું છે કે, એ નાગ–નાગણ જેમને પાર્શ્વકુમારે મરણાસન્ન દશામાં ણમોકાર મંત્ર આપ્યો હતો, જેથી એ ધરણેન્દ્ર–પદ્માવતી થયાં.

★ છઠ્ઠી વાર્તામાં એવું કહ્યું છે કે, કીચડમાં ફસાએલી હાથણી વિદ્યાધર દ્વારા દેવામાં આવેલ મહામંત્રના પ્રભાવથી બીજા જનમમાં રાજા જનકની પુત્રી સીતા થઈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



★ સાતમી વાર્તામાં એમ કહેવામાં આવ્યું છે કે, દઢસૂર્ય ચોર શૂળી ઉપર અસહ્ય દુઃખથી વ્યાકુળ થઈ જો કે જળ પીવાની આશાથી ણમોકાર મંત્રનું ઉચ્ચારણ કરી રહ્યો હતો, તથાપિ એના પ્રભાવથી એ દેવપર્યાયને પ્રાપ્ત થયો.

★ અંતિમ આઠમી વાર્તામાં તો ત્યાં સુધી કહી દીધું છે કે, વિવેકહીન સુભગ ભરવાડ એ મંત્રના કેવળ પ્રથમ પદના ઉચ્ચારણ માત્રથી તદ્ભવ મોક્ષગામી સુદર્શન શેઠ થયા અને એ જ ભવથી મુક્તિ પ્રાપ્ત કરી.

અહીં આ શંકા સ્વાભાવિક છે કે, શું આ વાર્તાઓ કલ્પિત છે, મિથ્યા છે?

સમાધાન: ના, પૌરાણિક વાર્તાઓ પૌરાણિક હોય છે, ન કલ્પિત, ન મિથ્યા; પરંતુ પ્રથમાનુયોગના પ્રયોજન તથા કથન પધ્ધતિને ન સમજવાવાળા વાર્તાઓનો અન્ય અભિપ્રાય ગ્રહણ કરીને અર્થનો અનર્થ કરતા અવશ્ય દેખાય છે. જો ઉપર મુજબની વાર્તાઓના કથનનું પ્રયોજન તથા અભિપ્રાય ગ્રહણ કરીને અક્ષરોક્ષર સર્વથા એવું જ માની લેવામાં આવે તો જે પ્રતિદિન નિયમિત રૂપથી ત્રિકાળ ણમોકાર મંત્રનો જાપ કરે છે, પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે છે, એમનાં જીવનમાં અનેક દુઃખ કે સંકટ કેમ જોવામાં આવે છે? અથવા સ્વયં પંચ પરમેષ્ઠીમાં સૂચિત છે, એવા પાંચેય પાંડવ ઉપર આવો ભયંકર ઉપસર્ગ કેમ થયો? એમને અંગાર જેવા જલતા લોઢાના કડા કેમ પહેરાવવામાં આવ્યા? અને પહેરાવી પણ દીધા, તો ઠંડા કેમ ન થયા?

આવાં બીજાં પણ અનેક પૌરાણિક ઉદાહરણ આપી શકાય એમ છે; જેમણે હૃદયથી પંચ પરમેષ્ઠીની આરાધના કરી પ્રતિદિન ણમોકાર મંત્રનો જાપ કર્યો અને સ્વયં પણ પંચ પરમેષ્ઠીનાં પદો પર વિરાજમાન રહ્યા, છતાં પણ એમને અનેક પ્રતિકૂળ પ્રસંગોનો સામનો કરવો પડયો.

જેમ કે :(૧) ભાવલિંગી સંત તદ્ભવ મોક્ષગામી સુકુમાલ મુનિને શિયાળણીએ ફાડી ખાધા, (૨) સુકૌશલ મુનિરાજને સિંહણે ફાડી ખાધા, (૩) ગજકુમાર મુનિરાજના માથા ઉપર જલતી સગડી રાખી દેવામાં આવી, (૪) રાજા શ્રેણિક દ્વારા મુનિરાજના ગળામાં મરેલો સાપ નાખવાથી મુનિરાજને લાખો–લાખ કીડિઓ કરડી, (૫) શ્રીપાલને કુષ્ઠ રોગે ઘેર્યો, (૬) તીર્થંકરના ભવમાં મુનિ પાર્શ્વનાથ પર કમઠે ઉપસર્ગ કર્યો, (૭) પ્રથમ તીર્થંકર મુનિરાજ આદિનાથને છ મહિના સુધી દર રોજ લગાતાર આહારની ચર્યા પર નીકળવા છતાં પણ આહાર ન મળ્યો, (૮) મહાસતી સીતાને બે બે વાર વનવાસનું દુઃખ ઉઠાવવું પડયું, (૯) તદ્ભવ મોક્ષગામી રામ પણ ૧૪ વર્ષ વન વન ભટકતા ફર્યા, (૧૦) પ્રદ્યુમ્નકુમારને અનેક સંકટોનો સામનો કરવો પડયો, (૧૧) જીવન્ધર તથા એમના માતા–પિતા રાણી વિજયા તથા સત્યન્ધરને મરણતુલ્ય કષ્ટ સહન કરવાં પડયાં, (૧૨) મહાસતી મનોરમાને મજૂરી કરવી પડી, (૧૩) સુદર્શન શેઠને શૂળી પર ચડવું પડયું, (૧૪) સેકડો મુનિઓને ઘાણીમાં પિસાવું પડયું,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



*(૧૫) અકમ્પનાચાર્ય આદિ ૭૦૦ મુનિઓને બલિ આદિ મંત્રીઓ દ્વારા કરવામાં આવેલ ઉપસર્ગ સહેવો પડયો. આખરે આવું કેમ થયૂં ?*

*જ્યારે કે આ બધા પંચ નમસ્કાર મંત્રના આરાધક તો હતા જ, આમા વધારે પડતા તદ્ભવ મોક્ષગામી અને ભાવલિંગી સંત પણ હતા અને આદિનાથ તથા પાર્શ્વનાથ તો સાક્ષાત્ તીર્થંકર ભગવાનની પૂર્વભૂમિકામાં જ સ્થિત હતા, છતાં પણ એમના ઉપર ઉપસર્ગો કેમ થયા ?*

*આથી એ સ્પષ્ટ થાય છે કે એકલા મંત્રોના સ્મરણથી જ કાર્યની સિધ્ધિ નથી થતી. કાર્યની સિધ્ધિ તો અનેક કારણોથી થાય છે, પણ જે કારણનો મહિમા બતાવવો હોય છે, તેમાં પ્રથમાનુયોગની વાર્તાઓમાં એને મુખ્ય કરીને બાકીનાં કારણોને ગૌણ કરી દેવામાં આવે છે. આ જ પ્રથમાનુયોગની કથનશૈલી છે. વિશેષ જાણકારી માટે મોક્ષમાર્ગપ્રકાશકના આઠમાં અધ્યાયમાં આવેલ "પ્રથમાનુયોગનું પ્રયોજન" (પાના સં. ૨૭૧–૨૭૨) તથા "પ્રથમાનુયોગનાં વ્યાખ્યાનનું વિધાન" (પાના સં. ૨૭૪ થી ૨૭૭) અવશ્ય જોવાં.*

*જુઓ ! એક કાર્ય થવામાં અનેક કારણ મળે છે. ત્યારે કયાંક જઈ કાર્ય સંપન્ન થાય છે તથા પોતપોતાના દષ્ટિકોણથી બધાં કારણો મહત્વપૂર્ણ હોય છે. જે પ્રકારે લાખો રૂપિયાના મશીનમાં બે રૂપિયાના સ્ક્રૂનું પણ મહત્ત્વપૂર્ણ યોગદાન હોય છે, તે પ્રમાણે પ્રત્યેક કાર્યમાં બધાં કારણોના પોતપોતાના સ્થાન છે, પણ તેના કથનમાં કયારેક કોઈ કારણ મુખ્ય હોય, તો કયારેક કોઈ અન્ય.*

*ઉદાહરણ તરીકે આપણે એક એવા બિમાર વ્યકિતને લઈએ, જેને અચાનક હાર્ટએટેક આવ્યો છે અને ડોકટરના મત અનુસાર જો સમય પર મેડિકલ સહાયતા ન મળત તો તે બે કલાકમાં જ શ્વાસ તોડવાનો હતો, પરંતુ પાડોશીએ યથાસમય એને ઇમરજન્સી વોર્ડમાં પહોંચાડીને તથા હોશિયાર ડોક્ટરને બોલાવીને, રાતના બે વાગે મેડિકલ સ્ટોર્સ ખોલાવી, બિમારને બચાવવા માટે અત્યંત આવશ્યક દવાની વ્યવસ્થા કરી દીધી; જેથી એ બિમાર વ્યકિત બચી ગયો. આ પ્રમાણે તે રોગીના પ્રાણ બચાવવાનાં ચાર કારણો મળ્યાં : (૧) પાડોશી (૨) ડોક્ટર (૩) મેડિકલ સ્ટોર્સવાળો અને (૪) દવા.*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હવે જુઓ, આ ઘટનાના પ્રત્યક્ષદર્શિયોમાંથી એક વ્યકિત તો પાડોશીનાં ગીત ગાતા કહે છે, "પાડોશી હોય તો આવા હોય. જો તે સમય પર વ્યવસ્થા ન કરત, તો બિચારો મરી જ જાત."

બીજો ડોક્ટરના ગીત ગાતા કહે છે, "કદાચ ! આવો હોશિયાર ડોક્ટર સમય પર ન મળત, તો એ બિચારો પોતાના જીવનથી જ હાથ ધોઈ બેસત. "

ત્રીજો કહે છે, "અરે ! આ તો બધું ઠીક છે, પણ જો એ દવા સમય પર મળી ન હોત તો બિચારો ડોક્ટર પણ શું કરી શકત ? એ બિચારા દુકાનદારની વાત કહો, જેણે રાતના બે વાગે દુકાન ખોલીને દવા દીધી."

ચોથો કહે, "આ વાતોમાં શું માલ છે ? આયુકર્મ જ હંમેશા બળવાન હોય છે. જો આયુ જ સમાપ્ત થઈ ગઈ હોત તો ધનવંતરિ જેવો વૈદ્ય પણ ન બચાવી શકત. આ બધી તો નિમિત્તની વાતો છે. જ્યારે જીવનશકિત જ સમાપ્ત થઈ જાય છે, ત્યારે બધા જ પ્રયત્ન નકામા થઈ જાય છે. મૃત્યુની આગળ કોઈના પ્રયત્નો નથી ચાલતા. જો પાડોશી, ડોક્ટર, મેડિકલ સ્ટોર્સવાળો તથા દવા જ બચાવતી હોત, તો ડોક્ટર વગેરેએ પોતાના સગા માં–બાપ તથા પ્રિય કુટુમ્બ– પરિવારને કેમ ન બચાવી લીધા ? બચાવી લેત ને તે તેઓને !"

પાંચમાએ કહ્યું , "અરે ભાઈ ! ચારેય વ્યકિતઓએ તો કેવળ પોતપોતાના વિકલ્પોની જ પૂર્તિ કરી છે, તેઓએ તો એને બચાવવામાં કાંઈ પણ કર્યું જ નહિ પણ આયુકર્મ પણ અચેતન છે, જડ છે, એ પણ જીવને જીવનદાન દેવામાં સમર્થ નથી. એ પેલા ચાર નિમિત્તોની જેમ જ છે. સાચી વાત તો એ છે કે તે દરદીના ઉપાદાનની યોગ્યતા જ એવી હતી કે જેને – જ્યાં – જ્યાં સુધી જે સંયોગોમાં પોતાની સ્વયંની યોગ્યતાથી રહેવાનું હતું, ત્યાં સુધી તે સંયોગોને અનુરૂપ એને ત્યાં તે રૂપે બધા બાહ્ય નિમિત્ત સહેજે મળતા ગયા. એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં તો કાંઈ કરતું જ નથી, દ્રવ્યોના સમય સમયના થવાવાળા પરિણમન પણ સ્વતંત્ર હોય છે. આવો જ પ્રત્યેક વસ્તુનો સ્વભાવ હોય છે.

આયુકર્મનો ઉદય પણ એક નિમિત્ત કારણ જ છે. નિમિત્ત તો અવશ્ય હોય છે, પણ તે કર્તા નથી. કાર્યના સમયે તેમની ઉપસ્થિતિ હોય છે, એટલે ક્યારેક કોઈને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મહત્ત્વ મળી જાય છે અને ક્યારેક કોઈને.વકતા દ્વારા જ્યારે જેને જેવી રીતે મુખ્ય કે ગૌણ કરવાનું હોય, કરી દે છે. વાસ્તવિક કારણ તો જીવની તે સમયની યોગ્યતા જ છે. બીજાં નિમિત્ત તો સમય પર મળી જ રહે છે.

કહેવાયું પણ છે : તાદૃશી જાયતે બુદ્ધિઃ વ્યવસાયશ્ચતાદૃશાઃ ।
સહાયતાસ્તાદૃશાઃ સંતિ યાદૃશી ભવિતવ્યતા ॥

અર્થાત્ જીવનું જે સમયે – જેવું – જે થવાનું હોય છે, તે રીતે જ બુધ્ધિ અથવા વિચાર ઉત્પન્ન થઈ જાય છે. પ્રયત્ન પણ એમ જ સહજ થવા લાગે છે, સહયોગીઓમાં એમ જ સહયોગ કરવા તથા દોડધામ કરવાની ભાવના બની જાય છે અને કાર્ય થઇ જાય છે; એટલે કારણોને ભેગાં કરવાની આકુળતા નહિ કરો.

જુઓ ! કારણોને મેળવવાની ના નથી કહીં, પરંતુ કારણ મેળવવાની આકુળતા ન કરવાનું કહ્યું છે.

જેને વસ્તુના સ્વતંત્ર પરિણમનમાં શ્રધ્ધા–વિશ્વાસ થઈ જાય છે, એને આકુળતા નથી હોતી. ભૂમિકાનુસાર જેવો રાગ હોય છે, તેવી વ્યવસ્થાઓનો વિકલ્પ તો આવે છે, પણ કાર્ય થવાથી અભિમાન ન થાય તથા કાર્ય ન થવાથી આકુળતા ન થાય; ત્યારે કારણ–કાર્ય વ્યવસ્થાનું સાચું જ્ઞાન થયું છે– એવું માનવામાં આવશે.

અહીં કોઈ એવું કહી શકે છે કે જો દવા અને ડોકટર કાંઈ નથી કરતા, તો લાખો ડોક્ટરો, કરોડો રૂપિયાનાં મેડિકલ સાધન બેકાર છે શું ? અને શું શાસનનું કરોડો રૂપિયાનું મેડિકલ બજેટ વ્યર્થ જ બરબાદ થઈ રહ્યું છે, પાણીમાં જઈ રહ્યું છે ?

એમ કોણે કહ્યું કે બધુ બેકાર છે ? હું તો એમ કહી રહ્યો છું કે, જ્યારે જે કાર્ય થવાનું હોય છે, ત્યારે એના અનુરૂપ બધાં નિમિત્ત મળે જ છે. કહેવાનો અર્થ એમ કે એક કાર્ય થવામાં અનેક કારણ હોય છે, પણ કથન કોઈ એક કારણની મુખ્યતાથી કરવામાં આવે છે, બીજાં કારણો ગૌણ રહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુખ્ય–ગૌણ કરીને કથન કરવાની આ જ તો વિભિન્ન અપેક્ષાઓ છે. પહેલા વ્યક્તિએ પાડોશીને મુખ્ય કર્યો, બીજાએ ડોકટરને, ત્રીજાએ દવાને મુખ્ય કરી અને ચોથાએ આયુકર્મને મુખ્ય કરી દીધું. આ જ કથન શૈલીને સ્યાદ્‌વાદ કહે છે.

અરે ભાઈ! જેની ભવિતવ્યતા બરાબર હોય, એને તો એક પછી એક અનુકૂળ નિમિત્ત પણ મળતાં જાય છે અને એનાં પરિણામોમાં વિશુદ્ધિ આવતી જાય છે, રુચિ વધતી જાય છે. નિમિત્ત તો આ પહેલાં પણ ઓછાં નથી મળ્યાં અને એમણે કેટલું સમજાવવાની કોશિશ કરી, પણ ક્યાં સમજ્યો? જ્યારે તત્ત્વજ્ઞાન થઈ જાય છે, તો કયારેક સત્સાહિત્યને શ્રેય આપે છે, કયારેક પોતાના મિત્રને ધન્યવાદ આપે છે, કયારેક પોતાના ભાગ્યને ધન્યવાદ આપે છે, તો કયારેક પોતાના ગુરુજીની પ્રશંસા કરે છે. આ પ્રકારે કયારેક કોઈને મુખ્ય કરે છે અને કયારેક બીજાને. જ્યારે કોઈ એકને મુખ્ય કરે છે, તો બાકીના કારણ આપોઆપ જ ગૌણ થઈ જાય છે.

આ જ વાત ણમોકાર મહામંત્ર સંબંધી પૌરાણિક વાર્તાઓના સંબંધમાં પણ સમજવી જોઈએ. અહીં સ્વર્ગાદિકની પ્રાપ્તિમાં પરિણામોની વિશુદ્ધિ આદિ કારણ તો અનેક છે, પણ પરમેષ્ઠીના શરણમાં પહોંચાડવાના પ્રયોજનથી ણમોકાર મંત્રને સાંભળવો – સંભળાવવાને મુખ્ય કર્યું છે અને બાકીનાં કારણોને ગૌણ કરી દીધા છે, જેથી બધા લોકો નરકાદિના ભય અને સ્વર્ગાદિ પ્રાપ્તિના પ્રલોભનથી પંચ પરમેષ્ઠીના શરણમાં આવે. અહીં આવ્યા પછી જ્યારે તેઓ અરહંતાદિકનું સ્વરૂપ સમજશે, તો એમને સ્વતઃ જ સાચો મોક્ષમાર્ગ મળી જશે અને સ્વર્ગાદિનાં ક્ષણિક સાંસારિક સુખોથી પણ વિરક્તિ થઈ જ જશે. □

**"શુધ્ધાતમ અરુ પંચગુરુ જગ મેં શરણા દોય,**
**મોહ ઉદય જિય કે વૃથા આન કલ્પના હોય."**

"વિશ્વમાં એક શુધ્ધાત્મા અને બીજું પંચ પરમેષ્ઠી જ સાચાં શરણ છે. જીવ મોહના ઉદયમાં વ્યર્થ જ બીજાં અન્ય શરણ શોધતો ફરે છે."

**–પંડિત જયચન્દ છાબડા**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# અભિમત

## મુનિરાજો, વિદ્વાનો તથા પાક્ષિક તેમજ માસિક પત્રિકાઓની દ્રષ્ટિમાં આ પ્રકાશન

- પંડિત રતનચંદ ભારિલ્લ દ્વારા લખાયેલ "ણમોકાર મહામંત્ર" પુસ્તક આગમ સમ્મત છે. અનેક ભ્રાંતિઓનાં નિરાકરણમાં પણ આ પુસ્તક ઉપયોગી છે. દરેકે આ પુસ્તકનો સ્વાધ્યાય અવશ્ય કરવો જોઈએ.

  **–આચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ**

- "ણમોકાર મહામંત્ર" નાં વિવિધ પાસાંઓ ઉપર ખુલાસાવાળું આ પુસ્તક ઘણું જ ઉપયોગી પ્રકાશન છે. લૌકિક કામના તથા જન્ત્ર–મન્ત્ર–તન્ત્ર પર અંધશ્રધ્ધા રાખવાવાળાઓને દિશા દર્શન કરાવવાવાળું આ પુસ્તક ઘરે–ઘરે પહોંચાડવું જોઈએ. **–ઉપાધ્યાય મુનિ શ્રી ચન્દ્રસાગરજી મહારાજ**

- "ણમોકાર મહામંત્ર" પુસ્તક હૃદયનાં દ્વાર ખોલવાવાળું પ્રકાશન છે. જૈન સમાજનાં સર્વ બાળક આ પુસ્તકને અવશ્ય વાંચે.

  **–મુનિ શ્રી સૂર્યસાગરજી મહારાજ**

- પં. શ્રી રતનચંદ ભારિલ્લે "ણમોકાર મહામંત્ર"નું સાંગોપાંગ વર્ણન આ પુસ્તકમાં કર્યું છે. લૌકિક ઝંખનાથી પંચ પરમેષ્ઠીનાં જાપ તથા પૂજન કરવા તથા અન્ય દેવી–દેવતાઓની ઉપાસના કરવાવાળાઓને ઇચ્છા રહિત જાપ તથા પૂજન શાથી કરવા જોઈએ? આ વિષયવસ્તુ પણ યોગ્ય પ્રકારે પ્રતિપાદન કરીને સમજાવ્યું છે. મુખપૃષ્ઠ પર ઓંકારમાં પંચ પરમેષ્ઠીનું ચિત્ર આકર્ષણ પેદા કરે છે. આ પ્રકાશન અતિ ઉત્તમ છે.

  **–બ્ર. પં. જગન્મોહનલાલ શાસ્ત્રી,** કટની.

- અનેક ભ્રાંત ધારણાઓને સમાપ્ત કરવાનાં સામર્થ્યવાળું આ લઘુકાય પ્રકાશન સર્વ જૈનો માટે વાંચવા યોગ્ય છે. એમાં દર્શાવેલ મંગળ, ઉત્તમ તથા શરણની વ્યાખ્યા અત્યંત ઉપયોગી છે. સાદિ–અનાદિની અપેક્ષાઓને તર્કપૂર્વક સમજાવાઈ છે. સ્વયં શંકાઓ ઉઠાવીને સમાધાન કરવાની પદ્ધતિનો ઘણો સુંદર પ્રયોગ કર્યો છે. આ પુસ્તક દરેક વ્યકિતના હાથમાં પહોંચે, એવી મારી ભાવના છે. **–બ્ર. યશપાલ જૈન,** એમ. એ., જયપુર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



- આ કૃતિમાં ણમોકાર મંત્ર ઉપર બધાં પાસાંઓને આવરીને દરેક દૃષ્ટિએ પૂરી મહેનત તથા આગમ સમ્મત સર્વાંગ વિવેચન પ્રસ્તુત કર્યું છે. ખરેખર, આજના યુગમાં જ્યારે ણમોકાર મંત્ર જેવા લોકોત્તર મંત્રનો ઉપયોગ કેવળ ભૌતિક રહી ગયો છે, ત્યારે આવાં પ્રકાશનની અત્યંત આવશ્યકતા હતી. આશા છે કે, લૌકિક ઇચ્છા માટે સમાજમાં થઈ રહેલા ણમોકાર મંત્રના દુરુપયોગને આ પ્રકાશનથી સાચી દિશા મળશે. **—બાબુ જુગલકિશોર 'યુગલ', કોટા**

- સરળ તથા સુબોધ ભાષામાં લખાયેલું આ પુસ્તક ખરેખર સુંદર લાગ્યું.
  **—ડૉ. પન્નાલાલ સાહિત્યાચાર્ય, સાગર**

- પ્રાથમિક અભ્યાસીઓ માટે આ પુસ્તક ઉપાદેય છે.
  **—ડૉ. દરબારીલાલ કોઠિયા, બીના**

- ણમોકાર મંત્ર સાથે જોડાયેલી અનેક ભ્રાંત ધારણાઓનું ઉચિત સમાધાન કરાવવા– વાળી તથા ણમોકાર મંત્રમાં દર્શાવેલ પંચ પરમેષ્ઠીઓનાં સ્વરૂપ પર સમ્યક્ (સાચો) પ્રકાશ ફેલાવનારી આ લઘુપુસ્તિકા ઘરે–ઘરે પહોંચાડવી જોઈએ. જેના કારણે દરેક વ્યક્તિ ણમોકાર મંત્રના સાચા મહિમાથી પરિચિત થાય. મુમુક્ષુ મહાનુભાવોની તો વિશેષ જવાબદારી છે કે, યથાસંભવ આ પ્રકાશન ઘરે–ઘરે પહોંચાડે. **—ડૉ. હુકમચન્દ ભારિલ્લ,**
  સમ્પાદક – વીતરાગ વિજ્ઞાન, જયપુર

- પંડિત રતનચંદ ભારિલ્લ દ્વારા રચિત "ણમોકાર મહામંત્ર" પુસ્તક વાંચ્યું. પંચ પરમેષ્ઠી પર આવું જ્ઞાનવર્ધક પુસ્તક પ્રકાશિત કરવા બદલ વધાઈ.
  **—અક્ષયકુમાર જૈન,**
  ભૂ. પૂ. સમ્પાદક, નવભારત ટાઈમ્સ, દિલ્હી

- "ણમોકાર મહામંત્ર" વાસ્તવમાં યથાર્થ મંત્ર છે. પં. રતનચંદ ભારિલ્લજીએ સંક્ષિપ્ત તથા સ્મરણીય વિવેચન કરીને આ પ્રકાશનને લોકોપયોગી બનાવ્યું છે, એમાં કોઈ સંદેહ નથી. **—ડૉ. દેવેન્દ્રકુમાર શાસ્ત્રી, નીમચ**

- પં. રતનચંદ ભારિલ્લ કૃત્ "ણમોકાર મહામંત્ર" પુસ્તક સારું છે. સરળ અને સુબોધ શૈલીમાં લખાયેલું હોવાથી લોકોપયોગી થશે.
  **—ડૉ. જ્યોતિપ્રસાદ જૈન, લખનઉ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



- જિનધર્મમાં આત્મિક ગુણોની વંદનાનું વિધાન છે. આવા આત્મિક ગુણોનું ગુણધામ પંચ પરમેષ્ઠી છે. આ ગુણોનાં ચિંતન માટે જ મંત્ર બન્યો છે. જેનું આદિ રૂપ પ્રાકૃત ભાષામાં વિદ્યમાન છે. આનું સંક્ષિપ્ત રૂપ 'ૐ' શબ્દમાં વ્યાપ્ત છે. વિદ્વાન લેખક શ્રી ભારિલ્લજીએ આ તાત્ત્વિક વાતોનું આ ગ્રંથમાં સુંદર વિશ્લેષણ કર્યું છે. **–ડૉ. મહેન્દ્રસાગર પ્રચન્ડિયા, અલીગઢ**

- પુસ્તક આદ્યોપાંત વાંચી પ્રસન્નતા થઈ, આરાધ્યની ઓળખાણ આરાધના માટે આવશ્યક છે. જનસાધારણ માટે આ પુસ્તકનું પ્રકાશન સમયને અનુકૂળ છે. લેખકે સરળ–સુબોધ ભાષામાં, હિત–મિત–પ્રિય વાણીથી પુસ્તકને સુંદર સ્વરૂપ આપ્યું છે. સમાજ આનું સ્વાગત કરશે, એવો મારો વિશ્વાસ છે.
**–ડૉ. કસ્તૂરચંદ સુમન, શ્રીમહાવીરજી**

- આ "ણમોકાર મહામંત્ર" પુસ્તક પ્રત્યેક ભવ્ય મુમુક્ષુને આત્મોદ્ધાર માટે અત્યંત ઉપયોગી છે. લેખક મહોદયે આ પુસ્તકની રચના કરી દિગમ્બર જૈન સાહિત્યની શોભા વધારી છે. **–પં. નરેન્દ્રકુમાર ભિસીકર શાસ્ત્રી, સોલાપુર**

- પુસ્તક ઘણું જ સુંદર છે. લેખકે ઘણી જ મહેનત કરી છે. તે માટે મારી શુભેચ્છા છે. **–પં. રતનલાલ કટારિયા, કેકડી**

- આ લઘુકાય પુસ્તકમાં ણમોકાર મહામંત્રની વિસ્તૃત તથા વ્યવસ્થિત વ્યાખ્યા કરવામાં આવી છે. જૈનો જ નહિ, જૈનેતર જિજ્ઞાસુઓને પણ આ મહામંત્રનો અર્થ, અભિપ્રાય અને માહાત્મ્યને સમજવામાં આ પુસ્તક ચોક્કસ મદદરૂપ થશે જ.

  ખરેખર, કષાયાદિ રોગોથી છુટકારો મેળવવા માટે તથા આધ્યાત્મિક આંગણાંમાં વિચરણ કરવા માટે આ લઘુકાય, આકર્ષક આવરણવાળું તથા મોહક મુદ્રણકળાવાળું આ પુસ્તક "ફર્સ્ટ એઇડ બોક્સ" નું કામ કરશે. વિદ્વાન લેખકનો પરિશ્રમ સાર્થક છે.

  **–ડૉ. આદિત્ય પ્રચન્ડિયા 'દીતિ', અલીગઢ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



- "ણમોકાર મહામંત્ર" પુસ્તકનું પ્રકાશન ખરેખર 'ગાગરમાં સાગર' ઉક્તિને ચરિતાર્થ કરે છે. પ્રખ્યાત વિદ્વાન લેખકે પંચ પરમેષ્ઠિઓનાં સ્વરૂપાદિ પર તો પ્રકાશ પાડયો છે જ, સાથે સાથે ણમોકાર મંત્રને સંબંધી દરેક દષ્ટિકોણને સ્પર્શ કરતું ઉપયોગી વિવેચન પણ રજૂ કર્યું છે. પૂર્ણ પ્રકાશન મનનીય તથા સંગ્રહ કરવા જેવું છે. —ડો. દામોદર શાસ્ત્રી, અધ્યક્ષ, જૈનદર્શન વિભાગ લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ, નવી દિલ્હી—૧૬

- આ પુસ્તક સર્વસાધારણને 'ણમોકાર મહામંત્ર' વિશે જાણકારી દેવા હેતુ અત્યંત ઉપયોગી છે. ભારિલ્લજીની સમજાવવાની શૈલી સારી છે. જે કંઈ પણ લખ્યું છે તે આગમોના આધારથી લખ્યું છે. જિન—પૂજન રહસ્ય પ્રકાશનની માફક આ પુસ્તક પણ અત્યંત લોકપ્રિય થશે.

  —ડો. રમેશ જૈન, સમ્પાદક—પાર્શ્વજ્યોતિ, બિજનૌર

- ણમોકાર મંત્ર પર સર્વાંગિણ અધ્યયન પ્રસ્તુત કરવાવાળું, સરળ ભાષામાં આ એક ઉપયોગી પુસ્તક છે. જેમાં ણમોકાર મંત્ર તથા પંચ પરમેષ્ઠીનાં સ્વરૂપનું વિસ્તારથી વિવેચન કર્યું છે. સાથે સાથે મંત્રનું માહાત્મ્ય, શબ્દ શક્તિ, પાઠ ભેદ વગેરે પાસાંઓ ઉપર પણ વિવેચન કર્યું છે. અંધશ્રધ્ધા તથા પ્રચલિત ભ્રાંતિઓ દૂર કરતા વિષયવસ્તુનું વાસ્તવિક સ્વરૂપ સમજાવવાનો આ પુસ્તકમાં સુંદર પ્રયત્ન થયો છે. લઘુકાય એવું આ પ્રકાશન અત્યંત ઉપયોગી છે.

  —જૈન જગત (માસિક) જાન્યુઆરી, ૧૯૮૮

- 'ણમોકાર મહામંત્ર' એક એવું પ્રકાશન છે, જે આબાલ—વૃદ્ધ દરેકે મનોયોગપૂર્વક વાંચવું જોઈએ. પુસ્તકમાં મહામંત્રનું માહાત્મ્ય બતાવતાં 'સર્વ પાપૈઃ પ્રમુચ્યતે'નું સારું એવું સ્પષ્ટિકરણ કર્યું છે, જે ખરેખર ધ્યાન દેવા યોગ્ય છે.

  —પ્રો. ઉદયચંદ્ર જૈન, સર્વદર્શનાચાર્ય, વારાણસી

- પં. રતનચંદ ભારિલ્લે ણમોકાર મંત્ર પર સર્વાંગીણ વિવેચન કરીને એક આવકારદાયક કાર્ય કર્યું છે. જેનાથી આ મંત્ર સંબંધી ભ્રાંતિઓ દૂર થશે તથા સમ્યક્બોધ પણ થશે.

  —સુદર્શનલાલ જૈન, રીડર, સંસ્કૃત વિભાગ, બી. એચ. યૂ., વારાણસી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



- 'ણમોકાર મહામંત્ર' પુસ્તકમાં વિષય શોધ પૂર્ણ તથા સારગર્ભિત છે. આ પુસ્તકમાં 'ૐ' તથા 'પરમેષ્ઠી'નું સ્વરૂપ સમજાવી લેખકે મુમુક્ષુઓ માટે મોક્ષમાર્ગ તથા સાધકોને માટે સાધનાનું સાચું સ્વરૂપ બતાવીને આત્મહિત માટે પ્રવૃત્ત થવા હેતુ પ્રેરણા આપી છે. આ પુસ્તકની ભાષા ભાવને અનુકૂળ છે.

  —ડો. રાજેન્દ્ર બંસલ, અમલાઈ

- આ પુસ્તક પ્રત્યેક જૈને વાંચવું જોઈએ, જેથી ણમોકાર મંત્રની પ્રભાવકતાના સંબંધમાં પ્રચલિત અંધશ્રધ્ધા દૂર થઈ, સાચી શ્રધ્ધા પેદા થશે.

  —બિરધીલાલ સેઠી, જયપુર

- 'ણમોકાર મહામંત્ર' વિષય ઉપર આવું ગંભીર વિવેચન પહેલા ક્યારેય વાંચવા મળ્યું નથી. મંત્ર–તંત્ર સંબંધી ભ્રાતિઓનાં નિરાકરણ માટે લેખકે પૂરતો પરિશ્રમ કર્યો છે. પંચ પરમેષ્ઠીના સાચા સ્વરૂપનું દિગ્દર્શન કરાવવાવાળી આ અનુપમ કૃતિ છે.

  —અખિલ બંસલ, સમ્પાદક—માર્મિક ધારા, જયપુર

## પૂજ્યત્વનું કારણ

અરહંતાદિકનું સ્વરૂપ વીતરાગ–વિજ્ઞાનમય છે, એ વડે જ અરહંતાદિક સ્તુતિયોગ્ય મહાન થયા છે. કારણ જીવતત્ત્વથી તો સર્વ જીવો સમાન છે, પરંતુ રાગાદિ વિકાર વડે વા જ્ઞાનની હીનતા વડે તો જીવ નિંદાયોગ્ય થાય છે તથા રાગાદિકની હીનતા વડે વા જ્ઞાનની વિશેષતા વડે સ્તુતિયોગ્ય થાય છે. હવે અરહંત – સિદ્ધને તો સંપૂર્ણ રાગાદિકની હીનતા તથા જ્ઞાનની વિશેષતા થવાથી સંપૂર્ણ વીતરાગ–વિજ્ઞાનભાવ સંભવે છે તથા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને એકદેશ રાગાદિકની હીનતા તથા જ્ઞાનની વિશેષતાથી એકદેશ વીતરાગ–વિજ્ઞાન સંભવે છે–માટે એ અરહંતાદિક સ્તુતિ યોગ્ય મહાન જાણવા.

— મોક્ષમાર્ગપ્રકાશક, પાના સં. ૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## આદા હુ મે સરણં : આત્મા હી હૈ શરણ

અરુહા સિદ્ધાયરિયા ઉજ્ઝાયા સાહુ પંચ પરમેટ્ઠી।
તે વિ હુ ચિટ્ઠહિ આદે તમ્હા આદા હુ મે સરણં ॥૧૦૪॥

— અષ્ટપાહુડ : મોક્ષપાહુડ, આ. કુન્દકુન્દ

અરહંત સિદ્ધાચાર્ય પાઠક સાધુ હૈં પરમેષ્ઠી પણ,
સબ આતમા કી અવસ્થાયેં આતમા હી હૈ શરણ.

—પદ્યાનુવાદ : ડૉ. ભારિલ્લ

## મેરે ચારોં શરણ સહાઈ

જૈસે જલધિ પરત વાયસ કો, વોહિત[૧] એક ઉપાઈ.
મેરે ચારોં શરણ સહાઈ. ૧

પ્રથમ શરણ અરહંત ચરણ કી, સુરનર પૂજત પાઈ,
દ્વિતીય શરણ શ્રી સિદ્ધન કેરી, લોક તિલકપુર રાઈ.
મેરે ચારોં શરણ સહાઈ. ૨

તીજે શરણ સર્વ સાધુનિ કી, નગન દિગમ્બર કાઈ,[૨]
ચૌથે ધર્મ અહિંસા રૂપી, સુરગ–મુક્તિ સુખદાઈ.
મેરે ચારોં શરણ સહાઈ. ૩

દુર્ગતિ પરત સુજન–પરિજન પૈ, જીવ ન રાખ્યો જાઈ,
ભૂધર સત્ય ભરોસો ઇનકો, યે હી લેહિ બચાઈ.
મેરે ચારોં શરણ સહાઈ. ૪

૧. જહાજ    ૨. દેહ

# મંત્ર જપો ણમોકાર

અરહંતોં કા વન્દન કર લો, પરમાતમ સે પરિચય કર લો,
પંચપ્રભુ કા સુમરન કર લો, પરમેષ્ઠી સુખકાર.
ભવિજન, મંત્ર જપો ણમોકાર. ૧

સિદ્ધ પ્રભુ કા ધ્યાન લગા લો, સિદ્ધ સમાન સ્વયં કો ધ્યાલો,
સિદ્ધ સમાન સ્વયં બન જાઓ, શિવસુખ સાધનહાર.
ભવિજન, મંત્ર જપો ણમોકાર. ૨

આચાર્યોં કો શીશ નવાઓ, ઉનકી મહિમા મન મેં લાઓ,
ઉનકે પદ ચિહ્નોં કો પાઓ, મુક્તિમાર્ગ આધાર.
ભવિજન, મંત્ર જપો ણમોકાર. ૩

ઉપાધ્યાય સે શિક્ષા લે લો, દ્વાદશાંગ કા સાર સમજ લો,
કોટિગ્રંથ કા સાર એક લો, સમયસાર અવિકાર.
ભવિજન, મંત્ર જપો ણમોકાર. ૪

સર્વસાધુ કી ચરણ–શરણ લો, રત્નત્રય આરાધન કર લો,
નિર્ગ્રન્થોં કા પથ અપના લો, જન્મ–મરણ ક્ષયકાર.
ભવિજન, મંત્ર જપો ણમોકાર. ૫

# સ્વકીય

ભાષા એ લોકસંપર્કનું સર્વશ્રેષ્ઠ મહત્ત્વનું માધ્યમ હોય છે. આપણે કોઈ પણ જ્ઞાનને આપણી પોતાની માતૃભાષામાં જેટલું સારી રીતે સમજી-વિચારી શકીએ છીએ, એટલું કોઈ પણ બીજી ભાષા દ્વારા સમજી-વિચારી શકતા નથી. કદાચ, આ જ એવું કારણ છે, જેને લીધે 'ટોડરમલ સ્મારક ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત અનેક પ્રકાશનોનો ભાવાનુવાદ વિભિન્ન ભાષાઓ દ્વારા થઈ શક્યો છે.

સાચેસાચ, 'ણમોકાર મહામંત્ર' એ જૈન શ્રમણ સંસ્કૃતિની એક એવી અપૂર્વ નિધિ છે, જે જૈન હોવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરનાર પ્રત્યેક આબાલવૃદ્ધને કંઠસ્થ હોય છે. આ મહામંત્રની ઉપયોગિતા, મહત્તા તથા ગહનતાને શબ્દો દ્વારા વ્યક્ત કરવાનું કાર્ય એટલું સરળ-સહજ નથી. આચાર્ય પંડિત રતનચંદજી ભારિલ્લે આ કાર્યને અતિ સરળ અને સુબોધ શૈલીમાં પ્રસ્તુત કરવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો અને આ પુસ્તકની અત્યધિક લોકપ્રિયતાને અનુભવીને તેમના આ પુસ્તકનો ગુજરાતી ભાષામાં ભાવાનુવાદ કરવાનું સત્કાર્ય મને ગુરુજનો તરફથી સોંપવામાં આવ્યું. ગુજરાતી ભાષા પર, મારી માતૃભાષા હોવાને કારણે, જે અધિકાર-યોગ્યતા મને મળ્યાં હોવા પછી પણ તેનો સુજ્ઞ અનુભવ ન હોવાને લીધે પહેલાં તો હું થોડો મુંઝાયો, પણ ગુરુઆજ્ઞા સમજીને તેમની જ પ્રેરણા પ્રાપ્ત કરીને મેં આ શુભ કાર્ય કરવાની જવાબદારી સંભાળી લીધી.

ભાષા સંબંધી શુદ્ધિકરણ માટે આદરણીય પ્રા. શ્રી નલીનભાઈ પટેલ તથા પ્રા. શ્રી હેમુભાઈ દવે મારે માટે વરદાનરૂપ સાબિત થયા.

તે ઉપરાંત, મારા અનન્ય મિત્ર કુમાર અનેકાન્ત જૈન, શીતલ તુરખિયા, વિક્રાન્તજી શાહ અને બીજા સર્વ સહયોગીઓનો તથા મારા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વડીલ બંધુ શ્રી રાજીવ મહેતાનો પણ હાર્દિક આભાર આ તકે માનું છું, જેમણે પ્રૂફ રીડિન્ગ, પ્રકાશનોપયોગી અન્ય અનેક કાર્યોમાં મને પૂર્ણ સહકાર- પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યાં હતાં.

હકીકતમાં આવું ભગીરથ કાર્ય કર્યા બદલ હું મને પોતાને પણ ધન્ય-કૃતાર્થ અનુભવી રહ્યો છું. કેમકે, સૌ પ્રથમ તો એ મારું સદ્ભાગ્ય હતું કે, જેણે મને આવું શુભ કાર્ય અપાવ્યું. બીજું, આવા સત્કાર્ય દરમિયાન મને જે શિક્ષણ મળ્યું તથા આગળ ઉપર લગાતાર આવા પ્રકારનાં સત્કાર્યો કરતાં રહેવાની પ્રેરણા આમાંથી મળી, તે અન્યત્ર દુર્લભ હતી. 'શ્રી ટોડરમલ દિગમ્બર જૈન સિદ્ધાન્ત મહાવિદ્યાલય', તેનું છાત્રાલય તથા તે સંસ્થામાં વહેતી જ્ઞાનગંગા તથા અધ્યાત્મનું સહજ ગમ્ય વાતાવરણ આવા શુભ કાર્ય પાછળની મારી આધારશિલા છે. જો આ સંસ્થાનો વિદ્યાર્થી હોવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત ન થયું હોત, તો જિનેન્દ્ર ભગવાન તરફની ઉત્કટ શ્રદ્ધા અને જિનવાણીના પ્રસાર-પ્રચારની ભાવનાનો મારા મનમાં પ્રાદુર્ભાવ પણ સંભવિત ન થાત.

મેં સંપૂર્ણ અનુવાદ પૂરેપૂરી કુશળતા, સ્વવિવેક અને યથાસામર્થ્ય જ્ઞાન પ્રમાણે, મારી પોતાની પૂરી શ્રમસાધનાથી કર્યો છે. તોપણ કયાંક ને કયાંક કોઇ ત્રૂટિ-ક્ષતિ-ભૂલ રહી ગઇ હોય, તો તેને માટે અભ્યાસુ જિન ભક્તોને મારું વિનમ્ર નિવેદન છે કે, તેઓ એને સુધારીને તેનો સ્વાધ્યાય-અધ્યયન કરે અને બીજું, પત્રવ્યવહાર દ્વારા અવશ્ય મને સૂચિત કરે, જેથી આના પછીનાં પ્રકાશન-આવૃત્તિમાં એ સુધારા સમાવી લઈ શકાય. અસ્તુ.

જય જિનેન્દ્ર.

આદિનાથ જન્મ જયંતી
ચૈત્ર વદ નવમી, વીર સંવત-૨૫૨૨
વિ. સં. ૨૦૫૨ તા. ૧૨-૪-૧૯૯૬

**મેહુલ હસમુખરાય મહેતા**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માગશર વદ આઠમ, તા. ૨૧ નવેમ્બર, ૧૯૩૨ ના રોજ લલિતપુર (ઉ. પ્ર.) જિલ્લાના બરૌદાસ્વામી ગામમાં જન્મેલા પંડિત રતનચન્દ ભારિલ્લ શાસ્ત્રી, ન્યાયતીર્થ, એમ. એ., બી. એડ. થયેલા બહુશ્રૂત વિદ્વાન છે.


'ણમોકાર મહામંત્ર', 'જિનપૂજન રહસ્ય', 'વિદાઈ કી બેલા', 'સંસ્કાર' (કથાનક), 'સામાન્ય શ્રાવકાચાર', 'બનારસીદાસ : જીવન ઔર સાહિત્ય' તથા 'બાલબોધ પાઠમાલા (ભાગ–૧)' તેમની મૌલિક રચનાઓ છે. તેની અનેક આવૃત્તિઓમાં તથા અનુવાદિત થઈને ગુજરાતી, મરાઠી, કન્નડ અને તમિલ ભાષાઓમાં પણ પ્રકાશન પામી છે.

ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સમયસારાદિ ગ્રન્થો પર થયેલ પ્રવચનોનું અઢી હજારથી પણ વધારે પાનાંઓનું આપશ્રીએ કરેલ ગુજરાતીથી હિન્દી અનુવાદ 'પ્રવચન રત્નાકર ભાગ ૧ થી ૭' તથા 'ભક્તામર પ્રવચન'ના રૂપમાં પ્રકાશિત થયાં છે.

'ગાગર મેં સાગર', 'પદાર્થવિજ્ઞાન', 'અહિંસા કે પથ પર' (વાર્તા સંગ્રહ), તથા 'અહિંસા મહાવીર કી દ્રષ્ટિ મેં' તેમના દ્વારા સંપાદિત રચનાઓ છે.

'બૃહજ્જિનવાણી સંગ્રહ', 'સમયસાર નાટક', 'પુરુષાર્થસિદ્ધ્યુપાય', 'ભક્તામર પ્રવચન', 'ગાગર મેં સાગર' તથા 'આચાર્ય કુન્દકુન્દ ઔર ઉનકે ટીકાકાર –વગેરે ગ્રંથોની શોધ–ખોજ તે વિષયક વિગતપૂર્ણ પ્રસ્તાવનાઓ આપશ્રીએ લખેલ છે.

તેઓશ્રી ૧૯૭૭ થી "જૈનપથ પ્રદર્શક" ના યશસ્વી સમ્પાદક તથા ૧૯૭૯ થી શ્રી ટોડરમલ દિગમ્બર જૈન સિધ્ધાન્ત મહાવિદ્યાલય, જયપુરના પ્રધાન અધ્યાપક છે. તેઓશ્રી પ્રશિક્ષણ શિબિરોનાં વરિષ્ઠ અધ્યાપક તેમજ એક પ્રૌઢ પ્રવચનકાર પણ છે.







Please inform us of any errors on rajesh@AtmaDharma.com